# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ૮. મલાવ (વલસાડ જિલ્લો)


: અહેવાલ લેખન :

ગૌરીશ પંડ્યા

: સંપાદન :

ઠા. ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૧


78

# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

૮. મલાવ (વલસાડ જિલ્લો)

**સંપાદન**

ઠા. ભા. નાયક

**અહેવાલ લેખન**

ગૌરીશ પંડ્યા

**શોધન**

રાસબિહારી લાલ
કનુભાઈ નાયક
મુસ્તાઅલી મસવી
ગૌરીશ પંડ્યા
દિલીપ દવે

**કોષ્ટકીકરણ**

કનુભાઈ નાયક
મુસ્તાઅલી મસવી
ગૌરીશ પંડ્યા
અરૂણ પટેલ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૧

78

# અ નુ ક્ર મ ણિ કા

| અ.નં. | | પા.નં. |
| --- | --- | --- |
| ૧. | પ્રાસ્તાવિક ..... | |
| ૨. | પ્રકરણ - ૧ વિસ્તાર અને વસ્તી | ૧ થી ૫ |
| ૩. | પ્રકરણ - ૨ ભૌતિક જીવન | ૬ થી ૧૫ |
| ૪. | પ્રકરણ - ૩ સામાજિક જીવન | ૧૬ થી ૭૦ |
| ૫. | પ્રકરણ - ૪ ધાર્મિક જીવન | ૭૧ થી ૭૯ |
| ૬. | પ્રકરણ - ૫ આર્થિક જીવન ૧૯૭૦ | ૮૦ થી ૧૦૩ |
| ૭. | પ્રકરણ - ૬ ૧૯૮૦ મા દેખાતા પરિવર્તનો | ૧૦૪ થી ૧૩૦ |
| ૮. | પ્રકરણ - ૭ સૂચનો | ૧૩૧ થી ૧૩૪ |

oooooo
oooooo

# અ નુ ક્ર મ ણિ કા


| અ.નં. | | પા.નં. |
|---|---|---|
| ૧. | પ્રાસ્તાવિક ..... | |
| ૨. | પ્રકરણ - ૧ વિસ્તાર અને વસ્તી | ૧ થી ૫ |
| ૩. | પ્રકરણ - ૨ ભૌતિક જીવન | ૬ થી ૧૫ |
| ૪. | પ્રકરણ - ૩ સામાજિક જીવન | ૧૬ થી ૭૦ |
| ૫. | પ્રકરણ - ૪ ધાર્મિક જીવન | ૭૧ થી ૭૯ |
| ૬. | પ્રકરણ - ૫ આર્થિક જીવન ૧૯૭૦ | ૮૦ થી ૧૦૩ |
| ૭. | પ્રકરણ - ૬ ૧૯૮૦ માં દેખાતાં પરિવર્તનો | ૧૦૪ થી ૧૩૦ |
| ૮. | પ્રકરણ - ૭ સૂચનો | ૧૩૧ થી ૧૩૪ |


oooooo
oooooo

# " મલાવ ગામના વારલીઓની સામાજિક આર્થિક તપાસ "

## પ્રાસ્તાવિક :

## તપાસનો ઉદ્દેશ્ય :

ગુજરાતમાં અનુસૂચિત જનજાતિઓનું પ્રમાણ કુલ વસ્તીમાં ૧૩.૯૯ ટકા છે. તેમાંથ જુદી/૨૮ અનુસૂચિત જનજાતિઓનો વસવાટ ગુજરાતમાં છે. જેમાંથી દસ જાતિઓ એવી છે કે જેની વસ્તી એક લાખ કરતાં વધુ છે. આવી એક લાખ કરતાં વધુ વસ્તી ધરાવતી અનુસૂચિત જનજાતિઓના સાંસ્કૃતિક અભ્યાસો કરવાનું ૧૯૬૯ માં નકકી કરી જુદા જુદા વિસ્તારોમાંથી જે તાલુકામાં વધુ સંખ્યામાં એક લાખ કરતા વધુ વસ્તીવાળી જાતિઓ હોય તે તાલુકો પસંદ કરી તેનો સામાજિક આર્થિક અભ્યાસ કરવો તે મુજબ "વારલી" જાતિનો અભ્યાસ ૧૯૭૦ માં ઉંબરગામ તાલુકાના "મલાવ" ગામમાં કરવામાં આવ્યો હતો. જેના પ્રાથમિક અહેવાલો લખાયેલ હતા પણ તે જ ગામ અને તે જ કુટુંબોમાં દસ વર્ષમાં આર્થિક ક્ષેત્રે કેટલું અને કેવું પરિવર્તન આવ્યું તેનો અભ્યાસ કરવાનું સૂચન કેન્દ્રના નિયામકશ્રી ઠાકોરભાઇ નાયકે કર્યું અને તે મુજબ ૧૯૬૯-૭૦ માં જે ગામોનો અભ્યાસ કર્યો હતો તેજ ગામનો અને તેજ કુટુંબોનો અભ્યાસ ૧૯૭૯-૮૦ માં કરવામાં આવ્યો. જે દ્વારા તે ગામમાં ૧૯૬૯-૭૦માં જે તે કુટુંબોની સ્થિતિ હતી તેમાં વિકાસના આટલા પ્રયત્નો બાદ છેલ્લા દસ વર્ષમાં કયાં કયાં નોંધપાત્ર આર્થિક અને સામાજિક પરિવર્તનો આવ્યાં છે તે તપાસવામાં આવ્યું છે.

## તપાસ પધ્ધતિઓ :

આ તપાસ માટે ૧૯૬૯-૭૦ માં મલાવ ગામમાં જે કુલ ૧૮૪ કુટુંબો હતાં. જેમાંથી ટકા વારલીનાં ૧૭૯ કુટુંબો અને ધોડિયાનાં ૩૩ કુટુંબોમાંથી ૩૩/પ્રમાણે નિયમિત અંકન પધ્ધતિ દ્વારા વારલીનાં ૪૬ કુટુંબો અને ધોડિયાનાં ૧૧ કુટુંબો નમૂનામાં પસંદ થયાં હતાં. એમનો અભ્યાસ કરવામાં આવ્યો હતો તેજ કુટુંબોનો અભ્યાસ ૧૯૮૦ માં કરવામાં આવ્યો, પણ તેજ કુટુંબો અભ્યાસમાં લેવાનાં હોવાથી કેટલાક કુટુંબના મુખ્ય માણસોનાં મૃત્યુ થવાથી અને કેટલાક કુટુંબો ગામ છોડી અન્ય જગ્યાએ મજૂરી માટે ચાલ્યાં ગયાં હોવાથી તે કુટુંબો છોડી દીધાં હતાં. તેથી વારલીનાં ૪૬ કુટુંબોમાંથી ૩૩ કુટુંબો અને ધોડિયા જાતિનાં ૧૧ કુટુંબોમાંથી ૯ કુટુંબોનો સંપર્ક સાધી શકાયો હતો.

તપાસ પધ્ધતિઓમાં ૧૯૭૦ માં જે પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેજ પધ્ધતિઓ દ્વારા ૧૯૮૦ માં પણ અભ્યાસ કર્યો હતો. વ્યક્તિગત મુલાકાતો લઇ કુટુંબદીઠ અનુસૂચિ ભરવામાં આવી હતી. તે ઉપરાંત અન્ય માહિતી માટે સહભાગી અવલોકન, મુલાકાત તથા એકમ અધ્યયન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ ગામ વારલીઓના અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યુ હતુ છતાં ગામમાં રહેતાં ધોડિયા કુટુંબમાંથી અગિયાર કુટુંબોને આવરી લીધાં હતાં. છતાં મુખ્યત્વે આ અહેવાલમાં વારલી જાતિને કેન્દ્ર સ્થાને રાખી ચર્ચા કરવામાં આવી છે.

XXXXXXXXX

# પ્રકરણ - ૧

===========

:

## વિસ્તાર અને વસ્તી

### ભૌગોલિક પરિસ્થિતિ :

વલસાડ જિલ્લાનો સૌથી દક્ષિણનો તાલુકો ઉમરગામ છે. ગુજરાત રાજ્ય મહારાષ્ટ્ર રાજ્યથી ૧લી મે ૧૯૬૦ માં જુદુ પડયુ ત્યારે થાણા જિલ્લાના ઉંબરગામ તાલુકામાંથી ૫૦ ગામો ગુજરાતના પારડી તાલુકામાં જોડાયાં હતાં. આ નવનિર્મિત વિસ્તારને ઉંબરગામ તાલુકો નામ આપવામાં આવ્યુ.

ઉંબરગામ તાલુકાની ઉત્તરે દમણ અને પારડી તાલુકા, દક્ષિણે થાણા જિલ્લો પૂર્વે નગર હવેલી અને થાણા જિલ્લો, પશ્ચિમે દરિયો આવેલો છે. વિસ્તાર ૩૬૧ ચો.કિ.મી. નો છે. જેમાં પૂર્વ - પશ્ચિમ પહોળાઇ ૨૪ કિ.મી. છે.

ઉંબરગામ તાલુકામાં "કાળુ" અને "વેરોળી" નદીઓ મુખ્ય છે. તેમજ ઇન્દ્રગઢ, જોગંખેડો, ટાલિયો અને લાકડીઆ ડુંગરો આવેલા છં.

તાલુકાની આબોહવા દરિયાને લીધે સમધાત છે, તાલુકામાં દરિયા કિનારે ખારાપાટનાં મેદાનો છે તે સિવાયની જમીન ખાડા-ટેકરા અને ઢાળવાળી છે. તાલુકામાં વરસાદ ૬૦ થી ૧૨૦ ઇંચ સુધી થાય છે.

૧૯૬૯ માં જ્યારે અભ્યાસ હાથ ધર્યો ત્યારે આ તાલુકામાં ઉદ્યોગોનો વિકાસ થયો ન હતો પણ ૧૯૭૯-૮૦ માં ઉંબરગામ તાલુકામાં અનેક પ્રકારના ઉદ્યોગોનો વિકાસ જોવા મળયો હતો.

જેમાં નાના-મોટા અનેક પ્રકારના કલરના, રસાયનો, દવાઓ, પ્લાસ્ટીક આદિના કારખાના થયેલ છે. આ ઉપરાંત આ વિસ્તારમાં શાક-ભાજી, ચીકુ અને કેરીનો પાક પણ થાય છે.

દરિયા કિનારાને કારણે મચ્છી ઉદ્યોગ અને મીઠાના ઉદ્યોગનો અત્યારે સારો વિકાસ થયેલો જોવા મળયો હતો.

મલાવ :

----

ઉંબરગામ તાલુકામાં કુલ ૪૯ ગામો છે. મલાવ ઉંબરગામથી ૧૨ કિ.મી. દૂર છે. મલાવ ગામ ૧૯૬૦ સુધી જુના મુંબઇ રાજયના થાણા જિલ્લામાં હતુ. આ ગામનુ નામ "મારલાવ" નામના વારલી જાતિના આગેવાનના નામ પરથી પડેલુ છે. અંગ્રેજોના સમયમાં આ આગેવાને અંગ્રેજોને ઘણો સાથ અને સહકાર આપી ખુશ કર્યા હતા. જેના બદલામાં આ ગામ "મારલાવ" ને ભેટ તરીકે આપી દીધેલ. સંજાણથી મલાવગામ પાંચ કિલોમીટર દૂર છે, સંજાણના પારસીઓએ ધીરે ધીરે આખા ગામની જમીનો દારૂ અને અનેક બીજા પ્રલોભનોથી હડપી લીધી હતી. ગામના જ લોકોને ગણોતિયા બનાવી તેમના પાસે જમીનમાં મજૂરી કરાવતા હતા. પારસીઓના વવસવાટ બાદ ગામનુ નામ "મારલાવ" બોલવામાં અનુકૂલતા ન પડતા "મલાવ" થઇ થયુ.

ગામ ઉંબરગામ-ભીલાડના રોડ પર આવેલુ છે. જે બસ વ્યવહારથી સંકડાયેલ છે. જયારે ગામની બીજીબાજુ અમદાવાદ-મુંબઇ રાષ્ટ્રીય ધોરી માર્ગ એક કિલોમીટર દૂર આવેલો છે. અહીં હાટ પણ ભરાય છે, ગામમાં ત્રણ ધોરણની નિશાળ ૧૯૭૦માં હતી. માધ્યમિક શાળા અને બજાર ગામથી પાંચ કિલોમીટર દૂર



"સંજાણ" છે. ગામની ઉત્તરે "દહેલી" દક્ષિણે "તુંબ" પૂર્વે "નદીગામ" અને પશ્ચિમે "માડાગામ" આવેલા છે (દક્ષિણમાં થાણા જિલ્લાના અછાડા ગામની સરહદ લાગે છે.

આખુ ગામ જુદાજુદા સાત પાડા (ફળિયામાં) માં વહેંચાયેલુ છે, દરેક પાડા (ફળિયા) વચ્ચે અડધો કિલોમીટર જેટલુ અંતર છે. પારસીપાડા, પટેલપાડા, જહાંગીરપાડા, ડુંગરીપાડા, સામરપાડા, માનપાડા અને ધોડીપાડા.

ધોડીપાડામાં ધોડિયા જાતિની વસ્તી છે. બાકીના પાડાઓમાં વારલીઓની વસ્તી છે. પાડાઓના નામ પરથી જ લાગે છે કે ગામમાં પારસીઓનો વસવાટ હશે, અત્યારે માત્ર એક પારસીનુ ઘર છે. આ સિવાય વાણિયાઓની પણ વસ્તી હતી. આજે બીજે ચાલ્યા ગયા છે. ગામની જમીનનો રેકર્ડ જોતા લાગે છે કે મોટાભાગની જમીનો વાણિયા અને પારસીઓ પાસે હતી. જેમાંથી ગણોતધારામાં કેટલીક જમીનો અહીંના આદિવાસીઓને સોંપાઇ અને બાકીની હજુ પણ પારસી અને વાણિયાઓને ખાતે ચાલે છે તે ભાડેથી કે ભાગેથી જમીનો વાવવા માટે આપી દે છે અને વર્ષમાં આવી ભાગ લઇ જાય છે.

મલાવગામની વચ્ચેથી ખાડી (વહોળો) વહે છે. ગામ બે ભાગમાં વહેંચાયેલુ છે, ગામમાં કુલ ૧૭૯ કુટુંબો ૧૯૭૦ માં હતા. જેમાંથી ૧૪૦ કુટુંબો વારલી, ૩૩ કુટુંબો ધોડિયા, ૫ કુટુંબો હળપતિ અને એક કુટુંબ પારસીનુ હતુ.

ગામનુ ક્ષેત્રફળ ૧૪૦૩ એકરનુ છે. જેમાં ૬૨૫ એકર જંગલ, ૭૬ એકર જમીન ખેતીમાં ઉપયોગ ન થઇ શકે તેવી છે. ૩૪ એકર જમીનમાં પડતર અને ગૌચર છે. બાકીની જમીન ખેડાણ નીચે છે.

ખેડાણના ઉપયોગમાં લેવાતી જમીનો પણ સપાટ ન હોઇ કોતરો અને હાળવાળી છે. ગામમાં ખજુરીનાં પુષ્કળ ઝાડો છે. આંબા અને ચીકુનાં ઝાડ પણ ક્યાંક ક્યાંક નજરે પડે છે.

વસ્તી :

વલસાડ જિલ્લાના ઉંબરગામ તાલુકામાં આદિવાસીઓની વસ્તી ૧૯૬૧ માં        ટકા હતી જે ૧૯૭૧ માં વધીને ટકા થઇ હતી. તાલુકામાં જુદી જુદી જાતિઓનો વસવાટ છે, જેમાં મુખ્યત્વે વારલી જાતિની વસ્તી છે જે નીચેના ૧૯૭૧ ના વસ્તી ગણતરીના આંકડા ઉપરથી સ્પષ્ટ થાય છે.

તાલુકાની આદિવાસી જાતિઓની સખ્યા

| અ.નં. | જાતિ | સખ્યા |
|---|---|---|
| ૧ | ભીલ | ૬ |
| ૨ | દૂબળા | ૧૬૭૦૮ |
| ૩ | ધોડિયા | ૧૪૨૦૦ |
| ૪ | ગામીત | ૯ |
| ૫ | ચોધરી | ૨ |
| ૬ | કોકણા-કુનબી | ૪૩ |
| ૭ | ધાનકા | ૧ |
| ૮ | નાયક-નાયકડા | ૪૬ |
| ૯ | વારલી | ૩૨૭૫૭ |
| ૧૦ | કોલચા | ૩૭ |
| ૧૧ | કોટલાળિયા | ૩ |
| ૧૨ | બિનવર્ગીકૃત | ૭૨ |
| | કુલ... | ૬૩૮૮૪ |



આમ તાલુકામાં વસેલી જુદી જુદી જાતિઓ મુખ્યત્વે વારલી, દૂબળા અને ધોડિયાઓ છે.

મલાવ ગામમાં પણ મુખ્યત્વે વસ્તી વારલીઓની છે.

ગામની કુલ વસ્તી તપાસના વર્ષોમાં આ પ્રમાણે હતી.

મલાવ ગામની વસ્તી :

| | ૧૯૭૦ | ૧૯૮૦ |
|---|---|---|
| પુરૂષ | ૫૪૫ | ૫૨૩ |
| સ્ત્રી | ૬૦૮ | ૫૮૬ |
| કુલ વસ્તી | ૧૧૫૩ | ૧૧૦૯ |

૧૯૭૦ કરતાં ૧૯૮૦માં તપાસ દરમ્યાન કુટુંબોની સખ્યા ઓછી થયેલી દેખાય છે. તપાસ કરેલ વર્ષમાં પણ ૧૯૭૦ માં ૫૭ કુટુંબોને અભ્યાસમાં પસંદ કર્યાં હતાં. તેમાંથી ૧૯૮૦ માં તેજ કુટુંબોનો અભ્યાસ કરતાં વારલીનાં ૪૬ કુટુંબોમાંથી ૩૩ અને ધોડિયાના ૧૧ કુટુંબોમાંથી ૯ કુટુંબોનો જ સંપર્ક સાધી શકાયો હતો. એટલે કે ૫૭ કુટુંબોમાંથી ૪૨ કુટુંબો હયાત હતાં. કેટલાક કુટુંબોના મુખ્ય માણસો મૃત્યુ પામ્યા હતા તો કેટલાક કુટુંબો મજૂરીની શોધમાં અન્ય જગ્યાએ ગયેલા માલૂમ પડમાં હતાં. વર્ષમાં કેટલાય માસ જીવનનિર્વાહ માટે કુટુંબો ગામ છોડી મજૂરી માટે જાય છે. તેમજ કેન્દ્રિય કુટુંબો વધતાં જતાં હોવાથી કુટુંબોના વિભાજનો થતાં રહે છે. જેથી કુટુંબોની સખ્યા વધેલી છે. જ્યારે વસ્તી અન્યત્ર મજૂરી માટે ગયેલી હોવાથી ઘટાડો જોવા મળે છે.

XXXXXX

## પ્રકરણ - ૨

## ભૌતિક જીવન

૧૯૬૯-૭૦ મા મલાવ ગામની થયેલી તપાસમા ભૌતિક સાધનો જોવા મળયા હતા. તેને જોવાથી ૧૦ વર્ષ પહેલાની સ્થિતિનુ ચિત્ર ઊભુ થાય છે.

### ઘર :

ગામનો વિસ્તાર લગભગ ૩ કિ.મી. નો છે. આટલા મોટા વિસ્તારમા ગામ સાત પાડાઓમા વહેચાયેલ છે. દરેક પાડામા ઘરો છૂટાછવાયા જોવા મળયા હતા. એક ઘર અને બીજા ઘર વચ્ચે અતર રાખવામા આવે છે. દરેક ઘરની દિવાલો સ્વતંત્ર હોય છે, લાઇનબધ ઘરો હોતા નથી. પણ આખા પાડામા (ફળિયામા) છૂટાછવાયા બાધેલ હોય છે.

ઘર બાધવા માટે આજુ બાજુના જગલમાથી મળતા લાકડા લાવવામા આવે છે, જેમા સાગ, સાદડ, વાસ ખજુરીના પાન વગેરેનો ઉપયોગ કરે છે, જયારે ઘર પર છાજમા દેશી નળિયા કે ઘાસનો ઉપયોગ કરે છે, જયારે કેટલાક ધોડિયાઓના ઘર પર વિલાયતી નળિયાઓનુ સાજ જોવા મળયુ હતુ.

ઘર બનાવતી વખતે પ્રથમ ઘરની વચ્ચેનો એક થાભલો ઉભો કરવામા આવે છે ત્યારે દેવની વિધિ કરવામા આવે છે. આ વિધિ સુથાર કરે છે, જેને"થાભલી મુરત" કહેવામા આવે છે. થાભલી મુરતમા ખાડામા થાભલો ઉભો કરી જમીનપર થાભલાની નજીકમા ચોખા મૂકી; તેના પર પાણી ભરેલો માટીનો ઘડો



મૂકવામા આવે છે. આ ઘડા ઉપર આબાના પાન ઊભા મૂકી, પાનની વચ્ચે નાળિયેર મૂકવામા આવે છે. આ ઘડામા ૨૫ પૈસા નાખે છે, બાજુમા દીવો કરવામા આવે છે અને થાભલીને હળદર, સિદુર લગાવી ઉપર એક ધોતિયુ બાધવામા આવે છે. આ ધોતિયામા ચોખા અને ચાર આના મૂકવામા આવે છે. થાભલાના ઉપરના છેડે છત્રી ખુલ્લી રાખી બાધે છે. ત્યારબાદ એક મરઘુ વધેરવામા આવે છે અને તાડી કે દારૂ/હાક પાડી બધાને પીવડાવે છે. આ ધોતિયુ અને તેમા બાધેલ ચોખા અને પૈસા સુથાર લઇ લે છે, સુથાર બનતા સુધી વારલી જાતિનો જ સુથારી કામ શીખેલ વ્યકિત હોય છે.

પ્રથમ મુરતની થાભલી રોપ્યા બાદ ઘર માટેના જરૂરી થાભલા ઊભા કરવા ચારે બાજુ અને વચ્ચે જેટલા થાભલા ઊભા કરવા હોય તેટલા ખાડા તૈયાર કરી તેમા થાભલા ઊભા કરી દેવામા આવે છે. ત્યારબાદ મોભનો મોટો થાભલો (દોરીઓ) ઊભા કરેલ થાભલાઓ ઉપર આડો નાખવામા આવે છે. આ મોભનો થાભલો નાખતા પણ દેવની પૂજા વિધિ કરવામા આવે છે જેને "વળટીયુ ચડે" કહે છે.

### "વળટીયુ ચડે"

બને બાજુની દિવાલો માટે ઊભા કરેલ થાભલામાથી મધ્ય ભાગમા અન્ય થાભલાઓ કરતા થોડાક ઉચા બે સામાસામા થાભલા પર આડો થાભલો નાખવામા આવે છે. (મોભ) આ મોભના દોરીએ એક નવુ ધોતિયુ બાધવામા આવે છે. આ ધોતિયામા ચોખા અને ૧1 રૂપિયો મૂકવામા આવે છે. ત્યારબાદ બધાને તાડી પીવા માટે અપાય છે. આ ધોતિયુ અને તેમા મૂકેલ

પૈસા અને ચોખા સુથાર લઇ લે છે. દેવની વિધિ ઘર બાધવાની શરૂઆતમાં અને ઘરની બાધણી પૂરી થતાં કરવામાં આવે છે. વિધિ કર્યા બાદ ઘર ઉપર વળીઓ મૂકી નળિયાં કે ઘાસનું છાજ નાખવામાં આવે છે. ચારે બાજુની દિવાલો વરૂ કે જુવારના સાઠાથી બનાવે છે. વરસાદમાં જુવારના સાઠા ભીજવાથી બે ત્રણ વર્ષે બદલવાની જરૂર પડે છે. તેવી રીતે છાજ પણ ઘાસનું હોય તો બે ત્રણ વર્ષે બદલી નવું છાજ નાખવામાં આવે છે. ઘરની અંદરના ભાગમાં જેટલા ઓરડા બનાવવા હોય તેટલા ભાગ પાડી ત્યાં પણ જુવારના સાઠા બાધી અલગ અલગ ઓરડા બનાવવામાં આવે છે. આ ઘરો લગભગ ચોરસ હોય છે. ૧૯૭૦ માં તપાસ સમયે ગામમાં ૫૭ કુટુબોનાં ઘરોના ઓરડા આ પ્રમાણે જોવા મળયાં હતાં.

મકાનના ક્ષેત્રફળ પ્રમાણે ઓરડાઓની સખ્યા

| મકાનનું ક્ષેત્રફળ | ૩ ઓરડા | | બે ઓરડા | | એક ઓરડો | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વારલી | ધોડિયા | વારલી | ધોડિયા | વારલી | ધોડિયા | વારલી | ધોડિયા |
| ૧૫! x ૧૫! | ૪ | - | ૪ | - | ૫ | - | ૧૩ | - |
| ૨૦! x ૨૦! | ૨૬ | - | ૧ | ૨ | - | - | ૨૭ | ૨ |
| ૨૫! x ૨૦! | ૧ | - | ૧ | - | - | - | ૨ | - |
| ૨૫! x ૨૫! અને તેથી વધુ | ૪ | ૯ | - | - | - | - | ૪ | ૯ |
| કુલ | ૩૫ | ૯ | ૬ | ૨ | ૫ | - | ૪૬ | ૧૧ |
| | ૭૬.૨ | | ૧૩.૧ | | ૧૦.૭ | | | |



ઘરની અદરના ભાગમાં રાધવાની જગ્યા અને અનાજ કે અન્ય વસ્તુઓ મૂકવા માટે નાના નાના ઓરડા બનાવવામાં આવે છે. ખાસ કરીને બે કે ત્રણ ઓરડાવાળાં ઘરોની સખ્યા વધુ હતી. વારલી જાતિમાં ૭૬ ટકા કુટુબો ત્રણ ઓરડાવાળાં, ૧૩ ટકા બે ઓરડાવાળાં અને ૧૦.૭ ટકા એક ઓરડાવાળાં ઘરો હતાં. જ્યારે ધોડિયાઓમાં અગિયાર કુટુબોમાંથી ૯ કુટુબોને ત્રણ ઓરડાવાળાં ઘરો જોવા મળયાં હતાં. મકાનના ક્ષેત્રફળ પ્રમાણે જોઇએ તો ધોડિયાઓ વારલી કરતાં મોટા ઘરો બાધે છે. જ્યારે વારલીઓમાં મોટાં ઘરોની સખ્યા પ્રમાણમાં ઘણી ઓછી જોવા મળી હતી, ૨૦! x ૨૦! ની લબાઇ x પહોળાઇ વાળાં જ મકાનો વારલીમાં વધુ સખ્યામાં હતાં. ઘરમાં હવા ઉજાસ માટે બારીઓ મૂકવામાં આવતી નથી. પણ વરૂ કે જુવારના સાઠાની દિવાલો હોવાથી અને ઘર ઉપર નળિયાં હોવાથી થોડોક પ્રકાશ આવ્યા કરે છે. વારલીઓનાં દરેક ઘરોને લાકડાનાં બારણાં જોવામાં આવ્યા નથી પણ બારણાને બદલે કેટલાક ઘરોમાં સાઠાઓમાંથી કે પાતળાં લાકડામાંથી કમાડ જેવું બનાવેલ હોય છે. કેટલાક કુટુબો ઢોર ઘરમાં બાધે છે. જ્યારે કેટલાક કુટુબો ઘરની સામે કે બાજુમાં ઢોર માટે છાપરી બનાવે છે. ઘર આગળ મોટાભાગનાં કુટુબો ચાર મોટા થાભલા ઊભા કરી મડપ જેવું બનાવેલ હોય છે. જેના ઉપર ઘાસ નાખવામાં આવે છે.

ઘરવખરી :

વારલીઓમાં ઓછામાં ઓછી જીવન જરૂરિયાતની વસ્તુઓ ૧૯૭૦ માં તપાસ દરમ્યાન જોવામાં આવી હતી.

**વાસણો :**

જુદી જુદી ધાતુના વાસણોનો ઉપયોગ કરતી વારલી કુટુંબોની સંખ્યા.

| | એલ્યુમિનિયમ વાસણો | પિત્તળના વાસણો | તાંબાના વાસણો | માટીના વાસણો |
|---|---|---|---|---|
| કુટુંબોની સંખ્યા | ૪૪ | ૩૦ | ૭ | ૪૬ |

વારલીના ૪૬ કુટુંબોમાંથી પિત્તળના વાસણો ૩૦ કુટુંબો વાપરે છે. જયારે માત્ર ૭ જ કુટુંબો તાંબાના વાસણોનો ઉપયોગ કરતાં જોવા મળયા હતા. વધુ પ્રમાણમાં એલ્યુમિનિયમના વાસણોનો વપરાશ હતો. જયારે માટીનાં વાસણો દરેક ઘરમાં જોવા મળયાં હતાં. કાંસા અને સ્ટીલનાં વાસણો એક પણ ઘરમાં જોવા મળયાં નથી.

ઘરવખરીની અન્ય વસ્તુઓ પણ બહુ ઓછાપ્રમાણમાં હતી અને ઓછામાં ઓછી વસ્તુઓ જોવા મળી હતી. વારલી કુટુંબોમાં ઘર વપરાશની વસ્તુઓ ૧૯૭૦ માં આ પ્રમાણે જોવા મળી હતી.



| અ.નં. | વસ્તુઓ | કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | કાથીથી ભરેલા ખાટલા | ૨ |
| ૨ | માછલી પકડવાની જાળ | ૪ |
| ૩ | લાકડાનું ફરનીચર | ૩ |
| ૪ | ફાનસ | ૧૧ |
| ૫ | ચીમની | ૩૯ |
| ૬ | ટોપલા - ટોપલીઓ | ૩૬ |
| ૭ | ઘંટી | ૪૦ |
| ૮ | બત્તી (પાવરવાળી) | ૪ |
| ૯. | કપડાં મૂકવાની લોખંડની પેટી | ૪ |
| ૧૦ | છત્રી | ૨૧ |
| ૧૧ | પેટ્રોમેકસ | ૨ |
| ૧૨ | ઘડિયાળ | ૧ |

ઘર વપરાશની ઉપરની વસ્તુઓ જોતાં લાગે છે કે કેટલી ઓછી વસ્તુઓથી જીવન વહેવાર ચલાવે છે. તેમાંય આવશ્યક ચીજ-વસ્તુઓ પણ દરેક ઘરમાં જોવા મળતી નથી. વારલીના ૪૬ કુટુંબોમાંથી ઘંટી પણ દરેક ઘરમાં નથી અને ખાટલા માત્ર બે જ ઘરમાં છે. ઓઢવા પાથરવાનું પણ હોતું નથી. પણ કંતાન કે કોથળા નીચે નાખી વચ્ચે લાકડાં સળગાવી આસપાસ કુટુંબના સભ્યો આગની ગરમીમાં સુઇ રહે છે. શિયાળા - ચોમાસામાં માછલી પકડવા બધાં જ કુટુંબો જતાં હોવા છતાં જાળનો ઉપયોગ ઓછો કરે છે. તેના બદલામાં વાંસમાંથી ગુંથીને જાળ જેવું બનાવે છે. સ્ત્રીઓ સમૂહમાં માછલી પકડવા જાય છે. સાડીને બે બાજુથી પાણીના પ્રવાહમાં પકડી રાખવામાં આવે છે. જેથી પાણી વહી જાય અને માછલી હોય તો અંદર રહી જાય.

## શિકારનાં સાધનો :

શિકારનાં આગવાં સાધનો માત્ર માછલી પકડવાની જાળ સિવાય જોવા મળતાં નથી. નાના બાળકો પક્ષીઓને મારવા ગીલોલનો ઉપયોગ કરે છે, આ સિવાય જંગલમાં જે તે જગ્યાએ જંગલી જાનવરોને ફસાવવાનાં ફાંસા ગોઠવવામાં આવે છે. જેથી આ ફાંસામાં, હરણ, શિયાળ, લોંકડી વગેરે આવતાં ફસાઇ જાય છે. જેને સવારે પકડીને લઇ આવે પણ આવા શિકારનું પ્રમાણ ઘણું ઓછું છે. મુખ્યત્વે માછલીઓ પકડવામાં આવે છે.

## સંગીતના સાધનો :

લગ્ન પ્રસંગે ગાવા અને નાચવા માટે વગાડવામાં આવતાં સાધનોમાં નાની ઢોલકી, શરણાઇ, માદળ છે. જે વગાડવાવાળા જુદા જ હોય છે. ખાસ લગ્ન પ્રસંગોમાં વાજીંત્રો સાથે બે ત્રણ દિવસ ત્યાં જ રહીને વગાડે છે. આજ સાધનો હોળી ઉપર કે અન્ય પ્રસંગોમાં વગાડી નાચવામાં આવે છે. આ સિવાય નાના બાળકો વાંસમાંથી વાંસળી બનાવે છે.

## ધાર્મિક સાધનો :

વારલીઓમાં ધાર્મિક સાધનોમાં મુખ્યત્વે દેવની "ગાંગડી" (વાજીંત્ર) છે જે અમુક પ્રસંગે જ વગાડવામાં આવે છે. તે સિવાય દેવની ટોપલી કે જેમાં નાની નાની મૂર્તિઓ મૂકી રાખે છે. નાની નાની ચાંદીની મૂર્તિઓ (પતરા ઉપર), મોરનાં પીંછાં, લીમડાનાં પાન કે અન્ય ઝાડનાં પાનામાંથી ઝાપટ માટે ઝાડુ, દેવની લાકડી વગેરે હોય છે.



## હથિયારો :

ગુજરાતના આદિવાસીઓ ગરાસિયા, ભીલ, રાઠવા વગેરે જાતિઓમાં તીર, ધારિયું, તલવાર કે બંદૂક જેવાં હથિયારો જોવા મળે છે. જયારે વારલીઓ કુહાડીનો હથિયાર તરીકે ઉપયોગ કરે છે. જંગલમાં જતાં સાથે કુહાડી કે દાતરડું રાખતા હોય છે.

## પહેરવેશ :

અહીંના વારલીઓ, પારસીઓ તેમજ ઘાસની મજૂરી માટે મુંબઇ જતા હોવાથી બહારના લોકોના સંપર્કમાં આવેલા છે. જેને પરિણામે પરંપરાગત પહેરવેશમાં પરિવર્તનો,+ ચાર પાંચ વર્ષના +જોવા મળે ઉંમરના નાનાં બાળકોને ઉપરનું ઝભલું કોઇક કોઇક કુટુંબમાં પહેરાવે છે, નહિતર લગભગ નગ્ન દશામાં જોવા મળે છે. મોટી ઉંમરનાં બાળકો ચડ્ડી અને બુશકોટ પહેરે છે. યુવાનો પણ ચડ્ડી અને પહેરણ પહેરે છે, પગમાં ચંપલ પણ પહેરે છે. જયારે મોટી ઉંમરના પુરૂષો લંગોટી અને બંડી પહેરે છે. સ્ત્રીઓમાં એક સાડીના બે ભાગ કરી અડધી કેડથી નીચેના ભાગમાં કછોટો મારી પહેરવામાં આવે છે. જેને "લુગડું કહેવાય છે અને અડધી સાડી માથે ઓઢવામાં આવે છે, કબજો બટનવાળો પહેરે છે, જયારે મોટી ઉંમરની સ્ત્રીઓ બટન વગરનો કબજો પહેરે છે જેના બે છેડા ગાંઠવાળીને બાંધી દેવામાં આવે છે. જેને "ડગલી" કહેવામાં આવે છે. નાની છોકરીઓ કબજોને નીચેની સાડી પહેરે છે. કેટલીક જુવાન છોકરીઓ નાયલોનના કબજા પહેરે છે. અંદર બોડીસનો પણ ઉપયોગ કરે છે. આ સિવાય સૌંદર્ય પ્રસાધનોમાં પાવડર, ચાલ્લા

રીબીન, તૈયાર અંબોડા, માથામાં નાખવાની પીનો, ચાંપો અને ચીપીયાનો ઉપયોગ કરે છે.

ઘરેણાં :
----

વારલી પુરૂષો કાનમાં ગોળ કડીઓ કેટલાક પહેરે છે. આ સિવાયનાં ઘરેણાં જોવા મળતાં નથી. લગ્નમાં નવરો (લાડો) ગળામાં ઘરેણાં પહેરે છે.

સ્ત્રીઓ ઘરેણાંની શોખીન હોય છે. તેઓ ગળામાં, કાનમાં, નાકમાં અને હાથે-પગે ઘરેણાં પહેરે છે. જેમાં ચાંદી, રૂપુ કે નિકલનો વપરાશ થાય છે. મોટી ઉમરની વારલી સ્ત્રીઓ પગે પિત્તળનાં ઘરેણાં પહેરે છે. આ ઘરેણાં બે પગમાં થઇ લગભગ ૭૦ જેટલાં હોય છે. એક બીજાપર ગોઠવીને પહેરે છે. જેમ મારવાડી સ્ત્રીઓ હાથમાં કાંડાથી કોણી સુધી પહેરે છે. તેમ વૃધ્ધ વારલી સ્ત્રીઓ પગની ઘુંટીથી ઢીંચણની સહેજ નીચેના ભાગ સુધી પહેરે છે. તેની પ્રથા ઓછી થતી જાય છે. છતાં કેટલીક સ્ત્રીઓના પગે પીત્તળનાં ઘરેણાં નજરે પડતાં હતાં.

ઘરેણાં :
----

હાથમાં :- કડાં, કાચની બગડીઓ.
પગમાં :- દોરલા કે સાંકળાં (ચાંદી કે રૂપાનાં)
ગળામાં :- ગાંઢી (કાળા મણકાની) તેમજ વિવિધ મણકાની માળાઓ. (લગ્ન થયુ હોય તેજ સ્ત્રીના ગળામાં કાળીગાંઢી હોય છે.) ગાંઠલા (ચાંદીના રૂપિયાને સાંકળીમાં મઢીને પહેરે છે.)
નાકમાં :- ફુલી.



કાનમાં :- કાનની બુટમાં - "લવીંગીયાં"
કાનના ઉપરના ભાગમાં - "મની" કે "પાતવાળી" પહેરે છે.

કાંડામાં :- "લેરીયું", પોચા.

ખોરાક :-
-----

ભાત, માછલી, નાગલીના રોટલા, જુવારનુ ભૈડકુ, રોટલા, તુવેરની દાળ, શાકભાજી, ભાતમાંથી રોટલા તેમજ પ્રવાહી બનાવીને ખાય છે. આ સિવાય પ્રસંગોપર મરઘુ, બકરૂ વગેરે ખાય છે.

| સવારે | બપોર | સાંજે |
| --- | --- | --- |
| નાગલીનો રોટલો | નાગલી, જુવાર કે ભાતનો રોટલો દાળ કે શાક | ભાતની રાબ કે ભાત-માછલી |

પ્રસંગો પર માંસ ખાવામાં આવે છે.

પીણાં :-
----

ખજુરીનાં ઝાડ પુષ્કળ હોવાથી "તાડી" ખૂબજ પીવાય છે. સામાજિક - ધાર્મિક પ્રસંગો પર પણ તાડીનુ પ્રમાણ વધારે છે. દારૂનો ઉપયોગ ઓછો થાય છે. બીડીઓ જાતે જ બનાવીને પીએ છે. ગજવામાં ટીમરૂપાન અને તમાકુ રાખે છે, જ્યારે બીડી પીવી હોય ત્યારે હાથે બનાવીને પી લે છે.

XXXXXXX

# પ્રકરણ - ૩

## સામાજિક જીવન

ગુજરાતના આદિવાસીઓમાં વારલીઓની આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ છે. જેમના સાંસ્કૃતિક જીવનની ભાત અનેરી ઉપસેલી દૃષ્ટિગોચર થાય છે.

### કુટુંબ જીવન :

વારલીઓના મૂળ વતન વિશે કંઇ નકકી કહી શકાય તેમ નથી. છતાં અનુમાન કરી શકાય છે કે તેઓ ૧૪ માં, ૧૫ માં સૈકામાં દક્ષિણ ભારતના કોંકણ તરફથી આવ્યા હોવા જોઇએ. કારણ કે ફીરંગીઓનું આગમનથી, કુદરતી આફતોથી તેમજ મરાઠાઓની સામ્રાજયવાદી પ્રવૃત્તિઓને લીધે મૂળ વિસ્તારમાંથી ખસતા ખસતા અહીં આવી પહોંચ્યાં હશે.

"વારલી" શબ્દની વ્યુત્પત્તિ "વરૂડ" શબ્દ પરથી આવી હશે. તેમ શ્રી રજવાડેએ બતાવ્યુ છે. વિંધ્ય અને સાતપુડા પર્વતની આસપાસના પ્રદેશમાં ત્રણ અનાર્ય જાતિઓ વસતી હતી જેમાંથી નિપ્તદા, વ્યાસ અને વરૂડ. આ "વરૂડ" માંથી "વરૂડાઇ" "વરૂલાઇ" અને તેના પરથી "વારુલી" અને છેવટે વારલી થયો હશે. જયારે શ્રી એન્થોવન વારલીને ભીલની પેટા જાતિ બતાવે છે. પણ તે મતમાં તથ્ય દેખાતુ નથી. તે ઉંડાણપૂર્વકના સંશોધન સિવાય કહી શકાય તેમ નથી. કારણ કે વારલીને જોતાં તેમાં કેટલાંક નીગ્રીટો તત્વો દેખાઇ આવે છે.

વારલીઓમાં મુખ્ય ત્રણ વિભાગો છે.

(૧) દાવર વારલી
(૨) નેહરી વારલી
(૩) મૂરડે વારલી

"મલાવ" ગામમાં દાવર વારલીઓ છે, પોતાના જૂથ સિવાય રોટી-બેટી વ્યવહાર કરતા નથી. મલાવ ગામમાં વારલી, ધોડિયા, હળપતિ અને પારસીઓનો વસવાટ છે. પણ તે ગામમાં પ્રથમ વારલીઓ આવ્યા હશે, કારણ કે વારસાગત પટલાઇ વારલીઓમાં "વરડે" ગોત્રની છે. એટલે કે ગામમાં પ્રથમ આ ગોત્ર આવ્યું હશે. બીજા વારલીના ગોત્રો તેમજ અન્ય જાતિના લોકો પાછળથી આવ્યા હશે.

વારલીઓમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા છે. લગ્ન બાદ સ્ત્રી પતિને ઘેર રહેવા જાય છે. મહત્વના નિર્ણયો કુટુંબનો વડીલ વ્યક્તિ લે છે.

૧૯૭૦ માં તપાસમાં લીધેલ ૫૭ કુટુંબોમાંથી ૪૬ વારલી અને ૯ કુટુંબો ધોડિયા જાતિના હતા. આ કુટુંબોનું સભ્ય સંખ્યા પ્રમાણે કદ આ પ્રમાણે જોવા મળ્યું હતું.



કુટુંબનું કદ દર્શાવતો કોઠો

| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૨થી વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વારલી | - | ૩ | ૧ | ૩ | ૬ | ૮ | ૮ | ૫ | ૫ | ૧ | ૪ | ૧ | ૧ | ૪૬ |
| ટકા | | ૬.૫ | ૨.૧ | ૬.૫ | ૧૩.૧ | ૧૭.૪ | ૧૭.૪ | ૧૦.૯ | ૧૦.૯ | ૨.૧ | ૮.૬ | ૨.૧ | ૨.૧ | ૧૦૦.૦ |
| ધોડિયા | - | ૧ | - | - | ૧ | ૧ | ૧ | ૩ | - | - | ૨ | - | ૨ | ૧૧ |
| ટકા | - | ૯.૧ | - | - | ૯.૧ | ૯.૧ | ૯.૧ | ૨૭.૨ | - | - | ૧૮.૨ | - | ૧૮.૨ | ૧૦૦.૦ |

વારલીઓમાં કુટુંબનું કદ સરેરાશ ૬.૪ નું જોવા મળ્યું છે. મધ્યમ પ્રકારનું કુટુંબનું કદ વારલી અને ધોડિયાઓમાં હતું. જ્યારે ૧૯૮૦ માં પણ તપાસ દરમ્યાન કુટુંબનું કદ મધ્યમ પ્રકારનું જ જોવા મળ્યું હતું.

૫૭ કુટુંબોની સભ્ય સંખ્યા આ પ્રમાણે હતી.

<u>કુલ સભ્ય સંખ્યા :</u>

| | | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| વારલી | | ૧૬૪ | ૧૫૬ | ૩૨૦ |
| | ટકા | ૫૧.૩ | ૪૮.૭ | ૧૦૦.૦ |
| ધોડિયા | | ૪૧ | ૫૧ | ૯૨ |
| | ટકા | ૪૪.૬ | ૫૫.૪ | ૧૦૦.૦ |

વારલીઓમાં સ્ત્રીઓની સંખ્યા પુરૂષો કરતાં ઓછી જોવા મળી હતી. જે પ્રમાણ ૧૯૮૦ માં પણ જળવાઇ રહેલું જોવા મળ્યું હતું. ૧૯૮૦ માં પુરૂષો ૫૨.૮ ટકા અને સ્ત્રીઓ ૪૭.૨ ટકા હતી. જ્યારે ધોડિયાઓમાં ૧૯૭૦ માં પુરૂષોની સંખ્યા કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે હતી પણ ૧૯૮૦ ની તપાસમાં સ્ત્રીઓની સંખ્યા કરતાં પુરૂષોની વધેલી જોવા મળી છે. જો કે છેલ્લા દસ વર્ષમાં કુટુંબની સભ્ય સંખ્યામાં વધઘટ થતી રહી છે.



<u>કુટુંબના સભ્યોનું વય પ્રમાણે વર્ગીકરણ (ટકામાં)</u>

| | | ૬ વર્ષથી નીચે | | ૭ થી ૯ વર્ષ | | ૧૦ થી ૧૨ વર્ષ | | ૧૩ થી ૧૫ વર્ષ | | ૧૬ થી ૧૮ વર્ષ | | ૧૯ થી ૨૧ વર્ષ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| વારલી | ૧૯૭૦ ટકા | ૧૦.૦ | ૮.૮ | ૫.૩ | ૪.૪ | ૪.૦ | ૪.૦ | ૪.૦ | ૪.૭ | ૨.૧ | ૨.૧ | ૨.૫ | ૧.૨ |
| | ૧૯૮૦ ટકા | ૧૬.૨ | ૧૬.૧ | ૭.૨ | ૪.૦ | ૭.૨ | ૫.૧ | ૮.૨ | ૫.૧ | ૯.૯ | ૬.૧ | ૬.૩ | ૮.૧ |
| ધોડિયા | ૧૯૭૦ ટકા | ૯.૮ | ૧૧.૯ | ૪.૩ | ૫.૪ | ૩.૩ | ૩.૩ | ૨.૨ | ૩.૩ | ૨.૨ | ૬.૫ | ૩.૩ | ૨.૨ |
| | ૧૯૮૦ ટકા | ૩૨.૫ | ૬.૧ | ૧૨.૫ | ૧૨.૧ | ૫.૦ | ૧૫.૧ | ૨.૫ | ૯.૧ | ૫.૧ | – | ૨.૫ | ૬.૧ |

કુટુંબના સભ્યોનું વય પ્રમાણે વર્ગીકરણ(ટકામાં) ચાલુ...

| | | ૨૨ થી ૨૫ વર્ષ | | ૨૬થી ૩૦ વર્ષ | | ૩૧થી ૩૫ વર્ષ | | ૩૬થી ૪૦ વર્ષ | | ૪૧થી ૫૦ વર્ષ | | ૫૦થી ઉપર વર્ષ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| વારલી | ૧૯૭૦ ટકા | ૪.૪ | ૪.૭ | ૩.૭ | ૩.૪ | ૩.૧ | ૨.૫ | ૧.૯ | ૧.૯ | ૬.૩ | ૫.૯ | ૩.૭ | ૫.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |
| | ૧૯૮૦ ટકા | ૭.૨ | ૫.૧ | ૮.૨ | ૮.૧ | ૨.૭ | ૩.૦ | ૦.૬ | ૧૧.૧ | ૮.૨ | ૧૦.૧ | ૧૮.૧ | ૧૮.૧ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |
| ધોડિયા | ૧૯૭૦ ટકા | ૪.૩ | ૫.૪ | ૪.૩ | ૪.૩ | ૩.૩ | ૨.૨ | ૧.૧ | ૧.૧ | ૬.૫ | ૬.૫ | – | ૩.૩ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |
| | ૧૯૮૦ ટકા | ૨.૫ | ૬.૧ | ૧૦.૦ | ૧૨.૧ | ૨.૫ | ૩.૦ | ૨.૫ | ૩.૦ | ૫.૦ | ૬.૧ | ૧૭.૫ | ૨૧.૨ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |



વયજૂથ પ્રમાણે વર્ગીકરણ જોતાં લાગે છે કે કમાણી કરનાર વર્ગ ઉપર મોટો વર્ગ આશ્રિત છે. ૧૨ વર્ષની નાની ઉંમરનાં બાળકો અને ૫૦ વર્ષથી ઉપરનાં વૃધ્ધોની સંખ્યા પ્રમાણમાં કમાણી કરનાર કરતાં વધારે છે. ૧૯૭૦ ના વર્ષ કરતાં પણ ૧૯૮૦ માં કમાણી કરનાર વર્ગ વધુ નાનો થયેલો દેખાય છે. અને તેમાં બાળકો અને વૃધ્ધોનું પ્રમાણ ૧૯૭૦ કરતાં વધુ છે. આના પડઘા આર્થિક જીવન પર બહુ મોટા પડે છે.

વારલીઓમાં સંયુકત કુટુંબનું પ્રમાણ કેન્દ્રિય કુટુંબો કરતાં વધુ જોવા મળયાં હતાં.

<u>કુટુંબનો પ્રકાર :</u>

| | સંયુકત કુટુંબ | કેન્દ્રિય કુટુંબ | કુલ |
|---|---|---|---|
| સંખ્યા | ૨૪ | ૨૨ | ૪૬ |
| ટકા | ૫૨.૨ | ૪૭.૮ | ૧૦૦.૦૦ |

ગુજરાતની અન્ય આદિવાસી જાતિઓમાં કેન્દ્રિય કુટુંબોનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. જયારે અહીં સંયુકત કુટુંબોનું પ્રમાણ વિશેષ જોવા મળયું હતું :-

કુટુંબમાં અન્ય પ્રકારનાં સગાંઓ રહેતાં હોય છે. સંયુકત કુટુંબમાં બે પેઢી ઉપરની વ્યકિતઓ કે જેમાં પતિ, પત્ની, અવિવાહિત બાળકો, વિવાહિત પુત્ર, પુત્રવધૂ, પૌત્ર-પૌત્રીઓ, કાકા, કાકી, ભાઇ, વગેરે રહેતાં હોય છે. જયારે કેન્દ્રિય

કુટુંબમાં પતિ-પત્ની અને અવિવાહિત સંતાનો રહેતા હોય છે.

તપાસમાં લીધેલ કુટુંબોમાં જે સગા-વહાલા રહેતા હતા તે આ પ્રમાણે જોવા મળયા હતા.

(૧) પતિ-પત્ની.
(૨) પતિ-પત્ની, અવિવાહિત બાળકો.
(૩) પતિ-પત્ની, વિવાહિત પુત્ર, પુત્રવધૂ.
(૪) પતિ-પત્ની, અવિવાહિત પુત્ર, પુત્રી-ઘરજમાઇ
(૫) વિધવા, પુત્રી, ઘરજમાઇ.
(૬) વિધૂર, પુત્રી ઘરજમાઇ.
(૭) પતિ-પત્ની, પુત્ર, પુત્રી, ભાઇ.
(૮) પિતા, પતિ-પત્ની, પિતા, પુત્ર-પુત્રી, પુત્રવધૂ, પૌત્ર-પૌત્રીઓ

આ રીતે અનેક પ્રકારના સગાઓવાળા કુટુંબો જોવા મળયા હતા. આ સિવાય કેટલાક કુટુંબોમાં લગ્ન આધારિત સગાઓ પણ રહેતા જોવા મળયા હતા.

## ગોત્ર વ્યવસ્થા :

વારલી જાતિમાં ગોત્ર વ્યવસ્થા છે. કેટલાક ગોત્રોના નામ પ્રાણીઓ, પક્ષીઓ, વૃક્ષો, ફળ, હોદ્દા, ધંધા અને સ્થળ પરથી આવેલા લાગે છે. જેને લીધે પ્રથમ નજરે એમ લાગે છે કે વારલીઓમાં ટોટેમ વ્યવસ્થા હશે. જો કે તપાસ દરમ્યાન ટોટેમ વ્યવસ્થા અત્યારે હાલ પ્રવર્તતી હોય તેમ લાગ્યુ નથી. પણ કદાચ વર્ષો પહેલા ટોટેમ સમૂહો હોય અને તેજ ગોત્રના સ્વરૂપે પાછળથી રૂઢ થયાં હોય. આ ગોત્રો આ પ્રમાણે જોવા મળયા હતા.



## ગોત્રનુ નામ :

(૧) પ્રાણી : કોલ્હે (શિયાળ)
(૨) પક્ષી : મૂહાં (મોર)
(૩) વૃક્ષ : આંબર (આંબો)
(૪) ફળ : દોડકા (તુરિયા)
(૫) હોદ્દા : નાયક, પાટીલ
(૬) ધંધા : સુથાર, ગવલી (ગોવાળ)
(૭) સ્થળ : પાચળકર, ડાંગરકર

આ જાતિમાં ગોત્રના નામ જોતા લાગે છે કે કદાચ ટોટેમ પ્રથા પહેલા હોય અને કાળક્રમે તે ભૂલાતા ગોત્રના સ્વરૂપે સ્થાપિત થઇ ગયુ હોય. મલાવ ગામમાં તપાસ દરમ્યાન નીચેના ગોત્રો જોવા મળયા હતા.

### ગોત્ર પ્રમાણે કુટુંબ સંખ્યા

| અ.નં. | ગોત્ર | કુટુંબ સંખ્યા | સભ્ય સંખ્યા |
|---|---|---|---|
| (૧) | આડગા | ૩ | ૨૭ |
| (૨) | કાકડ | ૩ | ૯ |
| (૩) | ફરલીયા | ૩ | ૧૭ |
| (૪) | વાઘદડા | ૫ | ૪૩ |
| (૫) | ભીકરા | ૨ | ૧૩ |
| (૬) | વરથા | ૨ | ૧૯ |
| (૭) | વડીઆ | ૨ | ૧૯ |
| (૮) | વધાત | ૩ | ૨૨ |

## ગોત્ર પ્રમાણે કુટુંબ સંખ્યા

| ક્ર.નં. | ગોત્ર | કુટુંબ સંખ્યા | સભ્ય સંખ્યા |
|---|---|---|---|
| (૯) | દુબારા | ૨ | ૧૩ |
| (૧૦) | હરપાલ્યા | ૨ | ૧૮ |
| (૧૧) | માલદા | ૧ | ૪ |
| (૧૨) | મસીઆ | ૧ | ૫ |
| (૧૩) | બામણીયા | ૧ | ૫ |
| (૧૪) | બારાત | ૧ | ૯ |
| (૧૫) | બારગા | ૧ | ૬ |
| (૧૬) | ધુમ | ૧ | ૫ |
| (૧૭) | સાવરકર | ૧ | ૬ |
| (૧૮) | દોગાવકર | ૧ | ૪ |
| (૧૯) | સાપ્ટા | ૧ | ૭ |
| (૨૦) | ધારડા | ૧ | ૩ |
| (૨૧) | બોવારી | ૧ | ૭ |
| (૨૨) | ધુમાડા | ૧ | ૧૧ |
| (૨૩) | રથાત | ૧ | ૬ |
| (૨૪) | ઓજરિયા | ૧ | ૭ |
| (૨૫) | વાડકર | ૧ | ૧૨ |
| (૨૬) | તરીઆ | ૧ | ૬ |
| (૨૭) | ગાગડ | ૧ | ૮ |
| (૨૮) | દાવલીયા | ૧ | ૭ |
| (૨૯) | વડવી | ૧ | ૫ |
| | કુલ... | ૪૬ | ૩૨૦ |



મલાવ ગામમાં જુદા જુદા ૨૯ ગોત્રો મળયા હતા. આ ગોત્રો સિવાય પણ ગામમાં અન્ય ગોત્રો હતા. આ રીતે વારલી-ઓમાં ઘણા ગોત્રો છે. એકજ ગોત્રમાં લગ્ન વ્યવહાર થઇ શકતો નથી.

ગામમાં વસતા વારલી અને ધોડિયાઓનો વસવાટ તપાસતાં હકીકત જાણવા મળી હતી. ગોત્રવાર કુટુંબો કેટલી પેઢીથી આવીને વસ્યા હશે, બહુ લાંબા ગાળાની હકીકતો તેઓને યાદ નથી. પણ જેટલી યાદ શક્તિ હતી તે પ્રમાણે આ ગોત્રોનો લગભગ વસવાટ કેટલા વર્ષો પહેલાંનો છે. તે બતાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેમજ આ ગોત્રો કઇ કઇ જગ્યાથી આવીને વસ્યા છે, કેટલાક કુટુંબોનો લાંબાગાળાનો વસવાટ હોવાથી ક્યાંથી આવીને વસ્યા હશે તે ખબર નથી. પણ ક્ષેત્રકાર્યમાંથી જે હકીકત મળી તે નીચેના બે કોઠા જોતાં સ્પષ્ટ થાય છે.

## પેઢીઓ પ્રમાણે ગોત્રનો વસવાટ

| પેઢી | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| આડગા | - | - | - | ૩ | - | - | ૩ | ૬.૫ |
| કાકડ | - | - | ૨ | - | - | ૧ | ૩ | ૬.૫ |
| કરલીયા | - | - | - | ૩ | - | - | ૩ | ૬.૫ |
| વાધદડા | - | - | - | ૩ | - | ૨ | ૫ | ૧૦.૭ |
| ભીકરા | - | - | - | - | - | ૨ | ૨ | ૪.૩ |
| વરથા | - | ૨ | - | - | - | - | ૨ | ૪.૩ |
| વડીઆ | - | - | - | - | ૧ | ૧ | ૨ | ૪.૩ |
| વધાત | - | - | - | ૧ | ૧ | ૧ | ૩ | ૬.૫ |
| દુંભારા | - | - | - | ૧ | - | ૧ | ૨ | ૪.૩ |
| હરપાલ્યા | - | - | - | ૨ | - | - | ૨ | ૪.૩ |
| માહદા | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| મસીઆ | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| બામણીયા | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| બારાત | - | - | ૧ | - | - | - | ૧ | ૨.૨ |

ચાલુ...



ચાલુ...

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| બારગા | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| ધુમ | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| સાવરકર | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| દોગાવકર | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| સાપટા | - | - | - | - | ૧ | - | ૧ | ૨.૨ |
| ધારડા | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| બોધારા | - | - | - | ૧ | - | - | ૧ | ૨.૨ |
| રચાત | - | - | - | ૧ | - | - | ૧ | ૨.૨ |
| ધુમાડા | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| ઓજરિયા | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| વાડકર | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| તરીઆ | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| ગાગડ | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| દાવલીયા | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| વડવી | - | - | - | - | - | ૧ | ૧ | ૨.૨ |
| કુલ | - | ૨<br>૪.૩ | ૩<br>૬.૫ | ૧૫<br>૩૨.૭ | ૩<br>૬.૫ | ૨૩<br>૫૦.૦ | ૪૬ | ૧૦૦ |
| ધોડિયા | - | - | - | ૨<br>૧૮.૨ | ૪<br>૩૬.૫ | ૫<br>૪૫.૩ | ૧૧ | |

## : ૩૧ : કુટુંબો ગોત્ર પ્રમાણે કયા સ્થળેથી આવ્યા તે દર્શાવતો કોઠો ચાલુ...

વારલી

| ક્યાંથી આવ્યા તે સ્થળ | માહદા | મસીઆ | વામણીયા | વારાત | વારગા | ધુમ | સાવરકર | દોગા-વકર | સાપ્ટા | ધારડા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મહારાષ્ટ્રથી | - | ૧ | ૧ | - | ૧ | - | - | - | - | - |
| થરોલ | - | - | - | - | - | - | - | - | - | - |
| તુંબ | - | - | - | - | - | - | - | - | - | - |
| ગુવદાળ | - | - | - | - | - | - | - | - | - | - |
| સરીગામ | - | - | - | - | - | - | - | - | - | - |
| નગવાસ | - | - | - | - | - | - | - | - | - | - |
| તલવાડા | - | - | - | - | - | - | - | - | ૧ | - |
| પલખાર | - | - | - | - | - | - | - | - | - | - |
| અકલાસ | ૧ | - | - | - | - | - | - | - | - | - |
| કોમચા | - | - | - | - | - | - | ૧ | ૧ | - | - |
| સેલવાસ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ગુદાલ | - | - | - | - | - | - | - | - | - | - |
| ખબર નથી | - | - | - | ૧ | - | ૧ | - | - | - | - |
| કુલ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ટકા | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ |

## : ૩૦ : કુટુંબો ગોત્ર પ્રમાણે કયા સ્થળેથી આવ્યા તે દર્શાવતો કોઠો

વારલી

| ક્યાંથી આવ્યા તે સ્થળ | આડગા | કાકડ | ફરલીયા | વાધદડા | ભીકરા | વરથા | વડીઆ | વધાત | દુબારા | હરપાલથા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મહારાષ્ટ્રથી | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - |
| થરોલ | - | ૧ | - | - | - | - | - | - | - | - |
| તુંબ | - | - | - | ૧ | - | - | - | - | - | - |
| ગુવદાળ | - | - | - | ૧ | - | - | - | - | - | - |
| સરીગામ | - | - | - | - | ૧ | - | - | - | - | - |
| નગવાસ | - | - | - | - | - | - | ૨ | - | - | - |
| તલવાડા | - | - | - | - | - | - | - | ૧ | - | - |
| પલખાર | - | - | - | - | - | - | - | - | ૧ | - |
| અકલાસ | - | - | - | - | - | - | - | - | - | - |
| કોમચા | - | - | - | - | - | - | - | - | - | - |
| **સેલવાસ** | - | - | - | - | - | - | - | - | - | - |
| ગુદાલ | - | - | - | - | - | - | - | - | - | - |
| ખબર નથી | ૨ | ૨ | ૩ | ૩ | - | ૨ | - | ૨ | ૧ | ૨ |
| કુલ | ૩ | ૩ | ૩ | ૫ | ૨ | ૨ | ૨ | ૩ | ૨ | ૨ |
| ટકા | ૬.૫ | ૬.૫ | ૬.૫ | ૧૦.૭ | ૪.૩ | ૪.૩ | ૪.૩ | ૬.૫ | ૪.૩ | ૪.૩ |

કુટુંબો ગોત્ર પ્રમાણે કયા સ્થળેથી આવ્યા તે દર્શાવતો કોઠો ચાલુ...

| વારલી<br>ક્યાંથી આવ્યા તે સ્થળ | બોધારા | રથાત | ધુમાડા | ઓજરિયા | વાડકર | તરીઆ | ગાગડ | દાવલીયા | વડવી | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મહારાષ્ટ્રથી | - | - | ૧ | ૧ | ૧ | - | - | - | ૧ | ૯ | ૧૯.૬ |
| થરોલ | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૨.૨ |
| તુબ | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૨.૨ |
| ગુવદાળ | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૨.૨ |
| સરીગામ | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૨.૨ |
| નગવાસ | - | - | - | - | - | - | - | - | - | ૨ | ૪.૩ |
| તલવાડા | - | - | - | - | - | - | ૧ | - | - | ૩ | ૬.૫ |
| પલખાર | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૨.૨ |
| અકલાસ | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૨.૨ |
| કોમચા | - | - | - | - | - | - | - | - | - | ૨ | ૪.૩ |
| સેલવાસ | - | - | - | - | - | ૧ | - | - | - | ૨ | ૪.૩ |
| ગુદ્દાલ | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ | ૨.૨ |
| ખબર નથી | ૧ | ૧ | - | - | - | - | - | - | - | ૨૧ | ૪૫.૬ |
| કુલ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૪૬ | |
| ટકા : | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ | ૨.૨ | | |



ઘોડિયા મૂળવતન (ક્યાંથી આવ્યા તે)

| | ઘોડિયા |
|---|---|
| ખબર નથી | ૩ |
| કુરેજ | ૧ |
| સેલવાસ નગર હવેલી | ૩ |
| નગવાસ | ૩ |
| વલવડ | ૧ |
| | ૧૧ |

રીત - રિવાજો :

જન્મ બાલ્યાવસ્થા

રજસ્વલા સ્ત્રી :

વારલીઓ રજસ્વલા સ્ત્રીને "માથુ ધોવું" કે "બહાર થઇ" કહે છે. બહાર થાય ત્યારે પાંચ દિવસ સુધી પાણી ભરવાનું કે રાંધવાનું કામ કરતી નથી. તેમજ દેવની જગ્યા આગળ જતી નથી પાંચ દિવસે નહાયા બાદ તે ઘરનું કામકાજ કરે છે. આ સમય દરમ્યાન તેની સાથે જાતીય સંબંધ બાંધવામાં આવતો નથી.

જયારે બહાર થવાનુ બધ થાય ત્યારે ગર્ભ રહયો એમ સ્ત્રી-પુરૂષો બરાબર જાણે છે.

ગર્ભ રહે ત્યા સુધી કોઇ જાતની વિધિ કરતા નથી કદાચ કોઇ સ્ત્રીને ગર્ભ રહેતો ન હોય તો તેના માટે માનતાઓ માનવામા આવે છે. ભગતની બાધા રાખે છે. ખોળો ભરવાનો રિવાજ નથી. સ્ત્રીની સુવાવડ તેના પતિને ઘેર જ થાય છે.

પ્રસૂતિ :
----

પ્રસૂતિ સમયે ગામમાંથી જાણકાર "સુવારીન" (દાયણ) ને બોલાવવામા આવે છે. બાળક જન્મે તે સમયે કોઇ પ્રકારની વિધિ કરતા નથી સુવાવડ સમયે પુરૂષો ત્યા જતા નથી. સુવારીન જ ત્યા રહે છે. સુવારીન સુવાવડ પછી પાચ છ દિવસ સુધી આવે છે. બાળકની નાળ સુવેરીન "બરૂ" થી કાપે છે.

સુવાવડી સ્ત્રીને ખાવા માટે ભાતમાંથી રાબ બનાવી આપે છે, જેને "કન્યારૂ" કહે છે. "કન્યારૂ" લગભગ ૧૦ દિવસ સુધી આપવામા આવે છે. જો છોકરો હોય તો સુવેરીનને ૨ રૂા. અને છોકરી હોય તો ૧।। રૂપિયો આપવામા આવે છે. તે સિવાય ગોળ અને તાડી આપવામા આવે છે.

"ઝાપટ"
-----

"ઝાપટ" અથવા "ભૂતર" કહે છે. આ વિધિ જન્મ બાદ છોકરો હોય તો ચોથા દિવસે, છોકરી હોય તો ૩ જા દિવસે ભગતને આમંત્રણ આપી કરવામા આવે છે. ભગત આવી ચોખાના લોટમાંથી નાના નાના દેવ બનાવે અને તેના ઉપર ધુણતા ધુણતા



સાવરણીથી બે ત્રણ કલાક સુધી ઝાપટયા કરે. પછી તે દેવોને બહાર મૂકી આવે. વિધિમા આવેલ સબધીઓને તાડી પાવામા આવે છે.

નામકરણ :
------

બાળકનુ નામ કેટલીક વખત ઘરના જ કે પટેલ પણ પાડે છે. જન્મ બાદ બાળક ખૂબ રડયા કરે તો તેને માટે "નામકરણ" ની વિધિ જુદી છે. ભગતને બોલાવી દીવો કરી બાળકને ત્યા સુવડાવી જયારે રડતુ હોય તે દરમ્યાન તેના મૃત વડીલોના નામ લેવામા આવે જે વ્યકિતના નામ આગળ તે રડતુ બધ થાય ત્યારે તે પૂર્વજે જ બાળકના રૂપે જન્મ લીધો છે એમ માની તેનુ નામ પૂર્વજના નામ પરથી પાડવામા આવે છે.

ડામ આપવાની વિધિ :
----------------

બાળક ચાર પાચ વર્ષનુ થાય ત્યારે તેના પેટે ભગતની પાસે લઇ જઇ ડામ દે છે. કારણ કે ડામ દેવાથી પેટમા દુ:ખે નહી અને ખાવાનુ પચી જાય એવી માન્યતા છે. જેથી લગભગ બધા બાળકોને આવા ડામ આપવામા આવે છે.

હજામત :
-----

બાળક એક બે વર્ષનુ થાય ત્યારે તેના માથાના વાળ પ્રથમવાર હજામ પાસે ઉતરાવે છે. તે હાટમા લઇ જઇને કપાવી નાખે અથવા બાધા હોય તો ગંગાજીના મેળામા પણ વાળ ઉતરાવે છે.

ત્યારબાદ બાળક મોટું થાય ત્યાં સુધી કોઇ વિધિ કરવામાં આવતી નથી. કદાચ તે બિમાર પડે તો ભગતને બોલાવી વિધિ કરવામાં આવે તે સિવાય કોઇ રીત કરવાની હોતી નથી. બાળકો નાનાં હોય ત્યારે તેને નાનો ભાઇ કે બહેન તેને રાખે, રમાડે, બાળક મોટું થતાં તેનાથી થાય તે કામ કરે, છોકરી હોય તો પાણી ભરે કે બીજું ઘરનું કામ કરે છે. તે સિવાય બાળકો ભેગાં મળી વિવિધ રમતો રમે છે. કેટલાક નિશાળે જાય છે. તો કેટલાંક ગોવાળ તરીકે ઢોર ચરાવવા જાય છે.

અત્યારે તો ગામમાં કેટલાક છોકરાઓ પત્તાથી જુગાર રમે છે. તેમજ કેટલાક પૈસાથી "ગબી" બનાવી તેમાં પૈસા નાખી રમે છે. કેટલાક ૧૦-૧૨ વર્ષનાં બાળકો મજૂરી કરવા પણ જાય છે.

## લગ્ન પહેલાનાં જાતિય સંબંધ :

વારલીઓમાં અપરણિત છોકરા છોકરીઓ જાતિય સંબંધ બાંધે છે તેને સ્વાભાવિક ગણવામાં આવે છે. પણ પરણિત સ્ત્રી બીજા કોઇની સાથે જાતિય સંબંધ બાંધી શકે નહીં. કોઇ સ્ત્રીએ જાતિય સંબંધ અન્યની સાથે બાંધ્યો હોય તો મારામારી થાય કે સ્ત્રીને કાઢી મૂકવામાં આવે છે. ૧૦ કે ૧૨ વર્ષના બાળકો પણ અંદર અંદર એક બીજાની મશ્કરી કરે છે અને આ મારી નવરી (પત્ની) એમ મશ્કરી કરી ચીડવે છે. તેઓ ખજુરીના પાનનું એક સાધન બનાવે છે જે શંકુ આકારનું હોય છે તેને વચ્ચેથી ખેંચવાનું હોય છે. તે ખેંચી છોકરીને એમ બતાવે છે કે તારી ઇચ્છા છે.



કુંવારામાં જો જાતિય સંબંધ બાંધતાં ગર્ભ રહી જાય તો તે છોકરી જોડે લગ્ન કરવાની ફરજ પાડે, જો તે ના પાડે તો તેનો દંડ કરવામાં આવે છે. લગ્ન પહેલાનાં જાતિય સંબંધોને વારલી જાતિમાં એટલું વધુ મહત્વ આપવામાં આવતું નથી. પણ તેને સ્વભાવિક માનવામાં આવે છે.

## લગ્ન :

લગ્ન કરવું એ વારલી સમાજમાં આવશ્યક ગણવામાં આવ્યું છે, લગ્ન ન કરનાર વ્યક્તિ ભૂત થાય છે એવી માન્યતા છે, એટલા માટે જો કોઇ લગ્ન કરવા લાયક વ્યક્તિ લગ્ન કર્યા પહેલા મરણ પામે તો તેને શરીરે હળદળ લગાવી દાટવામાં આવે છે. આર્થિક સ્થિતિ સારી ન હોય અને લગ્નનો ખર્ચ કરવાને શક્તિમાન ન હોય તો પહેલાં "ઉપડી" લાવવાની વિધિ કરી નવરી (પત્ની) લઇ આવે છે, અને પૈસા ભેગા થયા બાદ લગ્નની વિધિ કરે છે.

લગ્ન મોટાભાગે "એકસાથી" જોવા મળયાં હતાં. "બહુપત્નીત્વ" ની પ્રથા છે. પણ આવશ્યક સંજોગોમાં જ બીજી પત્ની લાવવામાં આવે છે. પ્રથમ પત્નીને બાળકો ન થતાં હોય કે આર્થિક સ્થિતિ ખૂબ સારી હોય કે જમીન વધારે હોય તો બીજી પત્ની લાવે છે. લગ્નમાં લગભગ પંદરસોથી બે હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. જેથી એક પત્ની જ લાવવામાં મુશ્કેલી પડે છે. તો ગરીબ સ્થિતિવાળા વધારે પત્નીઓ કેવી રીતે રાખી શકે.

વારલીઓમાં બાળલગ્નો થતાં નથી. લગ્નની ઉંમર ૧૬ વર્ષથી ૨૪ વર્ષની વચ્ચેની છે. તપાસમાં લીધેલ કુટુંબોની લગ્ન ઉંમર નીચેના કોઠામાં બતાવ્યા પ્રમાણે જોવા મળી હતી.

લગ્ન સમયની ઉંમર

| | ૧૬ થી ૧૮ વર્ષ | | ૧૯ થી ૨૧ વર્ષ | | ૨૨ થી ૨૪ વર્ષ | | ૨૫ થી ઉપર વર્ષ | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| વારલી | ૮ | ૪૩ | ૪૨ | ૨૮ | ૧૮ | ૭ | ૬ | ૧ | ૭૪ | ૭૯ | ૧૫૩ |
| ધોડિયા | ૫ | ૨૦ | ૧૬ | ૭ | - | - | - | - | ૨૧ | ૨૭ | ૪૮ |



"મલાવ" ગામમાં વારલી અને ધોડિયાઓમાં પુરૂષોના લગ્ન ઉંમર સ્ત્રીઓ કરતાં થોડાક મોટા છે. વધુ પ્રમાણમાં પુરૂષોનાં લગ્ન ૧૯ થી ૨૪ વર્ષની વચ્ચે થયેલા જોવા મળયાં હતાં. જયારે સ્ત્રીઓમાં ૧૬ થી ૧૮ વર્ષની વચ્ચે વધુમાં વધુ લગ્નો થયેલા દેખાય છે. ૨૫ વર્ષ ઉપર બહુ ઓછાં લગ્નો થયેલા જોવા મળયાં હતાં.

લગ્ન ક્ષેત્ર :

પોતાના ગોત્રમાં લગ્ન કરવામાં આવતું નથી. ગામમાં અનેક ગોત્રો હોવાથી પોતાના ગોત્ર સિવાય બીજા ગોત્રો સાથે લગ્ન થઇ શકે છે. મામાની દિકરી સાથે પણ લગ્ન કરી શકાય છે.

લગ્ન વિસ્તાર નજીકના ગામો સુધી મર્યાદિત છે. કન્યા બહુ દૂરથી લાવવામાં આવતી નથી. પણ પરિચિતોમાંથી, ગામમાંથી કે નજીકના ગામોમાંથી જ લાવવામાં આવે છે. કારણ કે ગરીબીને કારણે દૂર દૂરના વિસ્તારોમાં મજૂરી છોડીને વારંવાર કે પ્રસંગોપાત જઇ શકાય નહીં. તેમાં પૈસા અને સમય બન્ને વધુ ખર્ચાય તો તેમને તે પોસાય તેમ નથી. જેથી સગાઇ સંબંધોનું ક્ષેત્ર મર્યાદિત વિસ્તારમાં જ ગુંથાતું જાય છે.

ગામમાં વસતાં કુટુંબોનો લગ્ન વિસ્તાર નીચેનો કોઠો જોતાં વધુ સ્પષ્ટ થાય છે કે જેમાં વારલીઓ ગામમાંથી તેમજ આજુબાજુના ૧૦ માઇલના વિસ્તારમાંથી કન્યા લાવે છે. જયારે ધોડિયાઓ ગામ સિવાય આજુબાજુના ૧૫ માઇલ સુધીના વિસ્તારમાંથી કન્યા લાવે છે.

લગ્ન કેટલા અંતરના ગામોમાં થયું છે તે દર્શાવતો કોઠો(ગોત્રવાર)

વારલી

| | ગામમાં | ૫ માઇલ સુધી | ૬ થી ૧૦ | ૧૧થી ૧૫ | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|
| આડગા | ૪ | ૧ | – | – | ૫ | ૬.૬ |
| કાકડ | ૧ | ૨ | – | – | ૩ | ૪.૧ |
| ફરલીયા | ૨ | ૧ | – | – | ૩ | ૪.૧ |
| વાઘદડા | ૭ | ૪ | ૧ | – | ૧૨ | ૧૬.૧ |
| ભાકરા | – | ૩ | – | – | ૩ | ૪.૧ |
| વરથા | ૩ | ૩ | – | – | ૬ | ૮.૧ |
| વડીઆ | – | ૩ | ૧ | – | ૪ | ૫.૪ |
| વઘાત | ૧ | ૩ | ૨ | – | ૬ | ૮.૧ |
| દુબારા | – | ૨ | ૧ | – | ૩ | ૪.૧ |
| હરપાલ્યા | ૧ | ૨ | ૧ | – | ૪ | ૫.૪ |
| માહત | – | ૧ | – | – | ૧ | ૧.૪ |
| મસીઆ | – | ૧ | – | – | ૧ | ૧.૪ |
| બામણીયા | – | ૧ | – | – | ૧ | ૧.૪ |
| બારાત | – | ૨ | – | – | ૨ | ૨.૬ |
| બારગા | – | ૧ | – | – | ૧ | ૧.૪ |
| ધુમ | – | ૧ | – | – | ૧ | ૧.૪ |
| સાવરકર | – | ૧ | – | – | ૧ | ૧.૪ |
| દોંગાવકર | – | – | – | – | – | – |
| સાપ્ટા | ૧ | – | – | – | ૧ | ૧.૪ |
| ધારડા | – | – | ૧ | – | ૧ | ૧.૪ |

ચાલુ...



ચાલુ...

| | ગામમાં | ૫ માઇલ સુધી | ૬થી ૧૦ | ૧૦થી ૧૫ | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|
| બોંધારા | ૧ | ૧ | – | – | ૨ | ૨.૬ |
| રથાત | ૧ | ૧ | – | – | ૨ | ૨.૬ |
| ધુમાડા | – | ૨ | – | – | ૨ | ૨.૬ |
| ઓજરિયા | – | ૧ | – | – | ૧ | ૧.૪ |
| વાડકર | ૧ | ૨ | – | – | ૩ | ૪.૧ |
| તરીઆ | – | – | ૧ | – | ૧ | ૧.૪ |
| ગાગડ | – | – | ૧ | – | ૧ | ૧.૪ |
| દાવલીયા | – | ૧ | ૧ | – | ૨ | ૨.૬ |
| વડવી | – | ૧ | – | – | ૧ | ૧.૪ |
| કુલ | ૨૩<br>૩૧.૧ | ૪૧<br>૫૫.૪ | ૧૦<br>૧૩.૫ | – | ૭૪ | |
| ધોડિયા | – | ૧૦<br>૪૭.૬ | ૯<br>૪૨.૯ | ૨<br>૯.૫ | ૨૧ | |

## કેટલા અંતરના ગામમાં લગ્ન થયું

### ધોડિયા

| | |
|---|---|
| ૧ થી ૫ માઇલમાં | ૧૦ |
| ૬ થી ૧૦ | ૯ |
| ૧૧ થી ૧૫ | ૨ |
| | ૨૧ |



## કયા ગોત્રમાં લગ્ન થયાં છે તે દર્શાવતો કોઠો

(કયું ગોત્ર કયા ગોત્રમાંથી કન્યા લાવે છે તે દર્શાવતો કોઠો)

ગામના કુટુંબોનો ગોત્ર

વારલી

| લગ્ન થયું હોય તે ગોત્ર | આડગા | કાકડ | ફરલીયા | વાઘદડા | ભીકરા | વરથા | વડીઆ | વધાત | દુબારા | હરપાળ્યા | માહદા | મસીઆ | બામણીયા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભીકરા | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ઘુમારા | ૧ | - | - | - | - | - | - | ૨ | - | - | - | - | - |
| ખીમારી | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| રૈયાત | ૨ | - | - | ૧ | - | - | - | - | - | - | ૧ | - | - |
| આડગા | - | - | ૨ | ૧ | - | - | - | - | - | - | - | - | - |
| ધમામી | - | ૧ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - |
| હડલ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| માલવકો | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| બારાત | - | - | ૧ | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - |
| પાસી | - | - | - | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - |
| વક | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - |
| ઠાકરીયા | - | - | - | ૨ | - | ૧ | - | - | - | - | - | - | - |
| ભુજેડ | - | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - |
| વીલાત | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - |
| વધાત | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૧ | - |
| ટોકર | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - |
| વનજારા | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - |
| ધુમ | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - |

ચાલુ..

ચાલુ...

| લગ્ન થયુ હોય તે ગોત્ર | આડગા | કાકડ | કરલીયા | વાઘડડા | ભીકરા | વરથા | વડીઆ | વધાત | ધુમારા | ઠાકરીયા | માલડા | મસીઆ | કામળીયા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વલવી | - | - | - | - | - | ૧ | - | ૧ | - | - | - | - | - |
| દોહરા | - | - | - | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - |
| કાકડ | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - |
| કાચરા | - | - | - | - | - | ૨ | - | - | - | - | - | - | - |
| ભુરવડ | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - |
| ગુરુવા | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - |
| કરલીયા | - | - | - | - | - | - | - | ૨ | - | - | - | - | - |
| દાવરીયા | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - |
| ભીલડીઆ | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - |
| કુમ્હારા | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - |
| ગોવારી | - | - | - | - | - | - | - | - | - | ૨ | - | - | - |
| વરથા | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - |
| વાઘ ડોડિયા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| મારણી | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ઉમરસાદ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| કલપારા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| જરીયા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| સાપ્પા | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - |
| કુલ | ૫ | ૩ | ૩ | ૧૨ | ૩ | ૬ | ૪ | ૬ | ૩ | ૪ | ૧ | ૧ | ૧ |



## કયા ગોત્રમાં લગ્ન થયા છે તે દર્શાવતો કોઠો

(કયુ ગોત્ર કયા ગોત્રમાંથી કન્યા લાવે છે તે દર્શાવતો કોઠો)

ગામના કુટુંબોનો ગોત્ર

વારલી

| લગ્ન થયુ હોય તે ગોત્ર | ભારાડ | ભારગા | ધુમ | તાવરકર | ડોગાવકર | સારટા | ખારડા | ભોયારા | રથાત | ધુમાડા | ભોયડીયા | વાડકર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભીકરા | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ |
| ધુમારા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ખીમારી | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| રૈયાત | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| આડગા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| વમામી | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| હડલ | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - |
| માલવકો | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| બારાત | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| પાસી | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| વક | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ઠાકરીયા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ભુજેડ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| વીલાત | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| વધાત | ૧ | - | ૧ | - | - | ૧ | ૧ | - | - | - | - | - |
| ટોકર | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| વનજારા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ધુમ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |

ચાલુ...

ચાલુ...

| લગ્ન થયુ હોય તે ગોત્ર | બારાત | બારગા | ઘુમ | સાવરકર | ઠોગાવકર | સાટલા | ઘારડા | બોપારા | રયાત | ઘુમડા | બોજરીયા | વાડકર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વલવી | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| દોહરા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| કાકડ | - | ૧ | - | - | - | - | - | - | - | - | ૧ | - |
| કાચરા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ભુરવડ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ગુરવા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ફરલીયા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| દાવરીયા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ભીલડીઆ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| કુન્હારા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ગોવારી | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| વરથા | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | - |
| વાઘડોડીયા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| મારગી | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - |
| ઉમરસાદ | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | ૧ |
| કલ્પારા | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| જરીયા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| સાપ્પા | - | - | - | - | - | - | - | ૨ | - | - | - | - |
| કુલ | ૨ | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૨ | ૨ | ૨ | ૧ | ૩ |



## કયા ગોત્રમાં લગ્ન થયાં છે તે દર્શાવતો કોઠો

(કયુ ગોત્ર કયા ગોત્રમાંથી કન્યા લાવે છે તે દર્શાવતો કોઠો)

ગામના કુટુંબોના ગોત્ર

વારલી

| લગ્ન થયુ હોય તે ગોત્ર | | | | | |
|---|---|---|---|---|---|
| ભીકરા | - | - | - | - | ૩ |
| ઘુમારા | - | - | - | - | ૩ |
| ખીમારી | - | - | - | - | ૧ |
| રૈયાત | - | ૧ | ૧ | - | ૬ |
| ચાડગા | - | - | - | - | ૩ |
| વમામી | - | - | - | - | ૨ |
| હડલ | - | - | - | - | ૨ |
| માલવકો | - | - | - | - | ૧ |
| બારાત | - | - | - | ૧ | ૪ |
| પાસી | - | - | - | - | ૨ |
| વક | - | - | - | - | ૨ |
| ઠાકરીયા | - | - | - | - | ૩ |
| ભુજેડ | - | - | - | - | ૨ |
| વીલાત | - | - | - | - | ૧ |
| વધાત | - | - | - | - | ૬ |
| ટોકર | - | - | - | - | ૧ |
| વનજારા | - | - | - | - | ૧ |
| ઘુમ | ૧ | - | - | - | ૨ |

ચાલુ...

ચાલુ...

| લગ્ન થયું હોય તે ગોત્ર | | | | | |
|---|---|---|---|---|---|
| વલવી | – | – | – | – | ૨ |
| દોહરા | – | – | – | – | ૨ |
| કાકડ | – | – | – | – | ૩ |
| કાચરા | – | – | – | – | ૨ |
| ભુરવડ | – | – | – | – | ૧ |
| ગુરુવા | – | – | – | – | ૧ |
| ફરલીયા | – | – | – | – | ૨ |
| દાવરીયા | – | – | –– | – | ૧ |
| ભીલડીયા | – | – | – | – | ૧ |
| કુમ્હારા | – | – | – | – | ૧ |
| ગોવારી | – | – | – | – | ૨ |
| વરથા | – | – | – | – | ૨ |
| વાઘડોડિયા | – | – | – | – | ૧ |
| મારગી | – | – | – | – | ૧ |
| ઉપરસાદ | – | – | – | – | ૨ |
| કલ્પારા | – | – | – | – | ૧ |
| જરીયા | – | – | ૧ | – | ૧ |
| સાપ્પા | – | – | – | – | ૩ |
| કુલ | ૧ | ૧ | ૨ | ૧ | ૭૪ |



વૈવાહિક દરજ્જો :

૧૯૭૦ અને ૧૯૮૦ માં તપાસમાં લીધેલ મલાવ ગામના વારલી અને ધોડિયાઓનો વૈવાહિક દરજ્જો આ પ્રમાણે જોવા મળયો હતો.

| | | કુલ કુટુંબો | અપરિણીત પુ. | અપરિણીત સ્ત્રી | પરિણીત પુ. | પરિણીત સ્ત્રી | વિધૂર કે વિધવા પુ. | વિધૂર કે વિધવા સ્ત્રી | છૂટાછેડા લીધેલ પુ. | છૂટાછેડા લીધેલ સ્ત્રી | કુલ પુ. | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વારલી | ૧૯૭૦ | ૪૬ | ૮૦ | ૭૭ | ૭૧ | ૭૨ | ૨ | ૬ | ૧ | ૧ | ૧૫૪ | ૧૫૬ |
| | ૧૯૮૦ | ૩૩ | ૫૮ | ૪૯ | ૫૦ | ૪૮ | ૩ | ૨ | - | - | ૧૧૧ | ૯૯ |
| ધોડિયા | ૧૯૭૦ | ૧૧ | ૨૦ | ૨૪ | ૨૧ | ૨૩ | - | ૪ | - | - | ૪૧ | ૫૧ |
| | ૧૯૮૦ | ૯ | ૨૧ | ૧૫ | ૧૮ | ૧૮ | - | - | ૧ | - | ૪૦ | ૩૩ |



વારલીઓમાં ૧૯૭૦ માં અપરિણીતોનું પ્રમાણ ૫૨ ટકા હતું. જ્યારે ૧૯૮૦ માં ૫૧ ટકા હતું. જે લગભગ સરખું જ રહયું છે. પરિણીતોનું પ્રમાણ ૧૯૭૦ માં ૪૪.૭ ટકા હતું જે ૧૯૮૦ માં ૪૬.૭ ટકાનું થયું હતું. જેમાં થોડોક વધારો જોવા મળયો હતો. જ્યારે વિધૂર વિધવાના પ્રમાણમાં ૧૯૭૦ અને ૧૯૮૦ માં સરખાપણું જોવા મળયું છે. જો કે વારલીઓમાં પુનઃલગ્ન થતાં હોવાથી વિધૂર અને વિધવાનું પ્રમાણ ઘણું ઓછું છે. મોટી ઉંમરે વિધવા થાય અને બાળકો મોટા હોય તો જ લગ્ન કરતી નથી, નાની ઉંમરે થયેલી વિધવા અન્ય વિધૂરની સાથે કે છૂટાછેડા લીધેલ પુરૂષ સાથે લગ્નથી જોડાઇ જાય છે. ૧૯૭૦ માં છૂટાછેડા લીધેલ કે પત્નીને કાઢી મૂકી હોય કે જતી રહી હોય તેવા સભ્યો ૦.૬ હતા. પણ ૧૯૮૦ માં એક પણ સભ્ય વારલીમાં જોવા મળયો નથી. ધોડિયાઓમાં પણ વારલીઓના જેટલું પ્રમાણ વૈવાહિક દરજ્જામાં જળવાઇ રહેલું જોવા મળયું હતું.

લગ્ન સાથી પસંદ કરવાની પધ્ધતિઓ :

વારલીઓમાં લગ્નો લગભગ માતા-પિતાની પસંદગી દ્વારા થાય છે. જેમાં પુત્ર કે પુત્રીની સંમતિને માન આપવામાં આવે છે છતાં મા-બાપની પસંદગીનો આધાર મોટો હોય છે.

આ સિવાય કેટલાક કિસ્સાઓમાં છોકરો-છોકરી એક-બીજાના પ્રેમમાં હોય તો તેઓ માતા-પિતાની સંમતિ મળી શકે તેવું ન લાગે તો ભાગી જઇને લગ્ન કરે છે. જેઓ એક બે વર્ષ બાદ ગામમાં પાછા આવે છે. આ સિવાય હરણલગ્ન, હઠલગ્ન, સાટા-લગ્ન, ઘંઘાડલગ્ન વગેરે અનેક પધ્ધતિઓથી લગ્નસાથી પસંદ કરવામાં આવે છે.

ખંધાડિયા પ્રથા :

વારલીઓમાં આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી લગ્નનો ખર્ચ કરી શકવાની શકિતના અભાવમાં છોકરો છોકરીના પિતાને ત્યાં ત્રણ-ચાર વર્ષ રહી મજૂરી દ્વારા દહેજ વસૂલ કરી કન્યા મેળવે છે. વારલીઓમાં ૪૬ કુટુંબોમાં તપાસ સમયે ૨૧ ખંધાડિયાઓ જોવા મળયા હતાં.

વિધિપૂર્વકનાં લગ્નો થાય તેમાં છોકરો લગ્ન કરવા લાયક થાય એટલે યોગ્ય કન્યા માતા-પિતા જોતા રહે છે. લગ્નનું નકકી કરાવવા માટે વારલીઓમાં એક મધ્યસ્થી હોય છે. જે બન્ને કુટુંબોને ઓળખતો હોય છે. આ વચ્ચેના માણસને "વરાડ" કે "આગળિયો" કહેવામાં આવે છે. આ "વરાડ" લગ્નની વાતચીત બન્ને કુટુંબોને કરી નકકી કરાવે છે. શરૂઆતથી લગ્નની વિધિ પૂરી થાય ત્યાં સુધી અને લગ્નબાદ પણ કોઇ જાતનો પ્રશ્ન ઉભો થાય તો તે પતાવી આપવાની જવાબદારી તેની હોય છે.

પ્રથમ છોકરાવાળા નકકી થયાબાદ છોકરી જોવા માટે અને "સગાઇ" નું નકકી કરવા જાય છે. જેમાં પટેલ (વારલી જાતિનો ગામનો પટેલ); કાઠીઓ (ચોકીયાત તરીકે કામ કરતો વારલી જાતિનો પુરૂષ); બે ત્રણ પોતાના કુટુંબના વડીલો તેમજ જેનું નકકી કરવાનું હોય તે છોકરો અને વરાડ મળી છ-સાત વ્યકિતઓ છોકરીને ઘેર જાય છે; ત્યાં જઇ છોકરા-છોકરી એક-બીજાને જુએ. પસંદ પડે તો "સગાઇ" ની વિધિ કરવામાં આવે છે અને દહેજ ૧૦૦ થી ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે. આ ઉપરાંત જે આપવા-લેવાનું હોય તે વધુ જ નકકી કરી દેવામાં આવે છે. વારલીઓમાં દહેજ નકકી કરેલ હોય છે તે ઉપરાંત



લગભગ ૭ થી ૮ મણ જેટલું અનાજ આપવું પડે છે. જેમાં ૭ મણ ભાત, ૧૦ કિલો તુવર અને અડદ, આ અનાજ જાન જવાની હોય તેના ૧૦ દિવસ પહેલાં વરપક્ષેથી થોડાક પુરૂષો આપી આવે છે. લગ્નનો માંડવો નાખવાના આગલા દિવસે કપડાં લેવા બાજુના શહેરમાં કે હાટમાં જાય છે. જેમાં ૧૦-૧૫ કુટુંબીજનોને લઇ જવા પડે છે.

સગાઇ નકકી થઇ હોય પણ આર્થિક સ્થિતિ સારી નહોય અને લગ્નનું ખર્ચ જે લગભગ બે હજાર જેટલું કરી શકવાની શકિત (કન્યાનાં કપડાં, દાગીના, સંબંધીઓનાં કપડાં, ગાંઠી, હલદી દેવાની વિધિનું ખર્ચ, લગ્ન વખતનું ખર્ચ) ન હોય તો કન્યાને ઘરમાં લાવી શકે લગ્નની વિધિ સિવાય જેને "ઉધડી" લાવવી કહે છે.

ઉધડી લાવવી :

લગ્નનો પૂરો ખર્ચ કરી શકવાની શકિત ન હોય તો માત્ર [illegible] થોડુંક દહેજ આપી સામાન્ય વિધિ કરી કન્યા લઇ આવવામાં આવે છે. જેમાં લગ્ન પાછળ થતું ખર્ચ આ વખતે કરવાનું બચી જાય છે. ઉધડી લાવવાની વિધિ કર્યા બાદ ઘર સંસાર માંડી થોડાક [illegible] કરી લે છે. લગ્ન વિધિ કરવી તે આવશ્યક છે અને દહેજના પૈસા પણ એકી સાથે ન આપી શકાય તો હપ્તે હપ્તે આપવાની વારલીઓમાં જોગવાઇ છે.

લગ્નવિધિ :

વારલીઓમાં લગ્નની વિધિ ભગત કરાવે છે. ભગત વિધિ કરતા હોય ત્યારે મંત્રો બોલે અને મંત્ર બાદની વિધિ શરૂ કરે તે

વખતે ગીતો ગાનારીઓ ગીતો ગાય છે, આ ગીતો અને ભગત દ્વારા થતી લગ્નની વિધિ બન્ને એક બીજા સાથે સંકડાયેલ છે. ગીત ગાનારીઓને "ધવલગીરી" કે "ધાવલી" કહેવામાં આવે છે.

ભગત લગ્ન હોય તેના ઘેર વિધિ માટે રાત્રે સાત-આઠ વાગે આવી જાય છે, આવ્યા બાદ ખુલ્લા શરીરે ઉખળ (ખાણીયા) પાસે બેસે છે. તેની બાજુમાં ગાનારી સ્ત્રીઓ બેસે છે. નવરાના ઘરની ઓસરીનો ભાગ સગાં-સંબધીઓથી સંપૂર્ણ ભરાઇ જાય છે. ભગત વિધિ શરૂ કરે છે, ગાનારી સ્ત્રીઓ ભગત જેમ જેમ સૂચના આપતો જાય તેમ તેમ ગાવાનું હોય છે એટલે કે આ લગ્ન ગીતો વિધિ સાથે જોડાયેલ હોય છે, જે ક્રમઅનુસાર ભગતના સૂચન પ્રમાણે ગવાય છે અને તે રીતે ભગત વિધિ કરે છે. પ્રથમ "દેવ કરવાની વિધિ" કરવામાં આવે છે તેમજ કુળદેવ "નારણદેવ" નું પ્રથમ આવાહન કરવામાં આવે છે.

દેવ કરવાની વિધિ :
---------------

ભગત ખાણીયાની બાજુમાં ચોખા લઇ પાંચ ઢગલા કરે છે (બે કિલો જેટલા ચોખા હોય છે) ચારબાજુ ચાર અને એક વચ્ચે ઢગલો કરવામાં આવે છે. આ પાંચે ઢગલાની વચ્ચે પણ ચોખા નાખવામાં આવે છે. તેમાં છૂટા પૈસા અને હળદળ, લસણનું એક ફેડવું મુકે છે. બાજુમાં એક ટોપલીમાં થોડાક ચોખા, લસણ મૂકી રાખે છે અને ભગત પોતાની આગળ પાણી ભરેલો લોટો મુકે છે.

ભગત મંત્રો બોલવાનું શરૂ કરે તે પહેલાં દરેક વખત ગાનારીઓને ગાણું ગાવાનું કહે તે ગાવાનું શરૂ કરે છે. ત્યારે ભગત ધૂણવાનું શરૂ કરે છે અને મંત્રો (વારલી બોલીમાં) બોલતો જાય



ગાણું પુરૂ થવા આવે ત્યારે જોરથી ધુણે છે, અને બાજુની ટોપલીમાંથી ચોખા લઇ, પાણી ભરેલા લોટામાં નાખી મંત્રો બોલી દેવને આવાહન કરે ત્યારે તેના હાથમાં બાજુમાં બેઠેલ માણસ એરંડીયાવાળી ઘાસની દિવેટ બનાવીને ભગતને આપે જેનાથી તે એક હાથમાં સળગતી દિવેટ રાખી લોટા ઉપર ધરીને લોટામાં નજર કરે છે. જો દેવ આવ્યા ન હોય તો લોટામાં ચોખા નાખી ફરીથી મંત્રો બોલે અને દેવ આવે કે તુરત તેને લોટામાંથી મુઠ્ઠીવાળી બહાર કાઢે અને ચોખાના ઢગલા પર મુકે (ભગત દેવ મુઠ્ઠીમાં આવ્યા છે અને તેને ઢગલા પર બેસાડવાનો અભિનય કરે છે)

આ રીતે ક્રમવાર લોટામાંથી દેવ કાઢીને ઢગલાઓ પર બેસાડે અને ગાનારીઓના ગાણાંની સાથે ધુણ્યા કરે છે. તે ક્રમવાર વિધિ આ પ્રમાણે કરે છે. બાજુમાં નવરાને (વરને) બેસાડવામાં આવે છે. આ વિધિમાં પ્રથમ ધુણીને દેવ કાઢયા બાદ ટોપલીમાંથી લસણ હાથમાં લે તેને ભાંગીને ચોખા પર મૂકે છે.

(૧) ફરીથી ધૂણવા માંડે છે અને દેવ લોટામાંથી કાઢી પાંચ ઢગલામાંથી ચોખા લઇ નવરાને (વરલાડાને) આપે છે. નવરાના બાપાને બાને સગાસંબધીઓને ચોખા હાથમાં આપે છે.

(૨) ત્યારબાદ નવરીનાં (કન્યાનાં) કપડાંની ટોપલી મંગાવે છે. તેમાંથી સફેદ દોરા કાઢી તેને જનોઇ આકારે બનાવી ભગત પહેરે છે. જમણા ખભેથી ડાબી કેડ સુધી જનોઇની માફક પહેરે છે અને ધુણીને વિધિ કરે છે. પછી તે જનોઇને કાઢી મૂકી દે છે અને તેમાંથી દિવેટો બનાવી સળગાવવામાં આવે છે.

(૩) નવરીના કપડાંની ટોપલીમાંથી નવરીની સાડીનો છેડો અને નવરાનો મોટો ગળે નાખવાનો લાલ રૂમાલ (નવો) નો છેડો

ટોપલી બહાર રાખી ગાણું પુરૂ થતાં ભગત એકદમ ધુણીને દેવને આવાહન કરી બંને છેડા થોડાક સળગાવે છે.

(૪) આકડાની માળાઓ અને બારસીંગ (મોડ માથે પહેરવાના) નવરીના કપડાને ટોપલીમાંથી કાઢી ભગત ધુણ્યા બાદ નવરાને તે બન્ને વસ્તુઓ કપાળે અડકાડે છે. પછી ધાવલી (ગાનારી સ્ત્રી) અને નવરાની ભાભી તે બારસીંગ અને આકડાની માળાઓ ત્યાં બેઠેલ બધાને અડકાડે છે.

(૫) ફરી ભગત ધૂણવા માંડે છે અને ધૂણ્યાબાદ નવરાને ભગત ચાંલ્લો કરે છે. ત્યારબાદ નવરાના પિતા, બા, ભાઇ વગેરેને ચાંલ્લા કરવામાં આવે છે. અને ત્યાં બેઠેલ સર્વને ચાંલ્લા કરવામાં આવે છે.

(૬) ગાણાં ભગતની સૂચના મુજબ ચાલુ જ હોય છે ગાણું પુરૂં થતાની સાથે જ ભગત જોરથી ધૂણવા માંડે છે અને લોટામાંથી દેવનુ આવાહન કરે છે. ધાવલી (ગાનારી સ્ત્રી), નવરાનો ભાઇ-ભાભી અને બીજા કોઇ પણ પુરૂષ અને સ્ત્રીને ચોખાના ઢગલાની પાસે સામસામે એક બીજાના હાથ અડકે તેવી રીતે ઉભા રાખવામાં આવે છે. તેઓ એકબીજાના હાથ પકડીને ઉભા રહે છે. જયારે એક સ્ત્રી અને એક પુરૂષ એક એક હાથે તેલની શીશી પકડે છે એક હાથમાં નાના તીરથી તેલ ચોખાના ઢગલા પર ધરી રાખેલ હાથ પર ત્રણ વખત નાખવામાં આવે ત્યારબાદ ભગતની ઉપર હાથ સામસામે પકડીને ધરી રાખવામાં આવે છે અને ત્યાં પણ ત્રણ વખત હાથ પર તેલ નાખવામાં આવે છે. તે જ રીતે તેલ નાખનાર સ્ત્રી-પુરૂષ જે રીતે તેલ નાખતાં હતાં તેજ રીતે સામ સામે હાથ પકડી રાખનાર સ્ત્રી પુરૂષ તેલ નાખે અને તેલ નાખનાર સ્ત્રી-પુરૂષ હાથ સામ-સામા પકડી રાખે.



(૭) ફરીથી ગાણું ગવાય પુરૂ થતાંની સાથે ભગત દેવને આવાહન કરે અને તે ચાર સ્ત્રી-પુરૂષો એક સફેદ કાપડના કડકામાં ચોખા નાખી તેમાં નવરીની બંગડીઓ અને ગળાની કાળી ગાંઠી ચોખામાં નાખે છે. આ કપડાને ચોખાની ઢગલી ઉપર પકડી રાખી બે સ્ત્રી અને બે પુરૂષો સામસામા ઉભા રહે છે. જેમાં એક સ્ત્રી અને પુરૂષ આ કપડાને સામસામે છેડેથી પકડી રાખે છે અને બીજી સ્ત્રી અને પુરૂષ સામસામાં ઉભા રહી એક હાથે વાડકી પકડી નીચેના હાથમાં તીર રાખી તે તીરથી કપડાના નીચેના ભાગને ઉભો કરી વાડકીમાં ગાંઠી અને બંગડીઓ લઇ તે વાડકી સામે ઉભેલ સ્ત્રી કે પુરૂષને નીચેથી આપે તે લઇ ફરીથી તે ચોખામાં નાખે પછી તે તેવી રીતે લઇને નીચેથી સામે ઉભેલ ને આપે આમ ત્રણ વખત કરે પછી આજ રીતે ભગતની પાસે આવીને કરવામાં આવે છે. ત્યાર-બાદ આજ રીતે ફરીથી કપડુ પકડી રાખનાર આજ વિધિ કરે અને જે સ્ત્રી પુરૂષ ગાંઠી અને બંગડીઓ કાઢતાં હતાં તે કપડુ પકડીને ઉભા રહે છે. ત્યારબાદ તે જ કપડામાં વાડકી, ગાંઠી, બંગડીઓ અને ચોખા બાંધીને મુકી દે છે.

(૮) ત્યારબાદ વાજાં વગાડનારને ઘરમાં બોલાવવામાં આવે છે. આ વાજાંવાળા જોરથી વાજાં વગાડવાનુ શરૂ કરે છે. ગાણું પુરૂ થતાંની સાથે ભગત બરાબર ધૂણે છે તે સમયે એક મરઘી લાવી ભગતની સામે એક વ્યકિત તેને બરાબર જમીન સરખી દબાવીને પકડી રાખે છે. ભગત એકદમ જોરથી ધુણીને ઝડપથી મરઘીની ડોક ખેંચી લે છે અને ઝડપથી તે મરઘીની ડોકને પાછળ ફેંકી દે છે. પછી તે ડોક વગરની મરઘીને ખાણીયામાં દબાવી દેવામાં આવે છે. થોડીકવાર ખાણીયામાં નાખી તેને ભગત પોતાની પાછળ મૂકી દે છે.

(૯) ફરીથી ભગત દેવને આવાહન કરે છે. શેકેલી ડાંગર લાવી ભગતના હાથમાં આપવામાં આવે છે. તે ડાંગરને ભગત એક દિવેટ સળગાવી તે ડાંગરને સળગાવી તે ડાંગર નવરાને, નવરાના માતા-પિતાને, સગા-સંબંધીઓ અને ત્યાં બેઠેલ સર્વેને એક-બે દાણા ખાવા આપવામાં આવે છે. પછી ધાવલી ગાવાનું શરૂ કરે.

(૧૦) આજ રીતે ગાણું પુરૂ થતા દેવનું આવાહન કરી ધુણતા ભગતની સામે બીજી મરઘી લાવવામાં આવે છે. તે મરઘીને ભગત પકડી તેની ડોક પરથી ત્રણવાર તેના વાળ ખેંચી ચોખાના ઢગલા પર નાખે છે. ( આ મરઘાને મારવામાં આવતી નથી.)

(૧૧) ત્યારબાદ તાડી લાવી પ્રથમ તાડી ભગતને આપવામાં આવે ભગત તે તાડીમાંથી થોડીક તાડી દેવને ચડાવે પછી તે તાડી પીએ. ત્યારબાદ ત્યાં બેઠેલ સર્વેને તાડી પીવા માટે અપાય છે.

( આ રીતે સાંજે ૭ વાગે શરૂ થયેલી વિધિ રાત્રિના બે વાગ્યા સુધી ચાલે છે. વિધિ પુરી થતા વાજિંત્રો વગાડનાર ઘરની બહાર જાય છે અને વાજિંત્રો વગાડવાનું શરૂ કરે છે. સાથે જ સ્ત્રી-પુરૂષો નાચવાનું શરૂ કરે છે.)
થોડાક સમય પછી ઘરનાં એક ખૂણામાં ભગત ચોખા, મૂકા કંકુ, સીંદુર, અબીલ વગેરેથી ભાત (ડીઝાઇન) પાડી તેના પર એક નાનુ માટીનું ગાડવુ મુકે છે. તે ગાડવામાં પાણી ભરી ચાર આના અંદર નાખે છે અને ગાડવા પર આંબાના પાનમાં નાળીયેર મૂકી રાખે છે. પછી વાજાવાળા ઘરમાં આવી વાજા વગાડે નવરાને આ ગાડવા આગળ બેસાડી ભગત તેની બાજુમાં બેસી ધુણીને વિધિ કરે છે. ત્યારબાદ દેવ કરવાની વિધિ પુરી થાય છે. (રાત્રે હળદળ પાડી દળીને રાખી મૂકવામાં આવે છે.)



માંડવો :

સવારે વહેલા જંગલમાંથી કુટુંબની એક વ્યકિત જઇને લાકડાં લઇ આવે છે. લાકડાં આવ્યા બાદ કુટુંબના વ્યકિતઓ તેમજ સગા-સંબંધીઓ ભેગા થઇ માંડવો બાંધે છે. માંડવો ઘરના બારણા સામે જ બાંધવામાં આવે છે. મંડપમાં ચારે બાજુ આઠ થાંભલા સાદડીના ઝાડના ઉભા કરવામાં આવે છે. ઉપરથી ઝાડના ડાળાં નાખી ઢાંકી દેવામાં આવે છે. મંડપની વચ્ચે એક સાદડીના ઝાડનો અને એક ઉમરાના ઝાડનો થાંભલો જેને વચ્ચે ફુટા જેવું રાખી બંને થાંભલા ઉભા કરવામાં આવે છે. તેની બાજુમાં સાંબેલુ મુકે છે. જેને આંબાના પાન બાંધવામાં આવે છે. ત્યારબાદ દરેક થાંભલાને હળદળ લગાવે છે. આ મંડપના મુખ્ય આવવા જવાના ઘરના બારણાની સામેના મંડપના છેડે બે વાંસ ક્રોસમાં બાંધી રાખે છે જયાં ક્રોસ થાય ત્યાં ત્રિકોણ જેવું બનાવી ત્યાં આંબાના પાન બાંધવામાં આવે છે. આ ક્રોસ નીચેથી આવવા જવાનું

આને વારલી ભાષામાં "બતાસી" કહે છે. મંડપથી થોડેક દૂર બે થાંભલા ઉભા કરી આંબાનું તોરણ બાંધી રાખે છે.
આટલી તૈયારી બાદ એક ટોપલી (જે ટોપલીમાં નવરીના બંગડીઓ, નવાં કપડાં. આકડાની માળાઓ, ગાંઠા વગેરે મૂકેલા હોય છે.) ગાનારી સ્ત્રીઓ મંડપમાં લઇ આવે છે. નવરો (વરલાડો) પણ સાથે આવે છે. અહીં એક સ્ત્રી એક પુરૂષ બંગડીઓ અને ગાંઠા મૂકી નવું કપડું સામ સામે પકડી ઉભા રહે અને બીજી બાજુ સામસામે એક સ્ત્રી પુરૂષ ઉભા રહે તે હાથમાં તીરથી કપડામાં રહેલ બંગડીઓ અને ગાંઠા વાડકામાં મૂકી બહાર કાઢી નીચેથી સામે ઉભેલ વ્યકિતને આપે આમ ત્રણ વખત

કરવામાં આવે છે. તે જ પ્રમાણે ફરીથી કપડું પકડી રાખનાર સ્ત્રી-પુરૂષ એજ રીતે કરે ત્યારબાદ બધાં ઉમરાના ઝાડની પૂજા કરવા જાય છે. સૌ પહેલાં વાજાં વગાડવાવાળા નવરો ગાનારી સ્ત્રીઓ (ધાવલીઓ) નવરાના ભાઇ-ભાભી તેમજ અન્ય સગાં-સંબંધી સ્ત્રી-પુરૂષો જાય છે, પ્રથમ "આંબટી" ના ઝાડ આગળ જઇ ત્યાં ત્યાં દીવો કરી તેલની શીશી અને તીર પુરૂષ અને એક સ્ત્રી પકડી રાખે. બીજી સ્ત્રી અને બીજો પુરૂષ સામસામાં હાથ પકડીને ઉભાં રહે ત્યાં ત્રણ વખત તેલ પાડવામાં આવે ત્યાર બાદ તેલની શીશી અને તીર પકડનાર સામા-સામા હાથ પકડીને ઉભાં રહે અને હાથ પકડીને ઉભાં રહેલાં બે જણ તેલ અને તીર પકડી ત્રણ વખત પહેલાંની જેમજ તેલ ત્રણ વખત નાખે છે. એવી રીતે જ વારાફરતી ગાંઠી અને બગડીઓ કોરા કપડામાંથી નીચેથી આપે. આમ કર્યાં બાદ બે ત્રણ નાનાં લાકડાં ત્યાં મૂકીને ઉમરાના ઝાડ આગળ જાય છે. ત્યાં પણ આવી રીતે જ પૂજા કરવામાં આવે છે. અહીં આ ઝાડની ડાળી નીચે બે જણ કોરૂ કપડું પહોળું કરીને પકડીને ઉભા રહે ત્યારે એક વ્યકિત ઝાડની ડાળી કાપીને આ કપડામાં જ પડે તે રીતે નાખે છે. ત્યારબાદ એક કપડાને એ રીતે જ બે જણ પકડીને ઘર તરફ આવે છે. બધાં સ્ત્રી-પુરૂષોને વચ્ચે બેસાડી દારૂ પાવામાં આવે છે. ત્યારબાદ મંડપના મુખ્ય પ્રવેશ દ્વાર આગળથી બધાં મંડપમાં આવે છે.

## હલદી આપવી:

હલદી આપતાં નવરાને ખાણીયા પાસે બેસાડવામાં આવે છે. તેના પર એક સફેદ કપડું ઓઢાડવામાં આવે છે. ત્યારબાદ બે થાળીમાં હળદળ લાવવામાં આવે છે. તેમાં પાણી નાખી



ભીની કરે છે. પહેલાં ધાવલી (ગાનાર સ્ત્રીઓ) હળદળ લગાવે છે, હળદળ લગાવતી વખતે ડાબો હાથ જમણા હાથની કોણી ઉપર રાખી એક હાથે હળદળ પીઠ પાછળ બે વખત ફેરવે પછી હળદળ ચોપડવામાં આવે છે. ત્યારબાદ નવરાની બા, પિતા, ભાઇ, ભાભી તેમજ સગાં-સંબંધીઓ હળદળ લગાવે છે, હળદળ લગાવા આવનાર સંબંધીઓ નવરાને બે ચાર આના આપે છે. ત્યારબાદ સ્ત્રીઓ અંદર અંદર એક બીજાની મશ્કરી કરી હળદળથી રંગી દે છે. આવી મજાક થોડીકવાર કર્યાં બાદ વધેલી હળદળ મંડપના થાંભલે લગાડી આવે છે.

બે ત્રણ હાથનું કોરૂં કપડું ૬" જેટલું પહોળું લઇ તેની કિનારીઓ ફાડી નાખી તે કપડાના ઉભા બે ભાગ કરી ધાવલી તે બે કપડાંમાં પાંચ-દશ પૈસા, હળદળ, કંકુ, સીંદુર, ચોખાની દરેકમાં સાત-સાત ગાંઠ વાળી તેને હળદળથી રંગી નવરાને શરીરે જનોઇ આકારે પહેરાવે છે. ત્યારબાદ નવરાને બારસીંગ (લગ્નનો મોડ) બાંધતી વખતે એક જણ નવરાને કહે છે કે "હવે તને બારસીંગ બાંધવામાં આવે છે તું ડાહા-ડગરાનું પોષણ કરજે" ત્યારબાદ મંડપમાં જઇ નવરો - બા - ભાઇ - ભાભી - દાદા - કાકા - બહેન વગેરેને કપડાં આપે છે.

આ હલદીની વિધિ પૂરી થયા બાદ કુટુંબીઓ અને સગાં-વહાલાંને દાળ-ભાત ખવડાવવામાં આવે છે. ભોજન પુરૂં થતા નવરાને કપડાં પહેરી તૈયાર કરવામાં આવે છે. નવરો પોષાકમાં ધોતિયું, પહેરણ, કોટ, ટોપી પહેરી બારસીંગ માથે બાંધે છે. હાથમાં તીર, નાળિયેર અને ગુલાબનાં ફૂલનો ગજરો રાખે છે. ગળામાં ફૂલની માળા તેમજ દાગીના અને કાળી ગાંઠી પણ પહેરવામાં આવે છે. પગમાં બુટ, મોજાં, આંખમાં મેશ, કપાળમાં

ચાંલ્લા કરવાની શીશીથી લાલ રંગીને તેમાં સોનરી ચાંલ્લા ચોટાડવામાં આવે છે. ત્યારબાદ નવરાને તેડીને મંડપમાંથી ગાડામાં જઇને બેસાડવામાં આવે છે. નવરાની સાથે તેની બેન માથે પાણી ભરેલો લોટો તેના પર આંબાનાં પાનની વચ્ચે નાળિયેર મૂકી નવરાની સાથે રહે છે. જેને "કુરૂલી" કહેવામાં આવે છે.

જાનમાં બે ત્રણ ગાડાં લઇ જાય છે. ગાડામાં બેસી શકે તેટલાં સ્ત્રી પુરૂષો બેસે તે સિવાયના ચાલતાં જાય છે. આશરે પચાસ-સાઠ સ્ત્રી-પુરૂષ-બાળકો જાય છે.

જાન વેવાઇને ત્યાં પહોંચ્યા બાદ જાનનુ સામૈયુ કરી નાચતા-નાચતા વેવાઇને મંડપે લઇ જઇ લગ્નની વિધિ શરૂ કરવામાં આવે છે. આ વિધિ નવરાના ઘેર ભગતે જે રીતની કરી હતી તે રીતે કરવામાં આવે છે. બીજે દિવસે સવારે પણ વિધિ કરવામાં આવે છે. ત્યારબાદ સાંજના જાન નવરાને ગામ જવા રવાના થઇ જાય છે. અને રાત્રે જાન નવરાને ઘેર આવે છે. નવરી (કન્યા)ની સાથે કુરૂલી, (કન્યાની બેનપણી) નવરીનો ભાઇ-ભાભી અને બે ત્રણ બીજા સંબંધીઓ જાન સાથે જ નવરાને ઘેર આવે છે. રાત્રે આવ્યા બાદ સુઇ જાય છે. બીજે દિવસે સવારે નવરાને ઘેર વિધિ શરૂ થાય છે.

જાન આવ્યા બાદ બીજે દિવસે સવારે નવરા-નવરીને મંડપમાં "બતાસી" સામે મો રાખી બેસાડવામાં આવે છે. નવરો ખુલ્લા શરીરે ધોતિયુ પહેરીને બેસે છે, નવરી ઘુમટો કાઢીને બાજુમાં બેસે છે. તેમની સામે બે સ્ત્રીઓ બે પાણીનાં માટલાં ભરીને ઉભી રહે છે. બન્નેની બાજુમાં બંનેની "કુરૂલી"ઓ માથે



પાણી ભરેલા લોટા પર આંબાનાં પાન અને નાળિયેર મૂકેલ લઇને ઉભી રહે છે. "ધાવલી" પ્રથમ આકડાની માળાનાં ફૂલ લઇને નવરાના પગ પર, કોણીપર, ખભાપર અને માથામાં મૂકે છે. પછી તે ફૂલ નવરી ઉભી થઇને વારા ફરતી લઇ લે છે. આમ ત્રણ વખત ફૂલ મૂકીને લેવામાં આવે છે. ત્યારબાદ આંબાનાં પાનને વાળીને એવી જ રીતે નવરાના પગ, હાથ, ખભા, માથાપર અને મોમાં રખાવે છે તે નવરી લઇ લે છે, નવરાએ મોમાં રાખેલ પાનને દાંતથી દબાવી રાખે છે, નવરી તે પાન આંચકો મારીને ખેંચી લે છે. પછી નવરી પર આજ રીતે આકડાનાં ફૂલ અને આંબાનાં પાન મૂકવામાં આવે જેને નવરો લઇ લે, ત્યારબાદ તેલની શીશી લાવી તેમાંથી ખૂબ તેલબ-નેને શરીરે, હાથેપગે ઘસવામાં આવે છે. તેના પર હલદી લગાવે બંનેને ઉભાં રાખીને તેમની સામે પાણી ભરીને ઉભી રહેલ સ્ત્રીઓ તેમજ કુરૂલીના લોટાનુ પાણી પણ નવરી અને નવરાની ઉપર રેડી દેવામાં આવે છે. બંનેને ઉભાં ઉભાં જ નવડાવે છે. ત્યારબાદ ઘરમાં જઇને કપડાં બદલે છે.

કપડાં બદલ્યા બાદ નવરા-નવરીને ઘરના બારણા આગળ ઉભાં રાખવામાં આવે છે. ઘરની અંદર ઘરનાં માણસો અને કુટુંબની સ્ત્રીઓ રહે છે. નાનો ભાઇ, તેમજ બંને કુરૂલીઓ પણ અંદર રહે છે. ત્યારબાદ બારણુ બંધ કરી દેવામાં આવે છે. અંદર બારણા આગળ ઘરમાં એક ટોપલી ઉંધી નાંખી તેની બંને બાજુ બે કુરૂલીઓ બેસે છે. ઘરના એક ખુણામાં થાંભલા આગળ નાનો ભાઇ ખભા પર એક કોથળો અને તેના પર કુહાડી મૂકીને બેસે છે, બહારથી બારણુ ખોલાવવાનાં પ્રયત્ન કરવામાં આવે છે. થોડીકવાર બાદ બારણુ ખોલવામાં આવે છે. ત્યારે ટોપલીની આજુબાજુ બેઠેલ કુરૂલીને નવરો પૂછે કે તારે શું જોઇએ તો તે પૈસા માગે તો બે-ચાર આના

આપી નવરો-નવરી ઉભી કરે છે. જયારે કન્યા પક્ષની કુરલીને મશ્કરીમાં પૂછવામાં આવે છે કે તને નવરો આપીશું. એમ કહી બે-ચાર આના આપી ઉભી કરે છે. ત્યારબાદ બન્ને જણ ખૂણામાં ઉભેલ નાનાભાઇ તરફ જાય છે. તેને પણ પૈસા આપી બંને જણ ઉભો કરે, ઉભા થયાબાદ નાનો ભાઇ તે થાંભલાને કુહાડીથી બેત્રણ કાપ મૂકે છે. આ થાંભલે નવરી બારસીંગ બાંધે છે. જો ઉંચે નવરી પહોંચાય નહીં તો નવરો નવરીને પકડીને ઉંચી કરી બારસીંગ બંધાવે છે.

ત્યારબાદ ઘર બહાર બધાં જાય છે, ત્યાં થોડુક છાણ મૂકવામાં આવે છે. તે છાણ ત્રણ વખત નવરી ટોપલીમાં ભરીને નાખી દે છે. ત્યારે નવરો ટોપલી પકડીને પડાવવાનો પ્રયત્ન કરે છે.

ત્યારબાદ હળદર દેતાં જે જનોઇ આકારે બે કપડાના કડકા ગાંઠો વાળેલા પહેરાવેલા હતા તે અને નવરા નવરીને હાથે બાંધેલ સોપારીઓ છોડી લઇને કચરાના ઢગલા આગળ લઇ જાય ત્યાં નવરાને આંખે પાટા બાંધી કચરાના ઢગલામાં નવરાના પગ આગળ કચરામાં આ બધી વસ્તુઓ મૂકવામાં આવે તેને નવરો પગથી દૂર ફેંકી દે તેને નવરી લઇ આવે આમ ત્રણ વખત કર્યાબાદ છેલ્લી વખત તે વસ્તુઓ કચરામાં નવરી પગથી દબાવી રાખે છે. તેના પગ પર નવરો જોરથી પગ દબાવે ત્યારબાદ તે વસ્તુઓ ત્યાં જ કચરામાં રાખીને ઘરમાં આવે છે.

<u>ચાંલ્લા કરવા :</u>

નવરા નવરીને તૈયાર કરી મંડપમાં લાવવામાં આવે છે, મંડપમાં વચ્ચે બે પાટલા મૂકેલા હોય છે. આ પાટલાની સામે



નવરા-નવરીને ઉભાં રાખી બન્ને જણ પાટલા ઉપર નીચે ચોખા નાખે છે. નવરાના પાટલા ઉપર ૧ાા રૂા. (૧-૫૦) મૂકે છે. નવરીના પાટલા પર ૫૦ પૈસા મૂકી નવરો નવરીને તે પાટલાઓ પર બેસાડે છે. નવરાની પાછળ નવરાનો ભાઇ નવરીની પાછળ નવરીનો ભાઇ બેસે છે. ત્યાં બે થાળીમાં હળદળ લાવવામાં આવે ધાવલી તે થાળી બન્નેને પકડાવી બંનેની સામે બે ત્રણવાર ફેરવે છે. ત્યારબાદ થાળીઓ ત્યાં મૂકી નવરા-નવરીને હળદર લગાવે છે. પછી એક નાના કોરા માટલામાં તાડી લાવવામાં આવે છે. આ તાડીવાળા માટલાને નવરો-નવરી બંને જણ બંને હાથથી પકડી એકબીજાની સામે બેત્રણવાર કરે છે. પછી નવરાનો ભાઇ એક તીરથી આ માટલાને કાણું પાડે છે. આ કાણામાંથી તાડી નવરા-નવરીને હાથમાં પાંદડું પકડાવી આપવામાં આવે છે. ત્યાં બેઠેલ બધા પુરૂષો અને ગાનારીઓને પણ તાડી આપી હાથમાં જ પકડાવી રાખે છે. તે સમયે ગામનો વડીલ વ્યકિત આવીને નવરાને કહે તે પ્રમાણે નવરાએ બોલવાનું હોય છે. " મા-બાપ જુઆર" કાકા-કાકી જુઆર" "ફોઇ-ફુઆ જુઆર", રસ્તે આવતા જતાને જુઆર" "સાહેબને જુઆર" "પાટીલ-કાઠીયા જુઆર" બોલો ભાઇ જુઆર આમ બે વખત આ રીતે હાથમાં તાડી પકડાવી બોલાવે છે.

ત્યારબાદ ફરીથી બોલાવે "પાટીલ-રામ-રામ" "મા-બાપ રામ-રામ", "ફુઆ-ફઇ રામ-રામ" "મામા-મામી રામ-રામ" રસ્તે આવતા જતા રામ-રામ હવેથી તને રામ-રામ કરવાનો અધિકાર મળે છે. તું કોઇને રામ-રામ નહીં કરે તો પંચ તારો પાંચ રૂપિયા દંડ કરશે. તેમ બોલી તે તાડી પીએ છે. ત્યાં બેઠેલાં સર્વના હાથમાં તાડી હતી તેઓ પણ તાડી પીવા લાગે છે.

વારાફરતી રામ-રામ બોલતા જાય અને તાડી પીતા જાય.

ચાંલ્લો કરવા ભાભી તેમજ અન્ય સંબંધીઓ આવે છે. ચાંલ્લામાં બે, પાંચ, દશ, અગિયાર જેને જેવો સંબંધ તેવો ચાંલ્લો કરવામાં આવે છે. ચાંલ્લો કરવા આવનાર પ્રથમ નવરાને ચાંલ્લો કરે,નવરો તે વ્યકિતને ચાંલ્લો કરે ચોખા લગાવે નવરીને તેમજ ગાનારીઓને પણ ચાંલ્લો કરી નવરાને પૈસા આપે. પાંચ-દસ પૈસા છૂટા ગાનારીઓને અને ઢોલ વગાડનારને આપવામાં આવે છે. બાજુમાં સ્ત્રી પુરૂષો નાચતાં હોય છે. ચાંલ્લા પૂરા થયાબાદ નવરા-નવરીને ઉભાં કરવામાં આવે છે. પાટલા પર મૂકેલ પૈસા ઢોલ વગાડનારને આપી દેવામાં આવે છે. ત્યારબાદ સગા-સંબંધીઓ અને નવરીને ઘેરથી આવેલ સર્વને જમાડી દીધા બાદ નવરી તેના સંબંધીઓ સાથે પિયર જવા વિદાય થાય છે. બીજા દિવસે નવરા પક્ષેથી નવરીને લેવા નવરો તેમજ પાંચ-દસ સંબંધી જાય છે. બીજા દિવસે નવરીને લઇ આવ્યા બાદ નવરી નવરાને ઘેર જ રહે છે. પ્રસંગોપાત પિતાને ઘેર જાય છે.

ગુજરાતની આદિવાસી જાતિઓમાં વારલીઓમાં થતી ક્રમવાર લગ્નવિધિ વિશિષ્ટ અને રસમય છે. જે વૈદિક વિધિ પ્રમાણે થતાં લગ્નની યાદ અપાવી જાય છે.

પુનઃલગ્ન (નાતરૂ) :

વિધવા, વિધૂર કે છૂટાછેડા લીધેલ સ્ત્રી પુરૂષો લગ્નથી જોડાય છે. જેમાં લગ્નની વિધિ કરવામાં આવતી નથી. વિધવા કે છૂટાછેડા લીધેલ સ્ત્રી વિધૂર કે છૂટાછેડા લીધેલ પુરૂષ સાથે જ લગ્ન કરી શકે કુંવારા પુરૂષ સાથે નહીં.



દિયરવટુ :

સ્ત્રીનો પતિ મૃત્યુ પામે તો પતિના નાના ભાઇ સાથે તે સ્ત્રીની ઇચ્છા હોય તો લગ્ન કરી શકે. પણ વિધવા સ્ત્રીની ઉંમર બહુ મોટી ન હોય તેવા સંજોગોમાં.

સાળીવટુ :

પુરૂષની પત્નીના મૃત્યુ બાદ પત્નીની નાનીબેન સાથે લગ્ન કરી શકે. કુંવારી હોય તો તે સિવાય પત્ની હયાત હોય તો પણ બીજી પત્ની તરીકે સાળીને લાવી શકે છે.

છૂટાછેડા :

વારલી જાતિમાં છૂટાછેડા સરળતાથી થઇ શકે છે. બંનેને એકબીજાથી સંતોષ ન હોય અને છૂટા થવાની ઇચ્છા હોય તો જાતિપંચ આગળ સ્ત્રી કે પુરૂષ બંનેમાંથી કોઇપણ ફરિયાદ કરી જાતિપંચની સંમતિ વ્દારા છૂટાછેડા મેળવી અન્ય જગ્યાએ લગ્ન કરી શકે છે. જાતિપંચે નક્કી કરેલ દંડ આપવામાં આવે છે. જો પુરૂષ છૂટાછેડા આપે તો દહેજ પરત મળતુ નથી, પણ સ્ત્રી છૂટાછેડા લે અથવા બીજા પુરૂષ સાથે નાસી જાય તો દહેજની રકમ અને લગ્નનો ખર્ચ જાતિપંચે નક્કી કર્યો હોય તે જયારે બીજુ લગ્ન કરે ત્યારે નવા પતિ પાસેથી વસૂલ કરી જુના પતિને આપવુ પડે છે.

છૂટાછેડા નીચેના કારણોસર લઇ શકાય છે.

(૧) પતિ વારંવાર ખૂબ મારતો હોય તો,

(૨) સાસુ-વહુ ઝગડતાં હોય અને સાસુનો ત્રાસ હોય તો,

(૩) પતિ કે પત્નીના અન્ય સ્ત્રી કે પુરૂષ સાથે જાતિય સંબંધો હોય તો,

(૪) પુરૂષ કે સ્ત્રી જાતિય સંતોષ એકબીજાને આપી શકે તેમ નહોય તો (પુરૂષ નપુંસક હોય તો)

(૫) પુરૂષ કે સ્ત્રી કાયમ બિમાર રહેતાં હોય તો,

(૬) પુરૂષ સ્ત્રીને ખવડાવી શકે તેમ ન હોય તો,

(૭) પતિ-પત્ની વચ્ચે મન-મેળ નહોય તો,

આવા અનેક કારણોમાંથી કોઇ પણ કારણસર જાતિપંચ આગળ રજૂ કરવાથી જાતિપંચ બન્ને પક્ષોને બોલાવી તેની વાસ્તવિકતા તપાસી છૂટાં કરે છે.

## મૃત્યુ :

મરણ પથારીએ પડેલ વ્યકિતને કુટુંબીજનો અને નજીકનાં સગાં-સંબંધીઓ ખબર કાઢવા માટે આવે છે.

દવાખાનાનો આશરો ન છૂટકે જ લેવાગાં આવે છે. મોટેભાગે તો ગામના ભગતની પાસે મંત્ર-તંત્ર કરાવી બાધાઓ રાખે છે. છતાં ગંભીર બિમારી કે ઉંમર પ્રમાણે વ્યકિત મુત્યુ પામે છે ત્યારે તુરત ઘરની વ્યકિતઓ રડવા લાગે છે. કુટુંબીઓ અને સગાં-સંબંધીઓ મરનારને ઘેર આવી જાય છે. મૃત્યુ પામનાર વ્યકિતના નિકટના સંબંધીઓ જંગલમાં, કામ અંગે ગયા હોય, કે બહાર ગામ ગયા હોય તો તેમને તુરત ખબર કરવામાં આવે છે. તેઓ બે-પાંચ માઇલના વિસ્તારમાં ગયા હોય તો તે આવે ત્યાં સુધી મૃતદેહને બાળવામાં આવતો નથી. પણ બધા સંબંધીઓ આવી ગયા બાદ ખાટલામાંથી નીચે ઉતારી નવડાવવામાં આવે છે અને શરીરે



હળદર અને સિંદૂર લગાડે છે. વાંસ લાવી તેની વાંસડી (ઠાઠડી) બનાવે છે. જેમાં લગભગ ૮ ફૂટ જેટલા લાંબા બે વાંસ પર વાંસની પટ્ટીઓ નીસરણી માફક બાંધવામાં આવે છે. તેના પર મૃતદેહને સુવાડે છે. ઉપર નવું કપડું ઓઢાડવામાં આવે છે. આ ઠાઠડીને પુત્રો કે નજીકના સગાઓ ઉપાડી સ્મશાન તરફ ચાલવા લાગે છે. તેમની આગળ એક માણસ નાની ગાડવીમાં દેવતા લઇ ચાલે છે. અને કેટલાક કુટુંબીઓ પહેલા સ્મશાનમાં પહોંચી લાકડાં ભેગાં કરી રાખે છે. ઠાઠડી પાછળ કુટુંબીઓ અને સગાંસંબંધીઓ તેમજ ગામમાંથી અન્ય જાતિના લોકો પણ સ્મશાન તરફ જાય છે. તેમજી પાછળ સ્ત્રીઓ રડતી રડતી વિસામા સુધી જાય છે. વિસામા આગળ ઠાઠડી ઉતારી તાડીની શાક મૃતદેહની ચારેબાજુ પાડવામાં આવે છે. કુટુંબની સ્ત્રીઓ મૃત વ્યકિતનું મોં જોયે છે. તે વખતે પાંચ દસ પૈસા ત્યાં મૂકે છે. ત્યારબાદ સ્ત્રીઓ ત્યાંથી નહાવા માટે નદીએ જાય છે. અને મૃતદેહને ઉપાડીને સ્મશાનમાં લઇ જાય છે. ત્યાં પણ તાડીની શાક પાડી વિધિ કરવામાં આવે છે. અને ચિતા ગોઠવ્યા બાદ તેમાં મૃતદેહને સુવાડી સોના-ચાંદી સિવાયના ઘરેણાં, તેમજ તે જે વસ્તુઓ વાપરતો હોય તે ચિતામાં મૂકવામાં આવે છે. જેમાં રૂપા કે નિકલના દાગીના, ખાવાનાં વાસણ, કપડાં વગેરે વસ્તુઓ ચિતામાં મૂકી ઉપર લાકડાં ખડકી પુત્ર ચિતાને આગ ચાંપે છે. મૃતદેહને બળી રહયા બાદ બધા નહાઇને તાડી.. પી પોતપોતાને ઘેર જાય છે. જયારે નાનુ બાળક મરી જાય તો તેને દાટવામાં આવે છે.

જે દિવસે મૃતદેહને બાળવામાં આવે તે રાત્રે ભગતને બોલાવી ઘરમાં એક જગ્યાએ લીંપણ કરી તેમા લોટ પાથરી બાજુમાં પાણીનો લોટો ભરીને મૂકવામાં આવે છે અને તેના પર ટોપલી ઢાંકી

રાખવામાં આવે છે. સવારે ટોપલી ઉઠાવી લોટમાં કયાં નિશાન પડયાં છે તે જોવામાં આવે છે. એવી માન્યતા છે કે મૃત વ્યકિતનો જન્મ જે યોનિમાં થાય તેનાં પગલાં આ લોટમાં પડે છે. જો લોટમાં કંઇ પણ નિશાન ન દેખાય તો માને છે કે મૃત પામેલ વ્યકિતનો આત્મા ઘરનાં પર નારાજ થયો છે.

આર્થિક સ્થિતિ સારી હોય તો મરનાર વ્યકિતનો દિવસ ૧૦ દિવસે કરવામાં આવે છે. જેમાં કુટુંબીઓને ખવડાવે છે. તેમજ મૃત વડીલ હોય તો તેના "ચેડા" (પાળિયા)" વિધિપૂર્વક ખેતરમાં મૂકવામાં આવે છે, આ ચેડા લાકડામાંથી નાના ખુટા જેવા બનાવી ખેતમાં ઉભા કરે છે. આ વિધિ ભગત કરાવે છે અને આ સમયે મરઘુ કે બકરૂ વધેરવામાં આવે છે અને તાડીની શાક - પાડી લોકોને પીવા માટે અપાય છે. તે દિવસે વિસામા આગળ પણ એક નાનુ માટીનુ ગાડવુ અને એક બીજુ માટીનુ વાસણ મૂકવામાં આવે છે. "ચેડા" ની પૂજા દર વર્ષે દિવાળી પર કરવામાં આવે છે. તે વખતે તાડી, મરઘુ, પા (૦I) વાર સફેદ કપડુ ચડાવે છે. આ સિવાય, કાપણી, હોળી, દિવાળી, બળેવ વગેરે તહેવારોમાં પણ પૂજા કરવામાં આવે છે. જેથી પિતૃઓ ખુશ રહે અને કુટુંબીજનોને હેરાન ન કરે.

## પ્રકરણ – ૪

### ધાર્મિક જીવન :

વારલી સમાજમાં ધર્મને જીવન વ્યવહારના અન્ય પાસાંથી જુદુ પાડવું મુશ્કેલ છે. જીવનના દરેક પાસાંઓ સાથે ધર્મ તાણા-વાણાની માફક ગૂંથાયેલો જોવા મળે છે. ધાર્મિક વિધિઓ દરેક પ્રસંગો સાથે જોડાયેલી છે. એક પણ સામાજિક રીતરિવાજ એવો નથી કે જેની સાથે ધાર્મિક ક્રિયાવિધિઓ જોડાયેલી નહોય, તેવી રીતે જ આર્થિક વ્યવહારોમાં નવું ઘર બાંધવું હોય તો, વરસાદ ન આવે તો, ખેતીની શરૂઆત કરતાં, પાકના રક્ષણ માટે અને પાક લીધા બાદ પૂજા વિધિઓ કરવામાં આવે છે.

તહેવારોની ઉજવણીમાં પણ દેવ-દેવીઓની પૂજા વિધિઓ મુખ્ય હોય છે. સાથે સાથે પિતૃઓની પૂજા વિધિઓ પણ જોડાયેલી છે. અહીંના વારલીઓ નિર્જીવ કે સજીવમાં એક શકિત છે એમ માની પૂજા-ઉપાસના કરે છે. તેમના ધર્મમાં પ્રકૃતિ પૂજાનુ વિશેષ તત્વ જોવા મળે છે.

સામાન્ય જીવનમાં બનતી ઘટનાઓને ન સમજી શકતાં વિશેષ પ્રકારની દૈવીશકિત વ્દારા બની હશે તેમ માની, તેની પૂજા - ઉપાસના કરીને મરઘા બકરાનુ બલિદાન આપવામાં આવે છે. આ સમાજોપરી શકિતમાં વિશ્વાસ લાવી શ્રધ્ધાપૂર્વક તેને રીજવ-વાના પ્રયત્નો સમગ્ર જીવન વ્યવહારમાં દેખાય છે. કંઇ પણ દુઃખ કે મુશ્કેલી આવે તો તુરત ભગત (ભૂવા) પાસે દોડી જઇ દેવને ખુશ કરવા માટેની વિધિઓ કરવામાં આવે છે.

વારલીઓમાં પોતાના દેવ-દેવીઓની પૂજા-આરાધનાની સાથે સાથે હિન્દુ દેવ-દેવીઓને પણ પોતાના સામાજિક માળખા પ્રમાણે ઢાળી પોતાની રીતે પૂજાવિધિઓ કરે છે. જેમાં મેલા દેવ-દેવીઓની પૂજા મરઘુ, બકરૂ અને તાડીથી થાય છે. જ્યારે ચોકખા દેવની પૂજામાં નાળિયેર અને દીવાનો ઉપયોગ કરે છે. જેમાં હિન્દુ ધર્મની અસરો પણ કેટલાક વ્યવહારોમાં સ્પષ્ટ વર્તાય છે. આ સિવાય તેમના ધર્મનું અગત્યનું પાસુ પિતૃ પૂજા અને ભૂત-પ્રેત અને ડાકણની માન્યાઓ છે. સારા-માઠા પ્રસંગે પિતૃઓ નાખુશ ન થાય તેટલા માટે તેઓને યાદ કરી તેમની પૂજાવિધિઓ કરી ભોગ ધરાવવામાં આવે છે. આ સાથે ભૂત-પ્રેત અને ડાકણની પણ માન્યતા એટલી જ મજબૂત હોય છે કે કોઇ પણ જાતની બિમારી આવી પડે કે અકાળે અવસાન થાય તો તે ડાકણની મેલી વિદ્યાથી જ થયુ છે તેમ માની ભગત પાસે તે ભયને દૂર કરવાની વિધિઓ કરાવવામાં આવે છે. વારલી સમાજમાં ભગતનું સ્થાન ધાર્મિક ક્ષેત્રે મહત્વનું છે.

વારલીઓમાં હિન્દુઓની માફક સુરેખ મૂર્તિઓ હોતી નથી કે મંદિરો પણ હોતાં નથી પણ, ગામને સીમાડે, ડુંગર પર, કોઇ ઝાડ નીચે, ઘરમાં અનાજના કોઠાર કે ખેતરમાં દેવનું સ્થાનક હોય છે ત્યાં પણ ઘડયા વગર પથ્થર કે લાકડાના ટુકડાઓની થાંભલીઓ જ દેવ સ્વરૂપે જોવા મળે છે. જે જગ્યાએ માટીના ઘોડા કે માટીના ઘાબાં મૂકવામાં આવે છે.

પરંપરાગત દેવ-દેવીઓમાં નારણદેવ, હિરવા, મિમા, બ્રણભા (બ્રહ્મદેવ), વાઘેયા, ગામદેવ, ડુંગરદેવ, વાઘદેવ, સીમાડીઓદેવ, કન્સરીદેવી, શીતળાદેવી વગેરે અનેક દેવ-દેવીઓની પૂજા વિધિઓ કુટુંબીજનો, પશુઓના રક્ષણ માટે અને પાકના રક્ષણ માટે



કરવામાં આવે છે. આ સિવાય દિવાળી, હોળી, સંક્રાંતિ, દિવાસો વગેરે તહેવારો ઉજવવામાં આવે છે. જેમાં મુખ્યત્વે દેવ-દેવીઓ અને પિતૃઓની પૂજાવિધિઓ હોય છે.

<u>નારણદેવ :</u>

નારણદેવ એ વારલીઓમાં ગોત્રદેવ છે. ગોત્રદેવનું સ્થાનક ગોત્રના વડીલ પુરૂષના ઘરમાં હોય છે, કોઇ પણ પ્રકારની વિધિ હોય તો પ્રથમ નારણદેવનું આવાહન કરવામાં આવે છે, લગ્ન પ્રસંગે ખાસ નારણદેવને વિધિસર આમંત્રણ આપવામાં આવે છે જેદેવ કુળનો રક્ષક છે. આ કુળદેવનું મહત્વ વારલીઓમાં વિશેષ પ્રકારનું જોવા મળે છે.

નારણદેવ મૂળ ધોડિયા જાતિનો દેવ હતો પણ ધોડિયાઓએ નાચ કરવાનું છોડી દીધુ એટલે તે દેવ વારલીઓ પાસે આવ્યા કારણ કે વારલીઓ નાચ કરવાના શોખીનો છે. તેઓ ખૂબ નાચે છે એટલે નારણદેવ વારલીઓને ઘેર હોય છે. ધોડિયાઓના ઘરમાં હોતા નથી. કોઇ ધોડિયા જાતિની વ્યકિતએ લગ્ન પ્રસંગે નારણદેવને આમંત્રણ આપવું હોય તો વારલીને બોલાવી તેના દ્વારા નારણદેવનું આવાહન કરવામાં આવે છે.

નારણદેવની પૂજા માહ માસમાં થાય છે. તે સિવાય ગમે તેવા પ્રસંગે અને વારતહેવારે તો કરે જ છે. પણ વાર્ષિક પૂજા વખતે મરઘું, ભાત અને તાડી ચડાવી દીવો કરવામાં આવે છે અને વર્ષ ભર ઢોર-ઢાંખર, બાલ-બચ્ચાં અને સર્વ કુટુંબીઓનું કલ્યાણ કરે એવી દુઆ માંગવામાં આવે છે.

હિરવા :
-----

"હિરવા" ઘરનો દેવ છે. દરેક વારલીના ઘરમાં હિરવાનું સ્થાનક હોય છે. જયાં અનાજનો કોઠાર હોય તે અંદરના ખંડમાં એક ખૂણામાં હિરલાનું સ્થાનક બનાવેલ હોય છે. જેમાં ૧ દોઢ-બે ફૂટ લાકડાના ઉભા દાંડા બે ત્રણ ફૂટના અંતરે ઉભા કરી તેના પર એક આડુ લાકડુ બાંધવામાં આવે છે. આ આડા લાકડાને લટકતી માટીની ચાર-પાંચ લોટીઓ દોરીથી બાંધવામાં આવે છે. જે લોટીઓનું મોં કપડાથી બંધ કરી દેવામાં આવે છે. આ લોટીઓની નીચે એક નાનુ માટલુ મૂકવામાં આવે છે જેમાં પાણી ભરેલુ હોય છે, આ માટલા પર આંબાનાં પાન ગોઠવી તેના પર નારિયેળ મૂકવામાં આવે છે. આ માટલાનું પાણી દર ગુરૂવારે ત્યાં દીવો કરીને બદલવામાં આવે છે. અને નારિયેળ દર વર્ષે બદલવામાં આવે છે.

ભગત હોય તે હિરવા આગળ તુમડામાંથી બનાવેલ ગાંગડી (વાજીંત્ર) પણ મૂકી રાખે છે. કોઇને મુશ્કેલી કે દુઃખ આવી પડે તો આવી ગાંગડી બનાવી દેવ આગળ મૂકવામાં આવે છે. તેમજ દેવની આગળ ૧૦-૧૫ બગડીઓ પણ મૂકવામાં આવે છે. કેટલાક દેવની લાકડી પણ અહીં મૂકી રાખે છે. આ દેવની લાકડી ચાર-પાંચ ફૂટ લાંબી હોય છે. અને ઉપરના ભાગે લોખંડની ખોળ પહેરાવેલી હોય છે. તેની ચારે બાજુ લોખંડની પાંદડીઓ લટકતી રાખવામાં આવેલી હોય છે. આ લાકડી પવિત્ર માનવામાં આવે છે. સામાજિક-ધાર્મિક પ્રસંગે સાથે રાખવામાં આવે છે. આ દેવની લાકડીથી ભૂત-પ્રેત આવતાં નથી.



મિમા :
----

હિરવા દેવની બાજુમાં એક વાંસના કરંડિયામાં (ટોપલીમાં) થોડાક ચોખા, ૨૦-૨૫ પૈસા, સિંદૂર અને ત્રણ ચાંદીના લંબચોરસ નાના પતરાં પર દેવ કોતરેલા હોય છે, આ બધી વસ્તુઓ કરંડિયામાં મૂકી ઉપરથી કપડાથી બંધ કરી દેવામાં આવે છે. તેની પૂજા દિવાળી પર કરવામાં આવે છે. પૂજા સમયે ખોલી મૂર્તિઓ બહાર કાઢી પૂજા બાદ ફરીથી ટોપલીમાં બંધ કરીને મૂકી દે છે.

બાણભાદેવ ( બ્રહમદેવ કે ભરમદેવ) :
------

બાણભાદેવનું સ્થાનક દરેકને ઘેર હોતું નથી પણ કોઇક કોઇક વારલીને ઘેર હોય છે. ધોડિયાઓને ઘેર પણ હોય છે. આ દેવનું સ્થાનક ઘર બહાર વાડામાં એક ખૂણામાં ઝાડ નીચે હોય છે. જયાં ત્રણ માટીનાં નાનાં ઘાબાં મૂકી રાખવામાં આવે છે. જેમાં આજુબાજુના બે ઘાબાં બાણભા દેવના અને વચ્ચેનું ઘાબુ બાણભીનું હોય છે. આ ઘાબાં આગળ ત્રણ નાના માટીના ઘોડા મૂકી રાખવામાં આવે છે.

ભાત કપાયા બાદ પ્રથમ બાણભાદેવને ચડાવી પૂજા કર્યાબાદ ખાવામાં ઉપયોગ કરે છે. આ સિવાય લગ્ન જેવા પ્રસંગોએ પણ બાણભાદેવની પૂજા કરવામાં આવે છે.

વાઘેયો (ગામદેવ) :
-----

"વાઘેયો" એ ગામનો દેવને છે. ગામને ઝાંપે કે ગામમાં એક જગ્યાએ ચાર-પાંચ ફૂટ લાંબા પથ્થર કે લાકડું ઉભુ કરેલુ

હોય છે. જેને ગેરૂથી રંગવામાં આવેલ હોય છે. આ વાઘેશ્વા દેવ છે. આખા ગામનો રક્ષક દેવતા છે. ગામના સર્વ કુટુંબો, પશુ, પક્ષીઓ અને ખેતીનો રક્ષક છે. રોગથી બચાવનાર દેવ છે. માણસો અને ઢોરોમાં રોગ આવે તો આ દેવની વિશેષ પૂજા કરવામાં આવે છે. જો કે દર વર્ષે દશેરા પર આખા ગામના ભેગા મળી ગામદેવની પૂજા કરે છે. દશેરા પર મરઘુ અને દિવાળીમાં બકરૂ વધેરવામાં આવે છે. સાથે તાડી પણ ચડાવે છે. અહીં દેવ આગળ ભગતો ધૂણે છે અને દેવની વિધિ કરી મરઘા-બકરાનું બલિદાન આપ્યાં પછી ત્યાં જ ભાત અને મરઘુ કે બકરૂ રાંધી બધા પ્રસાદી લે છે. આ વિધિમાં માત્ર પુરૂષો જ જાયે છે, જે ખર્ચ થાય તે ગામના ઘરો પ્રમાણે સરખે ભાગે વહેંચી લેવામાં આવે છે.

<u>ડુંગરદેવ :</u>

ડુંગરદેવનું સ્થાન ગામ નજીકના ડુંગરમાં છે. લગભગ બધા જ આદિવાસી સમાજોમાં ડુંગરદેવની પૂજા વિધિઓ કરવામાં આવે છે. ડુંગરદેવના સ્થાનકે દિવાળીમાં પૂજા થાય છે. પૂજા સમયે ગામમાંથી દરેક ઘેરથી પુરૂષો અને ભગતો નાચતા-નાચતા દેવની ગાંગડીઓ (વાજીંત્રો) વગાડતા વગાડતા ડુંગર પર જાય છે. ત્યાં ગયા બાદ જે વ્યકિતઓને દેવ આવતા હોય તે ધૂણવા માંડે છે. ભગતો પણ ધૂણતા હોય છે. આખી રાત ધૂણવાનું ચાલુ હોય છે. ગામના રક્ષણ માટે અને લોકોના કલ્યાણ માટે દેવને રીજવવામાં આવે છે અને બકરાનું બલિદાન આપવામાં આવે છે. સવારે ડુંગરની તળેટીમાં આવીને બકરાનું માંસ અને ભાત રાંધી બધા પ્રસાદી લઇ તાડી પી ઘેર જાય છે. ખર્ચ ગામના બધા કુટુંબો વચ્ચે વહેંચવામાં આવે છે.



<u>સીમાડિઆદેવ :</u>

ગામના રક્ષણનો બીજો દેવ સીમાડિયો દેવ છે જેનું સ્થાનક ગામના સીમાડે હોય છે. સીમાડા આગળ ચાર-પાંચ ફૂટ એક લાકડાનો ખંભો ઉભો કરી ગેરૂથી રંગેલ હોય છે. જેથી પૂજા પણ દર વર્ષે સામૂહિક રીતે કરવામાં આવે છે.

<u>કણસરીદેવી :</u> (અનાજની દેવી)

કણસરીદેવીનું સ્થાનક પણ ઘરમાં અનાજની કોઠીઓ મૂકી હોય ત્યાં હોય છે. તેમાં પણ એક કરંડિયામાં બેત્રણ મૂર્તિઓ અને ચોખા મૂકેલા હોય છે, ઘરનું અનાજ બગડે નહીં તેમજ વધુ પાકે તે માટે દર વર્ષે કણસરી દેવીની પૂજા કરવામાં આવે છે. તેની પૂજામાં પણ મરઘું અને તાડી ચડાવવામાં આવે છે. આ ઉપરાંત દિવાળીમાં વાઘદેવની પણ પૂજા કરવામાં આવે છે.

આ રીતે અનેક દેવ-દેવીઓની પૂજાઓ સામૂહિક અને વ્યકિતગત ધોરણે કરવામાં આવે છે.

વારલીઓમાં ભૂત-પ્રેત અને ડાકણની બીક ખૂબજ હોય છે. કંઇ પણ ખરાબ બનાવ બને તો ડાકણ દ્વારા થયો હશે એમ માને છે. ભૂત આવે ત્યારે તે પારસી જેવો સફેદ દેખાય અને તેનાં કપડાં પણ એકદમ સફેદ હોય છે. આ ભૂત કોઇને વળગે તો તેને ભગત મંત્ર-તંત્રથી કાઢે છે.

## ડાકણ :

વારલીઓમાં ડાકણની બીક ખૂબજ હોય છે. ડાકણ એ મેલી વિદ્યા જાણનાર ગામની સ્ત્રી હોય છે. જે બિલાડી, કુતરી કે શિયાળ બનીને ફરે છે. આ ડાકણ પોતાની વિદ્યા બીજી સ્ત્રીને શીખવતી હોય છે. આ વિદ્યા સ્મશાનમાં સિધ્ધ થાય છે. શીખેલ સ્ત્રીએ પોતાના પ્રિય વ્યકિતનો ભોગ આપવો પડે, જો તે ભોગ ના આપે તો તે ગાંડી બની જાય છે. આવી મંત્ર-તંત્ર સિધ્ધ કરેલી ડાકણો ગામમાં ફરી ભોગ લે છે. આવી ડાકણના મંત્રોની અસર જેને થઇ હોય તે ભગત પાસે જાય છે. આ માટે સામાન્ય ભગતો નહીં પણ ખૂબ મોટા જાણકાર ભગતો ડાકણ વળગેલાને સારો કરી શકે છે અને ડાકણ અમુક સ્ત્રી છે તેમ કહી શકે છે. ખબર પડતાં લોકો ભેગા થઇને મારે છે કેટલીકવાર મારી પણ નાખે, કેટલીકવાર ડાકણની વિદ્યા ઉતારવામાં આવે છે.

## ભગતાઇ :

કોઇ બિમાર પડે કે જીવલેણ રોગ હોય તો ડોકટર પાસેથી દવા લાવતા નથી પણ ભગતને બોલાવે છે. ભગત આવીને ભગતાઇ કરે છે, જેમાં લોટમાંથી નાના નાના દેવ બનાવી એક સૂપડામાં મૂકવામાં આવે છે. મંત્રો બોલીને મોરની પીંછી, લીમડાના ડાળાં કે ખજૂરીના ઝાડુથી ઝાપટ માર્યા કરે છે. અને દેવને મરઘું અને તાડી ચડાવી દેવને સીમાડે મૂકી આવે છે.

## ભગતનું સ્થાન :

વારલી સમાજમાં ભગતનું સ્થાન ખૂબ વિશિષ્ટ છે. ભગત મંત્ર-તંત્ર સાથે જંગલની દવાઓ પણ જાણતા હોય છે. ગામમાં



ઢોર કે માણસ બિમાર પડે તો તે ભગતની પાસે આવી જાય છે. ભગત મંત્રો-તંત્રો કરે છે. દવા આપે છે. દોરા બનાવી આપે છે, અને દેવની પૂજાવિધિઓ દ્વારા રોગમુકત કરવાના પ્રયત્નો કરે છે. આ સિવાય વારલીઓમાં તો લગ્નની વિધિઓ પણ ભગત દ્વારા કરવામાં આવે છે. આથી સામાજિક - ધાર્મિક ક્ષેત્રે અગત્યનું સ્થાન ભોગવે છે. જે સામાજિક ડોકટરના સ્વરૂપે હોય છે.

## પ્રકરણ - ૫.

### આર્થિક જીવન ૧૯૭૦

૧૯૭૦ ની તપાસ દરમ્યાન મલાવ ગામમાંથી પસંદ કરેલ કુટુંબોનું આર્થિક ચિત્ર જે ઉભું થયું હતું તેને વિગતે જોતાં ખ્યાલ આવે છે કે અનેક પ્રકારના ધંધાઓ દ્વારા જીવન નિર્વાહના પ્રયત્નો કરવા છતાં બાર માસનો રોટલો સુખે પ્રાપ્ત કરી શકતા નથી, અને ગરીબીમાંથી બહાર નિકળવાને બદલે ગરીબીના સાગરમાં વધુ ગરકાવ થતા દેખાય છે. ગરીબીની સંસ્કૃતિનું સ્પષ્ટ ચિત્ર તેમના સમગ્ર જીવન વ્યવહારોમાં ડોકાયા કરતું જોવા મળે છે.

**આવકનાં સાધનો :**

ખેતી, ખેતમજૂરી, જંગલ મજૂરી, બાંધકામ મજૂરી, ઘાસ કાપવાની મજૂરી, રેલ્વેમાં ઘાસ ચડાવવા માટેની મજૂરી, આ ઉપરાંત બળદગાડી દ્વારા થોડીક આવક પ્રાપ્ત કરે છે. આમ અનેક વિધ ધંધાઓ દ્વારા જીવન નિર્વાહ કરે છે.

કુટુંબોનું ધંધાકીય વર્ગીકરણ

| | ખેતી | | મજૂરી | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | વારલી | ધોડિયા | વારલી | ધોડિયા | વારલી | ધોડિયા |
| કુટુંબ સંખ્યા | ૪૨ | ૧૦ | ૮ | ૧ | ૪૬ | ૧૧ |
| | ૮૨.૬ | ૯૦.૯ | ૧૭.૪ | ૯.૧ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |



ગામમાંથી તપાસમાં લીધેલ વારલીનાં ૪૬ કુટુંબોમાંથી ૪૨ (૮૨.૬ ટકા) ખેતી અને ૮ (૧૭.૪ ટકા) મજૂરીમાં રોકાયેલા હતાં. જેમાં ખેતી, જંગલ, બાંધકામ અને ઘાસ કાપવાની મજૂરી આવરી લેવામાં આવી છે. આજ રીતે ધોડિયાઓ પણ ખેતીમાં ૯૦.૯ ટકા જોડાયેલા છે, કારણ કે આ ગામમાં બધી જમીનો પારસી અને વાણીયાઓ પાસે હતી પણ જે લોકો ગણોતે થોડી ઘણી જમીનો ખેડતા હતા તેઓને ૧૯૫૬ ના ગણોતધારાનો લાભ આપી જમીનો સોંપી હતી. જેનો સ્પષ્ટ ખ્યાલ ગામનાં જમીન ધરાવનાર ખાતેદારોની સંખ્યા જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે.

જમીન માલિકી ધોરણે ખાતેદારોની સંખ્યા(જાતિવાર)

| અ.નં. | જમીન ધારણ કરનાર | ખાતેદારોની સંખ્યા | કુલ જમીન એકર - ગુંઠા |
|---|---|---|---|
| ૧. | બિન આદિવાસીઓ | ૧૩ | ૨૯૦ - ૦૪ |
| ૨. | વારલી | ૭૮ | ૩૦૨ - ૩૧ |
| ૩. | ધોડિયા | ૨૫ | ૧૦૫ - ૦૭ |
| ૪. | હળપતિ | ૩ | ૫ - ૦૯ |
| | કુલ... | ૧૧૯ | ૭૦૩ - ૧૦ |

ગામમાં બિનઆદિવાસીઓની સંખ્યા માત્ર એક કુટુંબ હોવા છતાં જેઓ મુંબઇ કે અન્ય શહેરોમાં વસે છે તેવા ૧૩ કુટુંબો ગામની ૪૨ ટકા જમીન ધારણ કરતા હતા જ્યારે વારલીઓના કુલ ૧૪૦ કુટુંબોમાંથી માત્ર ૭૮ કુટુંબો જમીન ધારણ કરતાં હતાં અને

ધોડિયાઓના ૩૦ કુટુંબોમાં ૨૫ કુટુંબો જમીન ધારણ કરતાં હતાં, એટલે કે જમીનના મૂળ માલિકો વારલીઓની પાસેથી જમીન અન્ય ખાતેદારો પાસે ચાલી ગયેલી જોવા મળી હતી.

તપાસમાં લીધેલ કુટુંબોની જમીન ધારણ શક્તિ નીચેના કોઠામાં બતાવ્યા પ્રમાણે જોવા મળી હતી.

જમીનના કદ પ્રમાણે કુટુંબોની સંખ્યા

| જમીનનું કદ એકર-ગુંઠા | કુટુંબ સંખ્યા | જમીન એકર-ગુંઠા | કુટુંબદીઠ જમીન | કુલ કુટુંબોના ટકા | કુલ જમીનના ટકા |
|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧૬ | ૨૭.૩૨ | ૧.૨૯ | ૩૪.૭૮ | ૨૧.૩૦ |
| ૨.૫ થી ૫.૦ | ૧૩ | ૪૧.૮૦ | ૩.૧૨ | ૨૮.૨૬ | ૩૨.૯૫ |
| ૫.૦ થી ૭.૫ | ૭ | ૪૩.૧૦ | ૬.૧૭ | ૧૫.૨૨ | ૩૩.૧૪ |
| ૭.૫ થી ૧૦.૦ | ૨ | ૧૬.૧૮ | ૮.૦૯ | ૪.૩૫ | ૧૨.૬૧ |
| જમીન વિહોણા | ૮ | - | - | ૧૭.૩૯ | - |
| કુલ... | ૪૬ | ૧૩૦.૨૦ | ૨.૩૩ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

પસંદ કરવામાં આવેલ ૪૬ વારલી કુટુંબોમાંથી ૧૭.૩૯ ટકા કુટુંબો જમીન વિહોણાં હતાં. જ્યારે ૫ એકરથી ઓછી જમીન ધારણ કરતાં કુટુંબો ૨૯ (૬૩.૦૪ ટકા) હતાં, પણ કુલ જમીન ધારણ કરતાં ૩૮ કુટુંબોમાંથી તો ૭૬ ટકા કુટુંબો પાંચ એકર કરતાં ઓછી જમીન ધારણ કરતાં હતાં અને ૧૦ એકર કરતાં ઓછી જમીન ધારણ કરતાં સો ટકા કુટુંબો હતાં. તેમાં પણ પાંચ એકરથી ઓછી જમીન ધારણ કરતાં ૭૬ ટકા કુટુંબો પાસે



૫૩.૮ ટકા જમીન હતી અને ૨૪ ટકા કુટુંબો પાસે ૪૬ ટકા જમીન હતી. ૭.૫ એકર કરતાં ઓછી જમીન ધારણ કરતાં કુટુંબો જોઈએ તો લગભગ ૯૬ ટકા કુટુંબો પાસે ૮૭ ટકા જમીન હતી અને ૪ ટકા કુટુંબો પાસે ૧૨.૬ ટકા જમીન હતી તે પણ દસ એકરથી વધારે નહીં. કેવું વિચિત્ર ચિત્ર લાગે છે, ગામમાં જમીન છે, જમીન ખાતે ધરાવનાર ખાતેદાર કહેવાય પણ જમીનનું પ્રમાણ ખાતેદારદીઠ ઘણું ઓછું છે, તેમાંય અહીંની આ જમીન સરખી અને સપાટ નથી ઢાળવાળી જમીન છે. પિયતની સગવડ નથી, ખેતીનાં પૂરતાં સાધનો નથી, ધિરાણ વ્યવસ્થા નથી તો આટલી ઓછી જમીનમાં અને આ ભૌગોલિક પરિસ્થિતિમાં ખેડૂત પોતાના કુટુંબનો બાર-માસનો રોટલો કેવી રીતે પેદા કરી શકે, ગમે તેટલી તનતોડ મહેનત કરે છતાં આવી હલકી અને ઓછી જમીન જેમાંથી મોટા ભાગની ઘાસીયા જમીન છે તેમાં શું ઉત્પાદન કરી શકે; એટલે ખેતી સિવાય અન્ય ધંધાઓ તરફ તેને જવું પડે છે.

## આવકનાં સાધનો :

### ખેતી :

ઉપર જોયું તે પ્રમાણે ઓછામાં ઓછી હલકી અને ઘાસિયા જમીન છે. તેમાંય માત્ર ચોમાસુ પાક લઈ શકાય છે. પાકમાં મુખ્ય પાક ભાત છે. જે ભાતની જાત હલકા પ્રકારની છે. જેને કુડાભાડ કહેવામાં આવે છે. ખેતીની મોસમ ગણવા જઈએ તો એપ્રિલ-મે થી તૈયારી કરવા માંડે છે. જેમાં પ્રથમ આદરની તૈયારી કરવામાં આવે છે, ત્યારબાદ આદર કરવું. ( ધરું માટે લાકડાં ભેગાં કરી ખેતરમાં એક જગ્યાએ ભેગાં કરી સૂકાવા દઈ તેને સળગાવવામાં

આવે છે. તેની રપથામાં વરસાદ થતાં ડાંગરનુ ધરૂ કરે છે.)

કપારી સરખી કરવી, પાળા બાંધવા, જૂન માસમાં આદરની જગ્યામાં ખેડ કરવામાં આવે છે. અને ધરૂ કરે છે, તે ઉપરાંત થોડુંક થોડુંક જુવાર, કોદરા, તુવર વગેરેનુ વાવેતર કરે છે.

જુલાઈમાં આદરની જગ્યાએથી ધરૂ ખેંચીને કપારીમાં રોપવામાં
આવે છે.

ઓગસ્ટ – સપ્ટેમ્બરમાં ડાંગરની કપારીમાં નીંદાપણ કરે છે. ઢોર
માટે ઘાસ લાવવું, તેમજ પાકની રખેવાળી કરે છે.

ઓકટોબરમાં પાકની કાપણી કરે છે અને તેને લેવામાં આવે છે.

આ ચોમાસુ ખેતી સિવાય બીજી ખેતી થતી નથી. આ તેની ખેતીનુ સમયપત્રક છે.

## ૨. વૃક્ષોમાંથી થતી આવક :

આ વિસ્તારમાં ખજૂરીનાં ઝાડ ખૂબ છે. તાડીનો પીવા માટે ઉપયોગ કરે છે, અને ખાનગીમાં થોડીક તાડી વેચવામાં આવે છે. આ ઉપરાંત ખજૂરીના પાનમાંથી સાદડીઓ બનાવવામાં આવે છે, એક બે આંબા હોય તો તેમાંથી કેરી ઘરવપરાશમાં વપરાઈ જાય છે એટલે કે પૂરક આવક કે ખોરાક વૃક્ષો આપે છે. કારણ કે કોઈ વખત ઘરમાં કંઈ ખાવા ન હોય તો માત્ર તાડી પીને ચલાવી લે છે.



## ૩. જંગલની આવક :

ઉનાળાની મોસમમાં જંગલમાંથી ખાનગીમાં લાકડાં લાવી દરિયા નજીકના ગામોમાં વેચવામાં આવે છે; જો કે આ કામ ઘણાં ઓછાં કુટુંબો કરે છે છતાં તે દ્વારા થોડીક પૂરક આવક પ્રાપ્ત કરે છે. જંગલ ખાતાના કાનૂનો અને બીકને કારણે મોટા પાયે આ ધંધો કરી શકતા નથી.

## ૪. ખેતમજૂરી :

ગામમાં ખેતમજૂરી બહુ ઓછી મળવાની શકયતા છે. માત્ર ચોમાસાની મોસમમાં જમીન વિહોણા અને બહુ ઓછી જમીન ધરાવતા કુટુંબો મજૂરી માટે જાય છે. ખાસ કરીને ગામમાં જ, જે થોડી ઘણી મજૂરી મળે છે. મજૂરીના દર પણ ખૂબજ ઓછા હતાં. આખા દિવસની મજૂરી પેટે ૨ થી ૨ાા કિલો કુડા ભાત આપવામાં આવતા, જમવાનુ નહીં.

ગામમાં બિનઆદિવાસીઓની જમીન ૩૦૦ એકર હોવા છતાં તેમાંથી લગભગ મોટાભાગની જમીન ઘાસીયા છે. તેમાં ખેતી કરવામાં આવતી નથી.

## ૫. ઘાસ કાપવાની મજૂરી :

ઉમર ગામ અને પારડી તાલુકામાં મોટાભાગની ઘાસિયા જમીનો હોવાથી ઘાસ કાપવાની મજૂરી સારા પ્રમાણમાં મળી રહે છે. એકાદ માસ જેટલી મજૂરી ગામમાં મળી રહે છે. તથા પાલધર વિસ્તારમાં બે મહિના ઘાસ કાપવાની મજૂરી મળે છે.

ગામમાંથી ઘણી મોટી સંખ્યામાં ઘાસની કાપણીની મજૂરી માટે લોકો પાલઘર વિસ્તારમાં જાય છે. ઠેકેદારો જમીન ઉધડી રાખી આ મજૂરો પાસે ઘાસ કપાવે છે. તેમાં પણ ઘાસ કાપવા માટે ઉધડું આપવામાં આવે છે એટલે કે ઉચ્ચક મજૂરી આપી ઘાસ કપાવે છે. સારૂં કામ કરનાર મજૂરો રોજના ૩ થી ૪ રૂપિયા જેટલી મજૂરીની આવક કરી શકે છે. આ ધંધા દ્વારા રોકડ આવક મળે છે. ઘાસના કોન્ટ્રાકટરો (શેઠીઆ) ચોમાસામાં આ આદિવાસીઓને થોડી રકમ ધીરે છે. જેથી ધીરનાર શેઠના ત્યાં ફરજીયાત ઘાસ કાપવા જવું પડે છે. આ રીતે પહેલાં પૈસા લીધા હોવાથી મજૂરોને થોડુંક સહન પણ કરવું પડતું હોય છે, કોન્ટ્રાકટરો ઘાસ કપાવવા માટે દલાલો રોકે છે, આ દલાલો મજૂરોને લઇ જાય છે. દલાલોને કોન્ટ્રાકટરો પગાર આપતા હોય છે, આ પગાર પણ મજૂરોની મજૂરીમાંથી વસૂલ કરવામાં આવે છે. મલાવ ગામમાંથી લગભગ દરેક ઘરમાંથી એક-બે વ્યકિતઓ આ રીતે મજૂરી માટે બહાર જાય છે, જે લગભગ ૧૦૦ થી ૨૦૦ રૂપિયાની રોકડ આવક મેળવે છે. એક હજાર પૂળી ઘાસ કાપવાનો દર ૧૨ રૂપિયાનો છે. કેટલીકવાર એક એકરના વિસ્તારના અમુક દરો ઠરાવીને પણ ઉચ્ચક ઘાસ કાપવા માટે આપવામાં આવે છે, મજૂરી માટે જતાં કુટુંબો કાચાં ઝૂપડાં બનાવીને કે ખુલ્લામાં રહે છે, જયાં તેમનું અનેક રીતનું શોષણ થતું હોય છે.

### બાંધકામ મજૂરી :

### ૧. રેલ્વે :

મલાવ ગામ ભીલાડ - સંજાણ રેલ્વે સ્ટેશનોની વચ્ચે અમદાવાદ - મુંબઇ બ્રોડગેજ રેલ્વે લાઇન પર આવેલું છે. મલાવથી



મુંબઇ અને વલસાડનું અંતર ખૂબ ઓછું છે, સંજાણ સ્ટેશને લગભગ બધી ગાડીઓ ઉભી રહે છે. જેથી મુંબઇ કે વલસાડ બાજુ મજૂરીએ જવાની સારી સગવડ છે. ખાસ કરીને મુંબઇ બાજુ મજૂરી માટે વધુ જાય છે. લગભગ ચાર માસ જેટલી મજૂરી મળે છે અને ચોમાસામાં ઘેર આવી જાય છે. દર રવિવારે ચાલુ પગારે રજા મળે છે અને રેલ્વેનો પાસ મળવાથી વારંવાર ઘેર પણ આવી શકે છે. માસિક રૂપિયા ૯૦ પગાર મળે છે. ખાવા માટે ભાત અને જુવાર ઘેરથી લઇ જાય છે. સ્ટેશનો નજીક તંબુઓમાં ઘણા બધા સાથે રહેતા હોવાથી જાતે રસોઇ બનાવી ખાઇ લે છે. ગામમાંથી ઘણા યુવાન છોકરાઓ મુંબઇના દાદર, માટુંગા, બોરીવલી તથા વલસાડ સ્ટેશનો ઉપર મજૂરી માટે જાય છે. ઘાસ કાપવાનું પુરૂં થયા બાદ ઘાસનું પ્રેસિંગ થઇ ગાંસડીઓ બંધાય છે તેમાં પણ ગામની કેટલીક વ્યકિતઓ મજૂરી માટે જાય છે.

### ૨. રસ્તાના બાંધકામની મજૂરી :

સરકાર તરફથી તાલુકા કે જિલ્લા પંચાયત તરફથી રસ્તાનાં બાંધકામ નીકળે ત્યારે તેઓને મજૂરી મળે છે. વળી નજીકમાં રાષ્ટ્રીય ધોરી માર્ગ પસાર થતો હોવાથી તથા તાલુકામાં અન્ય રસ્તાનાં બાંધકામ કેટલાક વર્ષોથી ચાલુ થયાં હોવાથી મજૂરી મળે છે, આ ઉપરાંત મિશનરીવાળા પણ રસ્તાનાં કામ કરાવતા હોવાથી મજૂરી મળે છે. મિશનરીવાળા રાષ્ટ્રીય ધોરી માર્ગથી પોતાની સંસ્થાઓ સુધી કે કેટલાંક ગામોમાં બિલકુલ રસ્તા ન હોય તેવા ગામોમાં સગવડ કરવી વગેરે કામોમાંથી તેઓને મજૂરી મળે છે.

અન્ય બાંધકામોમાં પાદરીઓ દ્વારા કૂવાનું ખોદકામ થતું હોય ત્યાં થોડી ઘણી મજૂરી મળે છે. મલાવ ગામમાં જ પાદરી તરફથી પાંચ કૂવા તૈયાર કરવામાં આવ્યાં છે.

૩. મીઠાના અગર :

વસઇની ખાડીના વિસ્તારમાં મીઠાના અગર છે. જેમાં ગામના કેટલાક લોકો ૬ માસ માટે તે વિસ્તારમાં જાય છે. અહીં તેમને ઉચ્ચક ૧૫૦ રૂપિયા થી ૨૦૦ રૂપિયા જેટલો પગાર મળે છે. આ સિવાય માલિક તરફથી ખાવાનું, તમાકુ, કપડાં વગેરે પણ મળે છે.

૪. રખેવાળ તરીકે :

વલસાડ જિલ્લાનાં વલસાડ, ચિખલી, પારડી, ગણદેવી વગેરે તાલુકાઓમાં આંબાની રખેવાળી માટે પણ ગામમાંથી કેટલાંક વારલી સભ્યો જાય છે. ત્રણથી ચાર માસ રખેવાળીના ધંધામાં કામ કરે છે. જે પેટે માસિક ૩૦ રૂપિયા તથા ખાવાનું, તમાકુ વગેરે મળે છે.

આમ જુદા જુદા અનેક પ્રકારના ધંધાઓ દ્વારા જીવનનિર્વાહ કરે છે. જો કે કોઇ જગ્યાએ કાયમી મજૂરી તેઓને પ્રાપ્ત થતી નથી, પણ જુદા જુદા ધંધાઓ માટે અનેક જગ્યાએ તેઓએ જવું પડે છે. તેમાં પણ કાયમ માટે નહીં થોડાક દિવસ કામ કરે વળી પાછા ઘેર આવે અને જાય. જો કે જુદા જુદા સમયે મજૂરી મળી રહેવાની પૂરી શકયતાઓ છે.



આ ઉપરાંત અન્ય આવકોમાં ગાડાભાડાની આવક, બળદ હોય તો તે કોઇને ભાડે ખેડવા માટે આપે છે જે પેટે ૮૦ કિલો ભાત લેવામાં આવે છે.

આ સિવાય પશુપાલનની આવકો પણ પ્રાપ્ત કરે છે.

મલાવ ગામમાં પશુ અને મરઘાંની સંખ્યા આ પ્રમાણે હતી:

| | |
|---|---|
| દેશી મરઘા.......... | ૨૫ |
| દેશી મરઘી.......... | ૩૦૬ |
| મરઘાંનાં બચ્ચાં...... | ૨૬૩ |
| કુલ... | ૫૯૪ |

| અન્ય પશુઓમાં | સંખ્યા |
|---|---|
| મોટા પાડા........ | ૩૨ |
| ભેસ.............. | ૧ |
| બળદ.............. | ૨૧૬ |
| ગાય.............. | ૧૭૧ |
| વાછરડા-વાછરડી... | ૨૪૬ |
| બકરાં............ | ૧૩ |
| કુલ... | ૬૭૯ |

આ પશુઓમાંથી દૂધની આવક નહીં પણ પૈસાની જરૂર પડે તો તેને વેચીને આવક પ્રાપ્ત કરે, તે ઉપરાંત બળદ-પાડાનો ખેતીમાં ઉપયોગ થાય અને મરઘાં, બકરાં કે પાડાનો ખોરાક તરીકે પણ પ્રસંગોપાત ઉપયોગ કરી શકાય છે. માછલીનો પણ ખાવામાં ઉપયોગ કરેછે જે માછલી લગભગ જાતે પકડવામાં આવે

છે. સ્ત્રી-પુરૂષો બાળકો નદી-નાળા કે કોતરોમાંથી જાતે પકડી લાવે છે, કેટલીકવાર હાટમાંથી વેચાતી લાવે તે પણ ખાય છે.

આ પ્રમાણે આવકનાં અનેક વિધ સાધનો દ્વારા આવકો પ્રાપ્ત કરે છે. મુખ્યત્વે ધંધો ખેતીનો હોવા છતાં તેમાંથી પૂરતુ ઉત્પાદન લઇ શકાતુ નથી. તેના અનેક કારણો છે. આગળ તેમની જમીન માલિકી અને જમીનની જાત વિશે ચર્ચા કરી આવી જમીન-માંથી ગમે તેવી મહેનત કરે તો પણ પુરતુ ઉત્પાદન લઇ શકે નહીં. તેનાં અન્ય કારણો પણ છે જેવા કે...

૧. બિયારણ :
------

મુખ્ય પાક ડાંગરનો છે. હલકા પ્રકારની ડાંગર વાવવામાં આવે છે. જેનુ બિયારણ લગભગ મોટાભાગના ખેડૂતો રાખી મૂકે છે. સુધારેલ બિયારણનો બિલકુલ ઉપયોગ થતો જોવા મળયો ન હતો. સિંચાઇના અભાવને કારણે સુધારેલ બિયારણ વપરાતુ નથી. હલકી ડાંગર ઓછા સમયમાં અને ઓછા વરસાદમાં પણ પાકી જાય છે.

ખાતરો :
-----

વરસાદ વધારે પડતો હોવા છતાં આ જમીનમાં ભેજ લાંબો સમય ટકી શકતો નથી. જેથી "કુડા" અને "ખડી" નામની હલકી ડાંગરો વવાય છે. ખાતર જમીન માટે આવશ્યક હોવા છતાં તેનો જોઇએ તેટલો ઉપયોગ થઇ શકતો નથી. ઢોરોનુ છાણ ખાતર તરીકે ઉપયોગમાં લઇ શકાય, પણ ઢોરોની વધુ સંખ્યા હોવા છતાં છાણનો ખાતરમાં ઉપયોગ કરી શકાતો નથી. સવારથી સાંજ સુધી ઢોર જંગલમાં રખડતાં હોય છે જેને લીધે છાણ જંગલમાં જ



ગમે ત્યાં પડયુ રહે છે. અને ઘરમાં થોડુ ઘણુ છાણ ભેગુ થાય તેને વ્યવસ્થિત ખાડા બનાવી ખાતર બનાવવામાં આવતુ નથી. જેથી વરસાદ ઓછો હોય ત્યારે તો પાક સુકાઇ જાય છે. જો ડાંગરની રોપણી સમયે કયારીઓમાં ખાતર નાખવામાં આવે તો ભેજ સંગ્રહ કરી શકે. પણ ખાતરોનો ઉપયોગ થતો નથી. "આદર" કરવામાં આવે છે. આ આદર માત્ર ધરૂ કરવાનુ હોય તેટલી જગ્યામાં જ કરે છે. ચૈત્ર માસમાં આદરની તૈયારી કરે છે. ઝાડનાં ડાળાં, પાંદડાં, છાણ, ઘાસ અને કચરો ઘરૂવાડિયામાં ભેગો કરી સુકાયા બાદ સળગાવી દેવામાં આવે છે. અને આ રાખમાં વરસાદ આવતાં ધરૂ કરે છે.

ડાંગરના ધરૂ સાથે જુવાર, અડદ, તુવર વગેરે નાખે છે. તેમાંથી ડાંગરનુ ધરૂ ખેંચી લેવામાં આવે છે અને જુવાર, તુવર તે જ જગ્યાએ પાકવા દેવામાં આવે છે, આ સિવાય અન્ય જગ્યાએ પણ જુવાર અને કઠોળનુ વાવેતર થાય છે.

રાસાયણિક ખાતરોનો ઉપયોગ તપાસ દરમ્યાન બે ત્રણ કુટુંબોમાં જોવા મળયો હતો.

ખેતીનાં સાધનો :
-----------

ખેતીના ઓજારોમાં મુખ્ય લાકડાનુ હળ છે. જે હળ સુથાર પાસે બનાવવામાં આવે છે. તે લગભગ ૨૦ રૂપિયાનાં લોખંડની કોસનુ તૈયાર થાય. જંગલમાંથી લાકડુ જાતે લાવી સુથાર પાસે બનાવે છે, જેમાં "ચવડુ" છૂટુ હોય છે. જે વર્ષમાં બે વાર બદલવુ પડે છે અને લોખંડની કોસ ચવડા ઉપર રાખવામાં આવે છે જેને એકવાર વર્ષમાં ટીપાવવી પડે છે. આ હળ પણ પરંપરાગત નવાં

ખેતીના સાધનોનો ઉપયોગ થતો નથી. આ સિવાય "સમાર" નો ઉપયોગ થાય છે. આ ઉપરાંત વધુ સાધનોનો ઉપયોગ કરતા નથી. કોઇક કોઇક વાવણિયાનો ઉપયોગ કરે છે. બાકીના પૂંકીને વાવે છે.

ખેતી કરવાની પધ્ધતિ :
----------------

ખેતી કરવાની પધ્ધતિ પણ પરંપરાગત જોવા મળી હતી. ડાંગર ધરૂવાડિયામાંથી ખેંચી લઇ દરરોજ રોપવામાં આવે છે. જે રોપણીનું કામ ત્રણ ચાર માણસો ચાર-પાંચ દિવસ સુધી કરે છે. ડાંગર જાપાની પધ્ધતિથી (લાઇનમાં) રોપવામાં આવતી ન હતી પણ નજીક નજીક રોપી દેવામાં આવે છે. સરખી જમીન હોય તો ધોડિયાઓમાં સારા ખેડૂતો લાઇનમાં રોપણી કરે છે. બાકીના તો પરંપરાગત જ હોય છે અને અન્ય પાકોમાં પણ પધ્ધતિસર વાવવાને બદલે પૂંકીને વાવવાની પધ્ધતિ જોવા મળી હતી.

આવક :
----

ઉપર પ્રમાણેની અનેક મર્યાદાઓમાંથી સંપૂર્ણ કુદરત પર આધારિત રહી ખેતી કરવામાં આવે છે. જેથી ખેતીમાંથી પુરતું ઉત્પાદન લઇ શકાતું નથી કે ખેતીની આવક કુટુંબને પોષી શકે તેમ નહીં હોવાથી સાથે સાથે અન્ય ધંધાઓ કરી પૂરક આવકો પ્રાપ્ત કરવી આવશ્યક બની જાય છે. તપાસ દરમ્યાન વારલીઓના ૪૬ કુટુંબોની આવકો આ પ્રમાણે જોવા મળી હતી.



જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ વાર્ષિક આવક

| જમીનનું કદ એકર - ગુંઠા | કુલ કુટુંબો | કુટુંબના સભ્યોની સંખ્યા | કુટુંબનું કદ | ખેતીની આવક | પશુપાલનની આવક | મજરીની આવક | જંગલની આવક | અન્ય આવક | કુલ વાર્ષિક આવક | માથાદીઠ વાર્ષિક આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧૬ | ૮૬ | ૫.૩૮ | ૨૫૦.૭૪ | ૭.૧૩ | ૩૫૯.૧૩ | ૪૩.૧૩ | ૪૬.૦૦ | ૭૦૬.૧૩ | ૧૩૧.૨૫ |
| ૨.૫ થી ૫.૦ | ૧૩ | ૯૯ | ૭.૬૨ | ૫૧૪.૫૪ | ૨.૫૪ | ૬૨૭.૮ | ૬૦.૯૨ | ૧૪૮.૦૭ | ૧૩૫૩.૧૫ | ૧૭૭.૫૮ |
| ૫.૦ થી ૭.૫ | ૭ | ૬૫ | ૯.૨૯ | ૭૫૪.૫૭ | ૧૪.૫૭ | ૫૧૧.૫૭ | ૫૬.૪૩ | ૧૬૫.૭૧ | ૧૫૦૨.૮૫ | ૧૬૧.૭૭ |
| ૭.૫ થી ૧૦.૦ | ૨ | ૧૭ | ૮.૫૦ | ૮૧૫.૫૦ | ૩૪.૦૦ | ૪૩૫.૦૦ | ૨૫.૦૦ | ૧૮૫.૦૦ | ૧૪૯૪.૫૦ | ૧૭૫.૮૨ |
| જમીન વિહોણા | ૮ | ૫૩ | ૬.૬૩ | - | ૯.૬૩ | ૭૫૭.૫૦ | ૨૬.૨૫ | ૪૯.૧૨ | ૮૪૨.૫૦ | ૧૨૭.૧૭ |
| કુલ... | ૪૬ | ૩૨૦ | ૮.૯૬ | ૩૯૨.૯૧ | ૮.૫૭ | ૫૩૦.૬૩ | ૪૬.૪૬ | ૯૯.૬૫ | ૧૦૬૮.૨૨ | ૧૫૩.૫૬ |

ઉપરનો કોઠો જોતાં સ્પષ્ટ થાય છે કે ખેતી કરવાવાળાં કુટુંબો પણ અન્ય ધંધાઓ દ્વારા આવકો મેળવે છે. તેમાં ખેતી કરતાં પણ મજૂરીની આવક વધારે છે એટલે કે દરેક કુટુંબો મજૂરી કરે છે. જમીનના કદ પ્રમાણે જોઇએ તો પાંચ એકર કરતાં ઓછી જમીન ધરાવનારાઓની આવક પ્રમાણમાં ઓછી છે. અને તેમાંય ૨.૫ એકર જમીન ધરાવનાર કરતાં જમીન વિહોણા કુટુંબોની આવક વધારે છે. માથાદીઠ વાર્ષિક આવક જોતાં લાગે છે કે આખા વર્ષ દરમ્યાન અનેક ધંધાઓ કરતા હોવા છતાં પૂરતી આવકો પ્રાપ્ત થતી નથી અને લગભગ બધાજ ગરીબીની રેખા નીચે જીવન જીવતા દેખાય છે. જેને પરિણામે વર્ષમાં કેટલાક ટંક અને દિવસો એવા પણ આવે છે કે ભૂખ્યા પેટે જ સુવું પડતું હોય.



જમીનના કદ પ્રમાણે આવક ધરાવતાં કુટુંબો (વાર્ષિક)

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા કુલ | ૦-૨૫૦ રૂપિયા | ૨૫૧થી ૫૦૦ રૂપિયા | ૫૦૧થી ૭૫૦ રૂપિયા | ૭૫૧થી ૧૦૦૦ રૂપિયા | ૧૦૦૧થી ૧૫૦૦ રૂપિયા | ૧૫૦૦ રૂપિયા ઉપર |
|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧૬ | – | ૫ | ૪ | ૫ | ૨ | – |
| ૨.૫ થી ૫.૦ | ૧૩ | – | ૧ | ૧ | ૩ | ૪ | ૪ |
| ૫.૦ થી ૭.૫ | ૭ | – | – | – | ૨ | ૨ | ૩ |
| ૭.૫ થી ૧૦.૦ | ૨ | – | – | – | – | ૧ | ૧ |
| જમીન વિહોણા | ૮ | ૧ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ |
| કુલ | ૪૬ | ૧ | ૭ | ૭ | ૧૧ | ૧૧ | ૯ |

ઉપરનો કોઠો જોતાં લાગે છે કે ૫૦૦ રૂપિયા કરતાં ઓછી આવકો ધરવતાં ૮ (૧૭.૪ ટકા) કુટુંબો હતાં. અને ૧૦૦૦ રૂપિયા કરતાં ઓછી આવકો ધરાવતાં કુટુંબો ૨૬ (૫૬.૫ ટકા) હતાં. જ્યારે ૧૫૦૦ ઉપરની આવક માત્ર ૯ (૧૯.૫ ટકા) કુટુંબો હતાં. જે બતાવે છે કે આવકનું પ્રમાણ ઘણું ઓછું છે. આ આવકો સામે ખર્ચ જોતાં ગરીબીનું ચિત્ર સ્પષ્ટ ઉભું થાય છે.



જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ (રૂપિયામાં)

| જમીનનું કદ | કુલ કુટુંબો | અનાજ | શાકભાજી | માછલી માંસ-ઈંડા | ખાંડ | ગોળ | તેલ | ચા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦ - ૨.૫ | ૧૬ | ૪૭૨.૦૦ | ૧૬.૨૫ | ૨૫.૦૬ | - | ૦.૪૪ | ૧૧.૮૧ | - |
| ૨.૫ - ૫.૦ | ૧૩ | ૮૧૦.૯૨ | ૨૦.૩૯ | ૨૯.૫૪ | - | ૧.૪૬ | ૨૧.૧૫ | ૦.૯૨ |
| ૫.૦ - ૭.૫ | ૭ | ૮૪૧.૮૬ | ૨૫.૪૩ | ૪૫.૪૩ | ૧.૦૦ | ૨.૭૧ | ૨૩.૨૯ | - |
| ૭.૫ થી ૧૦.૦ | ૨ | ૭૭૯.૫૦ | ૨૭.૫૦ | ૩૮.૦૦ | - | - | ૧૭.૫૦ | - |
| જમીન વિહોણા | ૮ | ૪૮૧.૨૫ | ૧૮.૫૦ | ૧૮.૭૫ | - | ૦.૫૦ | ૧૯.૧૩ | - |
| કુલ... | ૪૬ | ૬૩૮.૮૩ | ૧૯.૭૦ | ૨૮.૮૯ | ૦.૧૫ | ૧.૦૭ | ૧૭.૭૨ | ૦.૨૬ |

ચાલુ...

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ (રૂપિયામાં)

ચાલુ...

| જમીનનું કદ | મસાલા | બીડી તમાકુ | બળતણ દિવાસળી | શિક્ષણ | કપડાં અને જોડાં | સામાજિક ધાર્મિક | અન્ય | વાર્ષિક કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧૮.૩૯ | ૪૦.૨૫ | ૧.૬૪ | ૦.૧૨ | ૬૨.૮૮ | ૭૮.૦૬ | ૨૫.૮૧ | ૭૫૩.૩૧ |
| ૨.૫ થી ૫.૦ | ૩૧.૧૫ | ૪૯.૬૨ | ૩.૫૪ | - | ૧૩૪.૬૨ | ૧૦૫.૨૩ | ૩૩.૨૩ | ૧૨૪૧.૭૭ |
| ૫.૦ થી ૭.૫ | ૨૮.૫૭ | ૬૦.૪૩ | ૩.૪૩ | ૨૫.૭૧ | ૨૦૪.૨૮ | ૨૦.૭૧ | ૩૫.૮૬ | ૧૩૧૮.૭૧ |
| ૭.૫ થી ૧૦.૦ | ૪૭.૫૦ | ૭૪.૦૦ | ૨.૦૦ | ૨.૫૦ | ૯૦.૦૦ | ૩૨.૫૦ | ૭૫.૦૦ | ૧૧૮૧.૦૦ |
| જમીન વિહોણા | ૨૦.૭૫ | ૩૬.૪૭ | ૧.૬૨ | - | ૯૦.૩૮ | ૬.૬૩ | ૨૫.૫૦ | ૭૧૯.૮૮ |
| કુલ... | ૨૫.૩૩ | ૪૬.૮૫ | ૨.૫૭ | ૪.૦૬ | ૧૧૦.૬૩ | ૬૨.૬૧ | ૩૧.૫૨ | ૯૯૦.૧૭ |



ખર્ચ અને આવક જોતાં લાગે છે કે જેટલી આવકો થાય તેટલામાં જ ખર્ચ કરે છે. છતાં બિલકુલ ઓછી જમીન ધરાવતા વર્ગને આવકો કરતાં ખર્ચ વધુ કરવો પડે છે. આમાં પણ ખાસ કરીને આકસ્મિક ખર્ચ સમયે બધાં કુટુંબો મુશ્કેલી અનુભવે છે. જેમાં સામાજિક - ધાર્મિક ખર્ચાં આવી જતાં એકી સાથે મોટી રકમ કાઢવાની થાય તો દેવું કરવું પડે છે, અને શાહુકારોનો આશરો લેવો પડે છે. તે સિવાય જીવનનિર્વાહ માટે પણ મજૂરી ન મળે અને ખેતીની મોસમ સિવાય મુશ્કેલી અનુભવાય તો દેવા વગર છૂટકો હોતો નથી. કપડાંલત્તાં પણ શેઠ શાહુકારો પાસેથી ઉધાર લાવવામાં આવે છે. જેના પૈસા ધીરેધીરે આપવામાં આવે છે. જેનો ખ્યાલ નીચેના કોઠામાં જોતાં સ્પષ્ટ થાય છે.

દેવું :

તપાસના વર્ષે દેવાદાર કુટુંબો ૨૪ હતાં. જેઓએ જુદાજુદા હેતુઓ માટે દેવું કરવું પડયું હતું. જેમાં મુખ્ય હેતુ જીવનનિર્વાહ માટે-નો હતો.

હેતુવાર દેવું

| હેતુ | દેવાદાર કુટુંબો | ટકા | કુલ દેવું | ટકા |
|---|---|---|---|---|
| ઘર ખર્ચ | ૧૬ | ૬૬.૬૭ | ૧૧૩૦ | ૪૩.૧૦ |
| સામાજિક | ૨ | ૮.૩૩ | ૭૫૦ | ૨૮.૬૦ |
| ખેતી ખર્ચ માટે | ૬ | ૨૫.૦૦ | ૭૪૨ | ૨૮.૩૦ |
| કુલ... | ૨૪ | ૧૦૦.૦૦ | ૨૬૨૨ | ૧૦૦.૦૦ |

દેવું મુખ્યત્વે ઘરખર્ચ માટે કરવું પડે છે. તે ઉપરાંત સામાજિક ખર્ચા માટે અને ખેતી ખર્ચ માટે આ દેવામાં મોટાભાગનું દેવું શાહુકારનું હતું.

**મિલકત** : વારલીઓની મિલકતમાં ખેતીની જમીન, ખેતીનાં સાધનો, કૂવા, પશુઓ, ઘર, ઘરવખરી અને ઘરેણાં છે.

જમીનના કદ પ્રમાણે મિલકત (રૂપિયામાં)

| જમીનનું કદ | કુટુંબો | કુલ જમીન એ. - ગુ. | જમીનની કિંમત | વૃક્ષોની કિંમત | પશુઓની કિંમત | ખેતીનાં સાધનોની કિંમત | ખાનગી કૂવાઓની કિંમત |
|---|---|---|---|---|---|---|---|
| ૦ - ૨.૫ | ૧૬ | ૨૭.૧૩ | ૨૧૩૫૦ | ૨૩૪૦ | ૪૩૭૧ | ૪૬૩ | - |
| ૨.૫ - ૫.૦ | ૧૩ | ૪૧.૩૨ | ૨૮૪૫૦ | ૧૦૭૨૦ | ૮૮૩૧ | ૧૬૦૦ | ૧૫૦૦ |
| ૫.૦ - ૭.૫ | ૭ | ૪૩.૦૪ | ૨૭૯૫૦ | ૫૧૫૫ | ૬૩૭૭ | ૧૦૫૫ | ૨૦૦૦ |
| ૭.૫ - ૧૦.૦ | ૨ | ૧૬.૦૭ | ૧૦૦૦૦ | ૭૫૫ | ૧૧૩૫ | ૩૬૯ | ૩૦૦૦ |
| જમીન વિહોણા | ૮ | - | - | - | ૯૮૯ | ૨ | - |
| કુલ... | ૪૬ | ૧૨૮.૧૬ | ૮૭૭૫૦ | ૧૮૯૭૦ | ૨૧૭૦૩ | ૩૪૮૮ | ૬૫૦૦ |

ચાલુ...



જમીનના કદ પ્રમાણે મિલકત (રૂપિયામાં)

ચાલુ...

| જમીનનું કદ | ઘરવખરીની કિંમત | અન્ય મિલકતની કિંમત | ઘરેણાંની કિંમત | ઘરની કિંમત | કુલ મિલકત |
|---|---|---|---|---|---|
| ૦ - ૨.૫ | ૮૫૬ | ૪૧૦ | ૨૦૬ | ૨૮૫૦ | ૩૨૮૪૬ |
| ૨.૫ - ૫.૦ | ૧૧૧૩ | ૧૦૨૦ | ૬૯૦ | ૬૪૩૦ | ૬૦૩૫૪ |
| ૫.૦ - ૭.૫ | ૧૨૧૧ | ૧૦ | ૫૬૫ | ૫૫૦૦ | ૪૯૮૨૩ |
| ૭.૫ - ૧૦.૦ | ૨૫૨ | ૨૮૧૦ | ૧૦૦ | ૨૦૦૦ | ૨૦૪૨૦ |
| જમીન વિહોણા | ૩૯૪ | - | ૨૦ | ૯૨૫ | ૨૩૩૧ |
| કુલ... | ૩૮૨૭ | ૪૨૫૦ | ૧૫૪૧ | ૧૭૭૦૫ | ૧૬૫૭૭૪ |

ઉપરના કોઠામાં જોવા મળતી મિલકત પરથી લાગે છે કે સ્થાવર મિલકતમાં વધારેમાં વધારે જમીનની મિલકત ખેતી કરવાવાળાં કુટુંબોમાં દેખાય છે. તે ઉપરાંત પશુઓ અને ઝાડની મિલકતની કિંમત આવે છે. તે સિવાય ઘરેણાં, ઘરવખરી અને ઘરની કિંમતો જોતાં લાગે છે કે મિલકતનું પ્રમાણ ૪૬ કુટુંબો વચ્ચે ઘણું ઓછું છે. તેમાંય ખાસ કરીને જમીન વિહોણા ૮ કુટુંબોની મિલકત જોતાં ખ્યાલ આવે છે કે કેટલી ઓછામાં ઓછી મિલકતો વારલીઓમાં છે. જે તેમની નબળી આર્થિક પરિસ્થિતિનો ચિતાર આપે છે. તેનો વધુ સ્પષ્ટ તો કુટુંબવાર મિલકતોનું વર્ગીકરણ જોવાથી ખ્યાલ આવશે.

# પ્રકરણ - ૬

## ૧૯૮૦ માં દેખાતાં પરિવર્તનો

આગળના પ્રકરણમાં ૧૯૭૦ ની સ્થિતિનું ચિત્ર બતાવવામાં આવ્યું છે. તે જ કુટુંબોની તપાસ ૧૯૮૦ માં કરવામાં આવી હતી. જેના તારણો ૧૯૭૦ અને ૧૯૮૦ ની તુલનાત્મક સ્થિતિ જોતાં આર્થિક જીવનમાં આવેલાં પરિવર્તનોનો ખ્યાલ આવે છે.

### ગામ :

પસંદ કરેલ "મલાવ" ગામની આસપાસ જે જંગલ વિસ્તાર હતો તે જંગલો ઉત્તરોત્તર કપાતાં જંગલનો આશ્રય ઓછો થતો લાગ્યો છે. આ ઉપરાંત એક આકર્ષક પરિવર્તન પ્રથમ નજરે દેખાય છે. આ વિસ્તારનું તે ૧૯૭૦ પછી ના વર્ષોમાં ઔદ્યોગિક વિસ્તાર તરીકે ઉમેર ગામ તાલુકાનો વિકાસ થઇ રહ્યો છે. અનેક પ્રકારના નાના મોટા કારખાના અને જી.આઇ.ડી.સી. નો ઔદ્યોગિક સંકુલ ઉભો થયેલો છે. જેને પરિણામે આસપાસના ગામોના આદિવાસીઓને ઔદ્યોગિક મજૂરીની તકો ઉભી થઇ છે.

ગામમાં નોંધપાત્ર ફેરફારો દેખાયો નથી. સિંચાઇના કૂવાઓની સંખ્યામાં પણ વધારો થયો નથી. અને ગામ જોતાં પરિવર્તનો સ્પષ્ટ બહાર તરી આવતાં નથી. જેને વિગતે જોતાં તેનો ખ્યાલ આવશે.

૧૯૭૦ માં ૪૬ વારલી કુટુંબોમાંથી ૩૩ કુટુંબો અને ધોડિયાઓમાં ૧૧ કુટુંબોમાંથી ૯ કુટુંબોનો સંપર્ક કરી શકાયો હતો. બીજાં કુટુંબોના વડીલો મૃત્યુ પામવાથી અને કેટલાક કુટુંબો મજૂરી

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ મિલકત

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જમીન | ઝાડ | પશુઓ | ખેતીનાં સાધનો | કુવાઓ | ઘરવખરી | અન્ય મિલકત | ઘરેણાં | ઘરની કિંમત | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ - ૨.૫ | ૧૬ | ૧૩૩૪.૩૮ | ૧૪૬.૨૫ | ૨૭૩.૧૬ | ૨૮.૫૪ | -- | ૫૩.૫૦ | ૨૫.૬૨ | ૧૨.૮૮ | ૧૭૮.૧૨ | ૨૦૫૨.૮૮ |
| ૨.૫ - ૫.૦ | ૧૩ | ૨૧૮૮.૪૬ | ૮૨૪.૬૨ | ૬૭૯.૩૧ | ૧૨૩.૦૮ | ૧૧૫.૩૮ | ૮૫.૬૧ | ૭૮.૪૬ | ૫૩.૦૮ | ૪૬૪.૬૨ | ૪૬૪૨.૬૨ |
| ૫.૦ - ૭.૫ | ૭ | ૩૯૯૨.૮૬ | ૭૩૬.૪૩ | ૭૧૧.૦૦ | ૧૫૦.૭૧ | ૨૮૫.૭૧ | ૧૭૩.૦૦ | ૧.૪૩ | ૮૦.૭૧ | ૭૮૫.૭૨ | ૭૧૧૭.૫૭ |
| ૭.૫ - ૧૦.૦ | ૨ | ૫૦૦૦.૦૦ | ૩૭૭.૫૦ | ૪૫૭.૫૦ | ૧૮૪.૦૦ | ૧૫૦૦.૦૦ | ૧૨૬.૦૦ | ૧૪૦૫.૦૦ | ૫૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૨૧૧.૦૦ |
| જમીન વિહોણા | ૮ | - | - | ૧૨૩.૬૩ | ૦.૨૫ | - | ૪૯.૩૮ | - | ૨.૫૦ | ૧૧૫.૬૨ | ૨૯૧.૩૮ |
| કુલ... | ૪૬ | ૧૯૦૭.૬૧ | ૪૧૨.૩૯ | ૪૭૧.૮૦ | ૭૫.૮૩ | ૧૪૧.૩૦ | ૮૩.૨૦ | ૬૨.૩૯ | ૩૪.૩૭ | ૩૮૪.૮૮ | ૩૯૦૩.૭૮ |



માટે બહાર ગયા હોવાથી સંપર્ક સાધી શકાયો નહતો.

ભૌતિક જીવન :

જીવન જરૂરિયાતની વસ્તુઓ ઓછામાં ઓછી વપરાતી ૧૯૮૦ માં પણ જોવા મળી હતી. ૧૯૭૦ માં જે ઘરવખરી હતી તેમાં બહુ મોટો ફર્ક દેખાતો નથી.

વાસણો :

જુદી જુદી ધાતુનાં વાસણો વાપરતાં કુટુંબોની ટકાવારી ૧૯૭૦ અને ૧૯૮૦ ( વારલી )

| વાસણો | ૧૯૭૦ (ટકામાં) | ૧૯૮૦ (ટકામાં) |
|---|---|---|
| એલ્યુમિનિયમ | ૯૫.૬ | ૧૦૦.૦ |
| પિત્તળ | ૬૫.૨ | ૬૯.૭ |
| તાંબુ | ૧૫.૨ | ૧૨.૧ |
| કાંસુ | -- | ૬૦.૬ |
| માટી | ૧૦૦.૦ | ૧૦૦.૦ |
| કુલ કુટુંબ સંખ્યા | ૪૬ | ૩૩ |

૧૯૭૦ માં જુદી જુદી ધાતુનાં વાસણો વાપરનાર કરતાં એલ્યુમિનિયમ અને પિત્તળમાં કુટુંબ સંખ્યા વધી છે. જ્યારે તાંબાના વાસણો વાપરનારની કુટુંબ સંખ્યા ઓછી થઇ છે. તેની જગ્યાએ કાંસાનો વપરાશ ૬૦ ટકા જેટલાં કુટુંબો કરતાં થયા છે. જે

૧૯૭૦ માં એક પણ કુટુંબમાં જોવા મળયુ ન હતું.

અ-ય :

ધરવખરી વાપરતાં કુટુંબોના ટકા

| અ.નં. | વસ્તુઓ | ૧૯૭૦ | ૧૯૮૦ |
|---|---|---|---|
| ૧. | ખાટલા | ૪.૩ | ૧૫.૧ |
| ૨. | લાકડાનું ફરનીચર | ૬.૫ | ૯.૦ |
| ૩. | ફાનસ | ૨૩.૯ | -- |
| ૪. | ચીમની | ૮૪.૮ | ૧૦૦.૦ |
| ૫. | ટોપલા ટોપલીઓ | ૭૮.૩ | ૯૭.૦ |
| ૬. | ધંટી | ૮૬.૯ | ૬૦.૬ |
| ૭. | હાથબત્તી (બેટરી) | ૮.૭ | ૯.૦ |
| ૮. | કપડાં મૂકવાની લોખંડની પેટી | ૮.૭ | ૧૫.૧ |
| ૯. | છત્રી | ૪૫.૬ | ૪૫.૧ |
| ૧૦. | પેટ્રોમેકસ | ૪.૩ | -- |
| ૧૧. | ઘડિયાળ | ૨.૦ | ૯.૦ |
| ૧૨. | સાયકલ | -- | ૬.૦ |



ઘરવખરીનો કોઠો જોતાં લાગે છે કે કેટલીક વસ્તુઓનો વપરાશ વધેલો જોવા મળે છે. ખાટલા ૪ ટકામાંથી ૧૫ ટકા કુટુંબો વાપરતાં થયાં છે. લાકડાનું ફરનીચર ૬.૫ ટકા કુટુંબો-માંથી ૯ ટકા, જયારે ફાનસ અને પેટ્રોમેકસનો વપરાશ ૧૯૭૦ માં હતો તેની જગ્યાએ નાની નાની સસ્તી ચીમનીઓનો વપરાશ બધા કુટુંબોમાં જોવા મળયો હતો. બેટરીના વપરાશમાં પણ વધુ બહુ ઓછો ફર્ક દેખાય છે. જયારે કપડાં મૂકવાની પેટીનો વપરાશ ૮.૭ ટકામાંથી ૧૫ ટકાનો થયો છે. જયારે ધંટીના વપરાશમાં ઘટાડો થયેલો જોવા મળે છે. જયારે ઘડિયાળોનો વપરાશ ૨ ટકામાંથી ૯ ટકાનો થયો છે અને સાયકલોનો વપરાશ ૧૯૭૦માં બિલકુલ ન હતો તેની જગ્યાએ ૬ ટકા કુટુંબોમાં તેનો વપરાશ જોવા મળયો હતો. આ ફેરફારો એ બહુ ઓછા છે કારણ કે કુલ કુટુંબોની સામે આ ટકાવારી કેટલી ઓછી છે. બધાં કુટુંબોમાં જીવન જરૂરિયાતોની વસ્તુઓ પણ જોવા મળતી નથી. છેલ્લા દસ વર્ષમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ પણ મોટાભાગનાં કુટુંબોમાં પહોંચી શકી નથી.

પહેરવેશમાં પણ કોઇ પરિવર્તન જોવા મળયુ નથી. માત્ર બજારમાં વેચાતી નકલી કેટલીક ચીજોનો વધારો થયો છે. જેની સામે થોડાં ઘણાં ચાંદી અને રૂપાનાં ઘરેણાં હતાં તે ઓછાં થયેલાં જોવા મળયાં હતાં. ૧૯૭૦ માં કુટુંબદીઠ ૩૪ રૂપિયાનાં હતાં, ૧૯૮૦ સુધીમાં ચાંદી, રૂપા નિકલના ભાવોની સપાટી ખૂબ ઉંચી ગઇ હોવા છતાં અત્યારની ભાવ સપાટીએ માત્ર ૮૩ રૂપિયાનાં ઘરેણાં કુટુંબદીઠ જોવાં મળયાં હતાં.

## શિક્ષણ :

મલાવ ગામમાં પ્રાથમિક શાળા ૧ થી ૩ ધોરણ સુધીની હતી. જેની સ્થાપના ૧૯૪૦ માં થયેલી પહેલાં મરાઠી શાળા ચાલતી હતી, પણ ગુજરાત રાજ્ય થયા બાદ ગુજરાતી શાળા ચલાવવામાં આવે છે. ૧૯૭૧ ની વસ્તી ગણતરી પ્રમાણે મલાવમાં ૯૮ પુરૂષો અને ૬ સ્ત્રીઓ શિક્ષિત હતી. ૧૯૭૦ અને ૧૯૮૦ માં તપાસ દરમ્યાન ગામની શાળામાં બાળકોની સંખ્યા આ પ્રમાણે હતી.

### શાળામાં બાળકોની સંખ્યા

| ધોરણ | ૧૯૭૦ છોકરા | ૧૯૭૦ છોકરીઓ | ૧૯૭૦ કુલ | ૧૯૮૦ છોકરા | ૧૯૮૦ છોકરીઓ | ૧૯૮૦ કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯ | ૧૨ | ૩૧ | ૩૪ | ૧૦ | ૪૪ |
| ૨ | ૧૧ | ૧ | ૧૨ | ૨૯ | ૮ | ૩૭ |
| ૩ | ૨ | - | ૨ | ૧૧ | ૪ | ૧૫ |
| કુલ... | ૩૨ | ૧૩ | ૪૫ | ૭૪ | ૨૨ | ૯૬ |

ગામની શાળામાં દસ વર્ષ સુધી ત્રણ ધોરણથી આગળ નિશાળ વધી નથી. બાળકો ની સંખ્યા લગભગ બમણી થયેલી દેખાય છે. પણ બહેનોની સંખ્યા બંને તપાસના વર્ષે ઓછી રહી છે. અને તેમાંય પહેલા ધોરણ બાદ ત્રીજા સુધી ક્રમે ક્રમે વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઘટેલી તપાસના બન્ને વર્ષે દેખાઇ હતી. આ ઉપરાંત નોંધપાત્ર



હકીકતતો એ છે કે નિશાળના રજીસ્ટરમાં જેટલી સંખ્યા હોય છે તેમાંથી ૪૦ ટકા સંખ્યા પણ નિયમિત જોવા મળી નથી. બાળકો નિશાળમાં આવવા કરતાં જંગલમાં, ઢોર ચરાવવા કે માતાપિતા મજૂરી કરવા જાય તો તેમની સાથે અથવા ઘેર નાનાં ભાઇ-બહેનને રાખવા માટે રહેતાં હોય છે, એટલે હાજરીનો પણ મોટો સવાલ છે.

તપાસમાં લીધેલ કુટુંબોનુ શિક્ષણ ઘણું જ ઓછુ જોવા મળયુ હતુ.

### તપાસમાં લીધેલ કુટુંબોમાં શિક્ષણની ટકાવારી

| તપાસ વર્ષ | કુલ સભ્ય સંખ્યા | નિશાળે ન જઇ શકે તેવા નાનાં બાળકો | શિક્ષિતો | અભણ | નાના બાળકો સિવાયની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧૯૭૦ | ૩૨૦ | ૭૧ | ૨૯ | ૨૨૦ | ૨૪૯ |
| ટકા | | | ૧૧.૬ | ૮૮.૪ | ૧૦૦.૦ |
| ૧૯૮૦ | ૨૧૦ | ૩૧ | ૨૦ | ૧૫૯ | ૧૭૯ |
| ટકા | | | ૧૧.૨ | ૮૮.૮ | ૧૦૦.૦ |

તપાસમાં લીધેલ વારલી કુટુંબોમાંથી ૧૯૭૦ માં જે સ્થિતિ શિક્ષણની હતી તેમાં વધારો થવાને બદલે ૧૯૮૦ માં ઘટાડો થયેલો છે. અશિક્ષિતોનું પ્રમાણ વધેલું જોવા મળયું હતું. ગામમાં તપાસના બન્ને વર્ષોમાં કોઇપણ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ પામેલ હતુ નહીં.

કુટુંબનું કદ :

કુટુંબના કદમાં છેલ્લા દસ વર્ષમાં આ પ્રમાણેનાં પરિવર્તનો જોવા મળયાં હતાં.

કુટુંબનું કદ (૧૯૭૦ અને ૧૯૮૦)

| સભ્ય સંખ્યા | ૧૯૭૦ કુટુંબ સંખ્યા | ટકા | ૧૯૮૦ | ટકા |
|---|---|---|---|---|
| ૧ થી ૩ સભ્ય સંખ્યા ધરાવતાં કુટુંબો | ૪ | ૮.૭ | ૮ | ૨૪.૨ |
| ૪ થી ૬ સભ્ય સંખ્યા ધરાવતાં કુટુંબો | ૧૭ | ૩૭.૦ | ૧૨ | ૩૬.૪ |
| ૭ થી ૯ સભ્ય સંખ્યા ધરાવતાં કુટુંબો | ૧૮ | ૩૯.૨ | ૮ | ૨૪.૨ |
| ૧૦ થી વધારે સભ્ય સંખ્યા ધરાવતાં કુટુંબો | ૭ | ૧૫.૧ | ૫ | ૧૫.૨ |
| કુલ... | ૪૬ | ૧૦૦.૦ | ૩૩ | ૧૦૦.૦ |

દસ વર્ષના સમયમાં કુટુંબના કદમાં ફેરફાર થયેલો જોવા મળયો હતો. ૧૯૭૦ માં ૭ થી ૯ સભ્ય ધરાવતાં કુટુંબો ૩૯.૨ ટકા હતાં. જયારે ૧૯૮૦ માં ૪ થી ૬ સભ્ય સંખ્યા ધરાવતાં કુટુંબો ૩૬.૪ ટકા હતાં.



આ કુટુંબોનાં પ્રકારમાં પણ પરિવર્તનો જોવા મળયાં હતાં. ૧૯૭૦ માં સંયુકત કુટુંબોનું પ્રમાણ વધારે હતું. જયારે ૧૯૮૦ માં કેન્દ્રિય કુટુંબોનું પ્રમાણ વધેલું જોવા મળયું હતું. જે નીચેનો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે.

કુટુંબનો પ્રકાર

| | સંયુકત કુટુંબ સંખ્યા | ટકા | કેન્દ્રિય કુટુંબ સંખ્યા | ટકા | કુલ કુટુંબો સંખ્યા | ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧૯૭૦ | ૨૪ | ૫૨.૨ | ૨૨ | ૪૭.૮ | ૪૬ | ૧૦૦.૦ |
| ૧૯૮૦ | ૧૫ | ૪૭.૧ | ૧૮ | ૫૨.૯ | ૩૩ | ૧૦૦.૦ |

સંયુકત કુટુંબ પ્રથા તરફથી કેન્દ્રિય કુટુંબો તરફની ગતિ અન્ય સમાજોની માફક જોવા મળી હતી.

આ કુટુંબોમાં કામ કરનાર અને કામ નહીં કરનાર સભ્યોની સંખ્યા જોતાં તેના સમગ્ર આર્થિક જીવનની ભાત ઊભી થાય છે. કારણ કે કામ કરનાર સભ્યોએ આદિવાસી જીવનમાં અર્થવ્યવસ્થાનું મૂળ છે. આખોય જીવન વ્યવહાર માનવ શકિત પર આધારિત છે. જેના પડધા સીધા આર્થિક વ્યવહારો પર પડે છે.

કમાણી કરનાર અને બિન કમાણી કરનાર કુટુંબોની સંખ્યા

| તપાસ વર્ષ | | કમાણી કરનાર સભ્યો પુરૂષ | સ્ત્રી | બાળક | કુલ | કમાણી નહીં કરનાર સભ્યો પુરૂષ | સ્ત્રી | બાળકો | કુલ | બંનેનુ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૭૦ | | ૯૫ | ૯૦ | ૩૦ | ૨૧૫ | -- | ૩ | ૧૦૨ | ૧૦૫ | ૩૨૦ |
| | ટકા | ૪૪.૨ | ૪૧.૯ | ૧૩.૯ | ૧૦૦.૦ | -- | ૨.૯ | ૯૭.૧ | ૧૦૦.૦ | |
| ૧૯૮૦ | | ૫૯ | ૫૧ | ૧૯ | ૧૨૯ | ૪ | ૧૦ | ૬૭ | ૮૧ | ૨૧૦ |
| | ટકા | ૪૫.૭ | ૩૯.૫ | ૧૪.૭ | ૧૦૦.૦ | ૪.૯ | ૧૨.૩૫ | ૮૨.૭ | ૧૦૦.૦ | |



૧૯૭૦ માં તપાસમાં લીધેલ વારલી કુટુંબોમાંથી ૬૭.૨ ટકા સભ્યો કામ કરનાર હતાં અને ૩૨.૮ ટકા સભ્યો તેમના પર આધારિત હતાં. જ્યારે ૧૯૮૦ માં કામ કરનાર સભ્યોની સંખ્યા ઘટીને ૬૧.૪ ટકા થઇ અને કમાણી ઉપર આધારિત સભ્યોની સંખ્યા વધીને ૩૮.૬ ટકા થઇ હતા. કમાણી કરતા સભ્યોમાં ૧૯૭૦ માં માત્ર ૪૪.૨ ટકા પુરૂષો હતા અને ૪૧.૯ ટકા સ્ત્રીઓ હતી એટલે કે લગભગ અડધા ભાગમાં સ્ત્રીઓ કમાણીમાં જોડાયેલ હતી. જ્યારે ૧૯૮૦ માં કામ કરનાર સ્ત્રીઓની સંખ્યા ઘટી હતી અને પુરૂષોની સંખ્યા વધીને ૪૫.૭ ટકાની થઇ હતી. જો કે બહુ મોટો ફર્ક પડયો નથી. પણ બીજી નોંધપાત્ર ઘટના જે તપાસ વર્ષોમાં જોવા મળી છે તે એ છે કે ૧૪ વર્ષથી નાનાં બાળકોએ પણ ગરીબીને કારણે આર્થિક ઉત્પાદનમાં જોડાવવું પડે છે. ૧૯૭૦ માં લગભગ ૧૩.૯ ટકા બાળકોની સંખ્યા હતી તે ઘટવાને બદલે ૧૯૮૦ માં વધીને ૧૪.૭ ટકાની થઇ હતી.

કમાણી નહી કરનાર સભ્યોમાં ૧૯૭૦ માં એકપણ પુરૂષ ન હતો એટલે કે મોટા ઉંમરના પુરૂષોએ પણ આર્થિક ઉત્પાદનમાં જોડાવવું પડતું હતું. જ્યારે ૧૯૮૦ માં કામ નહીં કરતા સભ્યોમાં ૪.૯ ટકાનું પ્રમાણ જોવા મળ્યું હતું. સ્ત્રીઓના ૨.૯ ટકામાંથી વધીને ૧૨.૩ ટકા થઇ હતી. જ્યારે કામ નહીં કરનાર બાળકોની સંખ્યા ૧૯૭૦ કરતાં ૧૯૮૦ માં ઘટીને ૯૭ ટકામાંથી ૮૨.૭ ટકા થઇ હતી.

જમીન :

જમીનના કદમાં છેલ્લા દસ વર્ષમાં જે ફેરફારો થયા છે તે નીચેનો / જોતાં સ્પષ્ટ ખ્યાલ થાય છે. / કોઠો

તપાસમાં પસંદ કરેલ કુટુંબોમાં ૧૯૭૦ કરતાં ૧૯૮૦ માં કુટુંબદીઠ જમીનનો વધેલી માલુમ પડી છે. જેમાં ૨.૫ એકરથી ૭.૫ એકર સુધીની જમીન ધારણ કરનારની જમીનો થોડોક વધી છે. જયારે ૧૯૭૦ માં ૭.૫ એકર કરતાં વધુ જમીન ધરાવતાં કુટુંબો હતાં. જેમાંથી ૧૯૮૦ માં એકપણ કુટુંબ હતુ નહીં. જમીનની ટકાવારી જોતાં લાગે છે કે કુલ જમીનમાં ૨.૫ થી ૫.૦ એકર જમીન ધરાવનાર કુટુંબોની ટકાવારી ઊંચી છે. જયારે તે સિવાયના જમીન ધારણ કરનાર કુટુંબોની ટકાવારી ૧૯૮૦ માં ઘટેલી જોવા મળી હતી.

આ પ્રમાણે જોતાં લાગે છે કે જમીન ધારણ કરનાર અને ખેતમજૂરોની પણ જમીનની ફેરબદલી થયેલી દેખાય છે. સાથે સાથે ૧૯૭૦ માં જમીન ધારણ શકિત હતી તેમાં ૧૯૮૦ માં વધઘટ જોવા મળી હતી.

### જમીન ધારણ શકિતમાં થયેલ ફેરફારો

| | કુટુંબ સંખ્યા |
|---|---|
| ૧. ૧૯૭૦ થી ૧૯૮૦ સુધી જમીનના કદમાં ફેરફાર થયો હોય તેવા કુટુંબો... | ૧૮ |
| ૨. ૧૯૭૦ થી ૧૯૮૦ સુધી જમીનના કદમાં ફેરફાર નથી થયો તેવા કુટુંબો... | ૧૫ |
| ૩. ૧૯૭૦ માં જેમની પાસે જમીન હતી તેમાં ૧૯૮૦ સુધી જમીનના કદમાં થયેલ વધારો... | ૪ |



### જમીનના કદ પ્રમાણે કુટુંબોની સંખ્યા

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | | જમીન | | કુટુંબદીઠ જમીન | | કુલ કુટુંબોના ટકા | | કુલ જમીનના ટકા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એકર - ગુ. | ૧૯૭૦ | ૧૯૮૦ | એ.ગુ. ૧૯૭૦ | એ.ગુ. ૧૯૮૦ | એ.ગુ. ૧૯૭૦ | એ.ગુ. ૧૯૮૦ | ૧૯૭૦ | ૧૯૮૦ | ૧૯૭૦ | ૧૯૮૦ |
| ૦ -૨.૫ | ૧૬ | ૧૭ | ૨૭.૩૨ | ૨૯.૧૮ | ૧.૨૯ | ૧.૨૯ | ૩૪.૭૮ | ૫૧.૫૨ | ૨૧.૩૦ | ૧૯.૪૧ |
| ૨.૫-૫.૦ | ૧૩ | ૭ | ૪૩.૦૦ | ૨૭.૦૪ | ૩.૧૨ | ૩.૩૫ | ૨૮.૨૬ | ૨૧.૨૧ | ૩૨.૯૫ | ૫૪.૬૪ |
| ૫.૦-૭.૫ | ૭ | ૫ | ૪૩.૧૦ | ૪૨.૨૦ | ૬.૧૭ | ૮.૨૦ | ૧૫.૨૨ | ૧૫.૧૫ | ૩૩.૧૪ | ૨૫.૯૫ |
| ૭.૫-૧૦.૦ | ૨ | - | ૧૬.૧૮ | - | ૮.૦૯ | - | ૪.૩૫ | - | ૧૨.૬૧ | - |
| જમીન વિહોણા | ૮ | ૪ | - | - | - | - | ૧૭.૩૯ | ૧૨.૧૨ | - | - |
| કુલ... | ૪૬ | ૩૩ | ૧૩૦.૨૦ | ૯૯.૦૨ | ૨.૩૩ | ૨.૨૫ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

૪. ૧૯૭૦ માં જેમની પાસે જમીન હતી પણ ૧૯૮૦ સુધીમાં જમીનના કદમાં થયેલ ઘટાડો... ૬

૫. ૧૯૭૦ માં જમીન હોય પણ ૧૯૮૦ માં બિલકુલ જમીન જતી રહી હોય તેવા કુટુંબો... ૧

૬. ૧૯૭૦ માં જમીન ના હોય પણ ૧૯૮૦ માં જમીન પ્રાપ્ત કરી હોય તેવા કુટુંબો... ૪

૭. ૧૯૭૦ માં જમીનવિહોણા હોય અને ૧૯૮૦ માં પણ જમીનવિહોણા રહયા હોય તેવા કુટુંબો... ૩

ઉપરની હકીકતો જોતાં લાગે છે કે જમીન માલિકીમાં ફેરફારો થતા રહયાં છે. જયારે ગેરકાનૂની ફેરફારોતો ઘણા વધા થયેલા છે. કેટલાક તો માત્ર નામના જ જમીન માલિકો હોય છે. કેટલાક જમીનવાળા જમીન વગરના પણ બની જાય છે, અને વધારે જમીન ધરાવતા કુટુંબોમાં જમીન ઓછી થતી જણાય છે.

<u>આવક :</u>

મલાવ ગામમાં આર્થિક સાધનો જે હતાં તેનાં તે જ રહયાં છે. ચોમાસા પૂરતી ખેતી કરી મજૂરી માટે જાય છે, જેમાં ખેત-મજૂરી, બાંધકામ મજૂરી, જંગલમજૂરી, ઘાસ કાપવાની આવકો છે. મજૂરી માટે ગામ છોડીને બહાર જવું પડે છે. છેલ્લા દસ વર્ષોમાં ઔદ્યોગિક વિસ્તારનો વિકાસ થવા છતાં આ ગામમાંથી મજૂરી માટે થોડાક યુવકો જાય છે.



જમીનના કદ પ્રમાણે અને સાધનવાર કુટુંબદીઠ વાર્ષિક આવક ( રૂપિયામાં )

( ૧૯૮૦ )

| જમીનનું કદ એકર - ગુ. | કુટુંબ સંખ્યા | કુટુંબના સભ્યોની સંખ્યા | ખેતીની આવક | પશુપાલન ની આવક | મજૂરી ની આવક | જંગલ પેદાશ ની આવક | અન્ય આવક | કુટુંબદીઠ કુલ આવક | માથાદીઠ કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧૭ | ૧૧૦ | ૫૬૫.૭૦ | ૯૪.૭૦ | ૨૨૮.૨૦ | ૨૫૦.૦૦ | ૮૨૯.૫૦ | ૧૯૬૮.૧૦ | ૩૦૪.૨૦ |
| ૨.૫થી ૫.૦ | ૭ | ૪૪ | ૧૨૨૪.૩૦ | ૭૮.૬૦ | ૮૭.૧૦ | ૧૩૨.૮૦ | ૯૭૧.૪૦ | ૨૪૯૪.૩૦ | ૩૯૬.૮૦ |
| ૫.૦થી ૭.૫ | ૫ | ૪૦ | ૧૦૧૪.૦૦ | ૬૪.૦૦ | ૧૧૦.૦૦ | ૨૩૬.૦૦ | ૧૭૫.૦૦ | ૨૨૯૯.૦૦ | ૨૮૭.૪૦ |
| જમીન વિહોણા | ૪ | ૧૬ | - | - | ૯૫.૦૦ | ૪૩૦.૦૦ | ૪૩૭.૫૦ | ૯૬૨.૫૦ | ૨૪૦.૬૦ |
| કુલ... | ૩૩ | ૨૧૦ | ૮૧૦.૩૦ | ૭૫.૨૦ | ૧૬૪.૨૦ | ૨૪૪.૮૦ | ૭૧૨.૯૦ | ૨૦૦૭.૪૦ | ૩૧૫.૪૦ |

૧૯૮૦ માં માથાદીઠ વાર્ષિક આવક ૩૧૫.૪ રૂપિયા હતી. જે માસિક માથાદીઠ આવક ૨૬.૧૫ રૂપિયા થાય છે. આટલી ઓછી આવક ધરાવતાં કુટુંબો આટલી મોંઘવારીમાં કોઇપણ સંજોગોમાં પોતાના કુટુંબનું પુરૂ કરી શકે નહીં. ઘણાં જ કુટુંબો ગરીબીની રેખા નીચે જીવે છે. અનેક પ્રકારના ધંધાઓ દ્વારા જીવનનિર્વાહના પ્રયત્નો કરવા છતાં વધુ આવકો પ્રાપ્ત કરી શકતા નથી કે બાર માસનો સુખે રોટલો ખાવા મળતો નથી. વર્ષમાં કેટલાંક કુટુંબોએ તો કેટલાક ટંક અને દિવસ ભૂખ્યા જ રહેવું પડે છે. જ્યારે ખેતમજૂરોની માથાદીઠ માસિક આવક ૨૦ રૂપિયા થાય છે. આટલી ટૂંકી આવક દ્વારા જીવનનિર્વાહ મુશ્કેલ બને છે. ખેતીની જમીન ધારણ કરતાં કુટુંબો પણ ગરીબીની રેખા નીચે જ જીવન વિતાવે છે. તેઓ ખેતી ઉપરાંત અન્ય ધંધાઓ કરે છે છતાં ગરીબીની રેખાની ઉપર જઇ શકતાં નથી પણ વધુ નીચે જતાં જાય છે.



સાધનવાર ૧૯૭૦ અને ૧૯૮૦ ના વર્ષોમાં કુટુંબદીઠ વાર્ષિક આવક ( રૂપિયામાં )

| | કુલ કુટુંબો | કુલ સભ્ય સંખ્યા | ખેતીની કુલ આવક | પશુપાલનની કુલ આવક | મજૂરીની કુલ આવક | જંગલની કુલ આવક | કુલ અન્ય આવક | કુલ વાર્ષિક વાર્ષિક આવક | કુલ માથાદીઠ વાર્ષિક આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૭૦ | ૪૬ | ૩૨૦ | ૯૮૨.૯૧ | ૮.૫૭ | ૫૩૦.૬૩ | ૪૬.૪૬ | ૯૯.૬૫ | ૧૦૬૮.૨૨ | ૧૫૩.૫૬ |
| ૧૯૮૦ | ૩૩ | ૨૧૦ | ૮૧૦.૩૦ | ૭૫.૨૦ | ૧૬૪.૨૦ | ૨૪૪.૮૦ | ૭૧૨.૯૦ | ૨૦૦૭.૪૦ | ૩૧૫.૪૦ |

છેલ્લા દસ વર્ષમાં બધાં સાધનો દ્વારા થતી આવકોમાં વધારો જોવા મળયો હતો. પણ આજની ભાવસપાટીએ જોતાં આટલી વધેલી આવકો પણ તેમજ ગરીબીમાં ધકેલાતી જાય છે. ખેતીની આવકોમાં બીજી આવકોના પ્રમાણમાં ઓછામાં ઓછો વધારો જોવા મળયો છે. તેમાંય અનેકવિધ વિકાસના પ્રયત્નો પછી પણ ખેતીની આવક બહુ ઓછી વધેલી જોવા મળી હતી. જ્યારે મજૂરીની આવક વધવી જોઇએ તેના બદલે ઘટતી જોવા મળી છે. કુટુંબદીઠ ૧૯૭૦ માં મજૂરીની આવકો કુલ આવકોમાં ખેતી પછી બીજા નંબરે આવતી હતી તે ૧૯૮૦ માં ઘટી ગઇ હતી.

આવકને ખર્ચ સાથે જોતાં સમગ્ર આર્થિક ચિત્ર જોવા મળે છે. કારણ કે ગરીબ સમાજોમાં આવક પ્રમાણે જ ખર્ચ થાય છે. આવકોની મર્યાદાઓ સમજીને ખર્ચ કરતા હોય છે. તેનાં મૂળમાં ગરીબી છે, કારણ કે મોટાભાગના કુટુંબોને ઉધાર ધીરનાર પણ હોતા નથી. ઉધાર માટે ઘર, જમીન, ઘરેણાં, પશુ કે ખજૂરીનાં ઝાડ ગીરો મૂકવાં પડે અથવા વેચવા પડે, કારણ કે આધાર સિવાય ઉધાર પણ મળતુ નથી કે પૈસા કોઇ ધીરતું નથી. છેલ્લા દસ વર્ષમાં ધીર-ધારના કાનૂનો અને વ્યાપારીઓનાં દેવાં નાબૂદીની સરકારી નીતિથી વ્યાપારીઓ "આધાર" સિવાય ધીરધાર કરતા નથી. જેથી જેમની પાસે ગીરો મૂકવા જેવું હોય તે લગભગ મૂકાઇ ગયેલુ હોય છે. એક તો જીવન નિર્વાહની મુશ્કેલી, તેમાંય આવા કપરા વર્ષો અને મોંઘવારીમાં સામાજિક-ધાર્મિક ખર્ચ કાઢવા ખૂબજ મુશ્કેલ હોય છે, એટલે મોટેભાગે પોતાની આવકોની મર્યાદામાં ખર્ચ કરે છે. એટલા માટે કેટલાય કુટુંબોને કેટલાય ટંક ખાધા સિવાય ચલાવવું પડે છે. જંગલમાંથી ઝાડનાં પાન કે કંદમૂળ લાવી ખાઇને પણ કેટલાક ટંક ચલાવી લે છે. જો કે જે મજૂરી કરવાવાળા



કુટુંબોને વિશ્વાસ પડે તો ઘાસ કાપવાની મજૂરી પેટે પહેલાં પૈસા આપવામાં આવશે. પણ તેમાં કોન્ટ્રાકટરો શોષણ કરતા હોય છે. જેનો ખ્યાલ ખર્ચ જોતાં સ્પષ્ટ થશે.

જમીનના કદ પ્રમાણેના કુટુંબોનુ વાર્ષિક ખર્ચ આગળના પ્રકરણમાં જોયુ અહીં ૧૯૮૦ માં તપાસ સમયે કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ આ પ્રમાણે જોવા મળયુ હતુ.

જમીનના કદ પ્રમાણે વાર્ષિક ખર્ચ ( રૂપિયામાં ) (૧૯૮૦)

ચાલુ...

| જમીનનુંકદ | બીડી તમાકુ | બળતણ | શિક્ષણ | કપડાં | જોડાં | સામાજિક ધાર્મિક | મુસાફરી | અન્ય | કુલ વાર્ષિક ખર્ચ | માથાદીઠ વાર્ષિક ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૪૦ | ૩૮ | – | ૪૫૨ | ૩૨ | ૬૧ | ૪૪ | ૪૯ | ૧૮૧૨ | ૧૫૧ |
| ૨.૫ થી ૫.૦ | ૪૧ | ૩૬ | ૧૪ | ૪૦૦ | ૪૧ | ૪૮ | ૨૩ | ૬૩ | ૧૮૦૦ | ૧૫૦ |
| ૫.૦ થી ૭.૫ | ૩૬ | ૩૭ | – | ૬૦૦ | ૩૦ | ૬૪ | ૨૮ | ૪૩ | ૨૦૨૬ | ૧૬૮ |
| જમીનવિહોણા | ૨૨ | ૩૧ | – | ૨૧૨ | ૭ | ૨૫ | ૫ | ૨૦ | ૯૫૬ | ૯૬ |
| કુલ... | ૩૭ | ૩૭ | ૩ | ૪૩૪ | ૩૦ | ૫૪ | ૩૨ | ૪૭ | ૧૭૩૮ | ૧૪૪ |



જમીનના કદ પ્રમાણે વાર્ષિક ખર્ચ (રૂપિયામાં) (૧૯૮૦)

| જમીનનું કદ | કુલ કુટુંબ | ખોરાક | શાકભાજી | માંસ | ખાંડ | ગોળ | તેલ | ચા | મસાલા | દારૂ તાડી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧૭ | ૯૦૮ | ૫૦ | ૪૧ | – | – | ૩૭ | – | ૩૫ | ૨૩ |
| ૨.૫થી ૫.૦ | ૭ | ૯૦૦ | ૪૩ | ૫૫ | ૧૧ | ૨ | ૪૧ | ૧૦ | ૪૫ | ૨૩ |
| ૫.૦થી ૭.૫ | ૫ | ૯૯૦ | ૪૪ | ૪૨ | – | – | ૪૨ | – | ૪૪ | ૨૬ |
| જમીનવિહોણા | ૪ | ૫૪૮ | ૧૧ | ૧૫ | – | – | ૨૨ | – | ૨૦ | ૧૫ |
| કુલ... | ૩૩ | ૮૭૫ | ૪૩ | ૪૧ | ૨ | ૦.૬૧ | ૩૭ | ૨ | ૩૬ | ૨૨ |

ચાલુ...

વારલીઓમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ પાછળ ખર્ચ થાય છે. તેમાં ઓછામાંઓછો ખર્ચ જમીનવિહોણા કુટુંબોનો છે. માથાદીઠ વાર્ષિક ખર્ચ માત્ર ૧૪૪ રૂપિયા જ હતો. તેમાં વધુમાં વધુ ખર્ચ ખોરાક માટે કરવો પડે છે. જેમાં મુખ્યત્વે અનાજ પાછળનું ખર્ચ છે. ત્યારબાદ કપડાનું ખર્ચ આવે છે. જેમાં ઓછામાં ઓછું ખર્ચ ખાંડ, ગોળ અને ચા માટે કરવામાં આવે છે. આ વસ્તુઓનો ઉપયોગ માત્ર ૨.૫ થી ૫.૦૦ એકર જમીનવાળા જ કરે છે. તે સિવાયના કુટુંબો નહીં. આજ કુટુંબોમાં શિક્ષણ પાછળ માત્ર ૧૪ રૂપિયાનું ખર્ચ છે. જે કુલ કુટુંબોમાં તો માત્ર ત્રણ રૂપિયાનું ખર્ચ છે. શિક્ષણ પાછળ માત્ર સાત કુટુંબો ખર્ચ કરતાં જોવા મળયાં હતાં. આ સિવાય મસાલા, દારૂ, બીડી, બળતણ મુસાફરી અને જોડાં વગેરે પાછળ ૩૦ થી ૩૭ રૂપિયા સુધીનું ખર્ચ દેખાય છે.



## ૧૯૭૦ અને ૧૯૮૦ માં કરવામાં આવેલ કુટુંબદીઠ

## કુલ ખર્ચ (રૂપિયામાં)

| અ.નં. | ખર્ચ | ૧૯૭૦ | ૧૯૮૦ |
|---|---|---|---|
| ૧. | ખોરાક (અનાજ) | ૬૩૯ | ૮૭૫ |
| ૨. | શાકભાજી | ૧૯ | ૪૩ |
| ૩. | માંસ, માછલી, ઈંડાં | ૨૯ | ૪૧ |
| ૪. | ખાંડ | ૦.૧૫ | ૨ |
| ૫. | ગોળ | ૧ | ૦.૬૧ |
| ૬. | તેલ | ૧૭ | ૩૭ |
| ૭. | ચા | ૦.૨૬ | ૨ |
| ૮. | મસાલા | ૨૫ | ૩૬ |
| ૯. | દારૂ, તાડી | ખર્ચ બતાવવામાં આવ્યો નથી | ૨૨ |
| ૧૦. | બીડી, તમાકુ | ૪૭ | ૩૭ |
| ૧૧. | બળતણ, દિવાસળી | ૨ | ૩૭ |
| ૧૨. | શિક્ષણ | ૪ | ૩ |
| ૧૩. | કપડાં ) | ૧૧૦ (૧૩ અને ૧૪) | ૪૩૪ |
| ૧૪. | જોડાં ) | | ૩૦ |
| ૧૫. | સામાજિક-ધાર્મિક | ૬૨ | ૫૪ |
| ૧૬. | મુસાફરી | – | ૩૨ |
| ૧૭. | અન્ય ખર્ચ | ૩૧ | ૪૭ |
| ૧૮. | કુલ વાર્ષિક ખર્ચ | ૯૯૦ | ૧૭૩૯ |
| ૧૯. | કુલ માથાદીઠ ખર્ચ | ૮૨ | ૧૪૪ |
| ૨૦. | કુલ કુટુંબોની સંખ્યા | ૪૬ | ૩૩ |

તપાસના બન્ને વર્ષોમાં ખર્ચની વિગતો જોતાં લગભગ દરેકમાં ખર્ચ વધ્યો છે. જો કે મોંઘવારીના પ્રમાણમાં ખર્ચ વધે તે સ્વભાવિક છે. ૧૯૭૦ માં તાડી પોતાની ખજુરી પરથી જ પીતા હોવાથી ખર્ચ જુદુ બતાવેલ નહોતુ પણ ૧૯૮૦ માં તે ખર્ચ બતાવવામાં આવેલ છે. આ સિવાય ૧૯૭૦ કરતાં ખૂબ વધી ગયો હોય તેવા ખર્ચમાં બળતણ, શાકભાજી, તેલ, કપડાં, જોડાં અને ખાંડમાં જોવા મળયો હતો. આ સિવાય વધતો લગભગ ખર્ચાઓમાં થયો છે. માત્ર બીડી તમાકુનો ખર્ચ વધવાને બદલે ઓછો માલુમ પડયો હતો, માથાદીઠ વાર્ષિક ખર્ચનુ પ્રમાણ લગભગ બમણા જેટલુ થયેલુ જોવા મળયુ હતુ. એટલે કે આવકો વધવા છતાં ખર્ચનુ પ્રમાણ પણ સામે એટલુ જ વધ્યુ છે.

## દેવુ :

આવકોના પ્રમાણમાં ખર્ચ ઓછુ હોવા છતાં કેટલાક કુટુંબોએ દેવુ કરવુ પડે છે. જો કે જમીનવિહોણા કુટુંબોમાં ૧૯૭૦ અને ૧૯૮૦ બંને તપાસ વર્ષમાં દેવુ કરનાર એક પણ કુટુંબ ન હતુ. પણ ખેતી કરવાવાળાં કુટુંબોમાં દેવુ જોવા મળતુ હતુ. કારણ કે ખેતીની મોસમ સિવાય તેમની પાસે કંઇજ હોતુ નથી. જેથી ખેતી કરવાવાળાઓને શાહુકારો મોસમમાંથી માલ કે પૈસા મળી રહેશે તે આશાએ થોડુ-ઘણુ ધીરાણ કરે છે કે ઉધારે માલ આપે છે. જો કે વધુ પ્રમાણમાં દેવુ કરવુ હોય તો સામે આધાર તરીકે જમીન કે ઘરેણાં મૂકવા પડે છે, જ્યારે મજૂરોની કોઇ સ્થાયી મિલકત નહીં હોવાથી તેઓને ધીરાણ કરતા નથી. ખેતીની જમીન ધરાવનાર જમીન તારણમાં મૂકીને તગાવી કે લોન સરકાર પાસેથી મેળવતા હોય છે, કે સહકારી મંડળીઓમાંથી ધીરાણ મેળવે છે. જ્યારે



જમીનવિહોણા માટે તો સરકાર, સહકારી મંડળીઓ કે શાહુકારો પણ ધીરાણ કરતા નથી. માત્ર મજૂરી ઉપર ઘાસના કોન્ટ્રાકટરો થોડુંક ધીરે છે. જે મજૂરી કરીને વાળવાના હોય છે, તેમાં પુરેપુરૂ શોષણ થાય છે. તે પણ બધા મજૂરોને નહીં પણ જે મજૂરો મજૂરી કરવા તેઓને ત્યાં આવે તેને જ. ૧૯૭૦ માં ૫૨ ટકા કુટુંબો દેવાદાર હતાં, જ્યારે ૧૯૮૦ માં માત્ર ૯ ટકા કુટુંબોમાં જ દેવુ હતુ. એટલે કે દેવાદાર કુટુંબો ઘણાં ઓછાં જોવા મળયાં હતાં તેનો અર્થ એવો નથી કે આર્થિક સ્થિતિ ખૂબ સુધરી ગઇ છે એટલે દેવાદાર કુટુંબો ઘટયાં છે. પણ નાણાં ધીરનાર સરકારી કાનૂનોને કારણે આધાર હોય તો જ નાણાં ધીરે છે તે સિવાય ધીરાણ કરતા નથી. અને સહકારી મંડળીઓ કામ કરતી નહીં હોવાથી તેમજ મુદ્દત વીતી વર્ષોથી બાકી રકમો હોવાથી ધીરાણ મળતુ નથી. જેથી દેવુ ઓછુ જોવા મળે છે.

### દેવાદાર કુટુંબો

| હેતુ | દેવાદાર કુટુંબો ૧૯૭૦ સંખ્યા | ૧૯૭૦ ટકા | ૧૯૮૦ સંખ્યા | ૧૯૮૦ ટકા | કુલ દેવુ (રૂપિયામાં) ૧૯૭૦ રૂ. | ૧૯૭૦ ટકા | ૧૯૮૦ રૂ. | ૧૯૮૦ ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| ઘરખર્ચ | ૧૬ | ૬૬.૭ | - | - | ૧૧૩૦ | ૪૩.૧ | - | - |
| સામાજિક | ૨ | ૮.૩ | - | - | ૭૫૦ | ૨૮.૬ | - | - |
| ખેતી ખર્ચ અને ગાય, ભેંસ, બળદ ખરીદવા | ૬ | ૨૫.૦ | ૩ | ૧૦૦.૦ | ૭૪૨ | ૨૮.૩ | ૨૪૦૦ | ૧૦૦.૦ |
| કુલ... | ૨૪ | ૧૦૦.૦ | ૩ | ૧૦૦.૦ | ૨૬૨૨ | ૧૦૦.૦ | ૨૪૦૦ | ૧૦૦.૦ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ૧૯૭૦માં ખેતી સિવાય અન્ય હેતુઓ માટે દેવું કરવામાં આવ્યું હતું. જેમાં ઘરખર્ચ મુખ્ય હતું, તે ઉપરાંત સામાજિક ખર્ચ પાછળ દેવું કરવું પડ્યું હતું, જ્યારે ખેતી ખર્ચ માટે ૨૫ ટકા દેવું હતું. ૧૯૮૦ માં ખેતી ખર્ચમાં ૧૦૦૦ રૂપિયા અને ૨૪૦૦ રૂપિયા દૂધાળાં ઢોર ખરીદવા દેવું કરવું પડ્યું હતું. જેમાં સરકાર અને સહકારી મંડળીનું જ દેવું હતું. જ્યારે ૧૯૭૦ માં મુખ્યત્વે શાહુકારનું દેવું હતું. તે ઉપરાંત સરકાર, સહકારી મંડળી અને સગાંસંબંધીઓ પાસેથી દેવું કરવામાં આવ્યું. એટલે કે દેવાનો હેતુ ૧૯૮૦ માં બદલાયેલો જોવા મળ્યો છે.

મિલકત :

૧૯૭૦ ના તપાસ વર્ષની મિલકતો આગળના પ્રકરણમાં વિગતે દર્શાવેલ છે. અહીં ૧૯૮૦ માં જે મિલકતો જોવા મળી હતી તે નીચેના કોઠામાં બતાવ્યા પ્રમાણે હતી :



જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ મિલકત (રૂપિયામાં) (૧૯૮૦)

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જમીન | મકાન | ઝાડ | પશુઓ | ખેતીનાં સાધનો | કૂવા | ઘરવખરીનાં સાધનો | ઘરેણાં | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ - ૨.૫ | ૧૭ | ૪૩૨૩ | ૫૩૫ | ૨૬૨ | ૮૯૮ | ૨૨૧ | - | ૧૪૦ | ૩૯ | ૬૪૧૮ |
| ૨.૫ - ૫.૦ | ૭ | ૯૫૦૦ | ૧૪૮૫ | ૪૭૨ | ૭૭૭ | ૧૬૧૧ | - | ૩૭૯ | ૧૫૯ | ૧૪૩૮ |
| ૫.૦ - ૭.૫ | ૫ | ૧૬૩૦૦ | ૨૫૦૦ | ૨૨૧૦ | ૧૧ | ૩૭૦ | ૩૦૦ | ૩૬૦ | ૧૫૯ | ૨૩૩૦૦ |
| જમીન વિહોણા | ૪ | - | ૪૨૫ | - | - | - | - | ૮૮ | ૨૭ | ૫૪૧ |
| કુલ... | ૩૩ | ૬૭૧૨ | ૧૦૨૧ | ૫૭૦ | ૭૯૪ | ૫૧૧ | ૪૫ | ૨૧૦ | ૮૧ | ૯૯૫૩ |

મિલકતમાં વર્તમાન કિંમતો પ્રમાણે ગણતાં ૧૯૭૦ કરતાં તેનું પ્રમાણ વધારે દેખાય છે. વધુમાં વધુ મિલકતના રૂપમાં જમીનો છે. જે કુટુંબદીઠ ૬૭૧૨ રૂપિયાની હતી. ૧૯૭૦ માં ૧૯૦૭ રૂપિયાની હતી. આટલો મોટો ફર્ક લાગવાનું કારણ જમીનોનો વધારો નહીં પણ જમીનોની કિંમતો વધવા માંડી છે તેનો છે. ત્યારબાદ પોતાની માલિકીનાં ઝાડોની કિંમત મિલકતના રૂપમાં આવે છે. તે જ રીતે ઘેરની કિંમતો ગણતાં સ્થાવર મિલકત તરીકે અન્ય મિલકતોમાં અગત્યની મિલકત છે, કારણ કે પહેલાં જંગલોમાં સરળતાથી લાકડું મળતું હતું આજે લાકડું લાવવું મુશ્કેલ છે. તેથી લાકડું, નળિયાં, મજૂરી વગેરે મોંઘાં થતાં નવું ઘર બાંધવું વારલીઓ માટે ઘણું મુશ્કેલ છે. આ સિવાય મિલકતના રૂપમાં ઘરેણાં, કૂવા, ખેતીનાં સાધનો અને પશુઓ અને ઘરવખરીના સાધનો હતાં.

# પ્રકરણ - ૭

## સૂચનો

૧૯૭૦ થી ૧૯૮૦ ના દસ વર્ષના ગાળામાં મલાવ ગામમાં પરિસ્થિતિજન્ય/૧૪૫ પરિવર્તનો થયેલાં દેખાય છે. જેમાં ઔદ્યોગિક વિસ્તારના વિકાસ સાથે અન્ય પ્રકારની મજૂરીની આવકો ઘટી છે. થોડી અન્ય આવકો વધી છે. જેમાં ઔદ્યોગિક મજૂરીની થોડીક આવક ઉમેરાય છે. આ સિવાય જંગલના કડક કાનુનોના અમલથી અને જંગલ ઓછાં થતાં જંગલની પેદાશો અને જંગલ મજૂરીની આવકો ઘટી છે. પરિસ્થિતિ બદલાતાં પરિવર્તનોની ગતિશીલતા વિકાસના પંથે ગયેલી બહુ ઓછા પ્રમાણમાં જોવા મળી છે. પરિવર્તનોની ગતિ અત્યંત ધીરી છે. વિકાસ યોજનાઓના સર્વાંગી વિકાસના પ્રયત્નો તેમજ આદિવાસી વિસ્તાર પેટાયોજનાના સઘન પ્રયત્નો બાદ પણ વિકાસશીલ પરિવર્તનો ઊડીને આંખે વળગે તેવા ગામમાં ક્યાંય દેખાતાં નથી. ઉપરથી સતત મોંઘવારીને કારણે ગરીબીની સંસ્કૃતિ ઉપર ઉઠવાને બદલે નીચે તરફ ગતિ કરતી હોય તેવું જોવા મળે છે. ગરીબી વધતી દેખાય છે. શોષણના ભોગ બનતા જાય છે. નવી નવી સમસ્યાઓ ઉભી થતી જાય છે તો તેને ઉકેલવા આર્થિક સ્થિરતા લાવવી જરૂરી બને છે. જ્યાં સુધી આર્થિક રીતે સ્થિરતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવનનિર્વાહ માટે ગમે ત્યાં ભટકવાનું છે તો આ માટે પોતાના ગામમાં કે પોતાના જ વિસ્તારમાં મજૂરી પ્રાપ્ત થાય અને આર્થિક રક્ષણ મળે તો જ સ્વમાન અને ગૌરવભેર જીવી શકે, આ માટે આ અભ્યાસને આધારે કેટલાંક સૂચનો અહીં કરી શકાય.

(૧) જમીનોની ધારણ શકિત કુટુંબદીઠ બહુ ઓછી છે અને તેમાં પણ ફેરફારો થતા રહે છે, અને ગેરકાનુની જમીનોની ફેરબદલી થયા કરે છે તો તેને રોકવી જોઇએ, અને બિન-આદિવાસીઓ ગામમાં નહીં હોવા છતાં તેમના નામે જે જમીનો છે તે જમીનો ગણોતે ખેડતા હોય તેવા કુટુંબોને આપી શકાય.

(૨) જમીનોને સરખી કરી સિંચાઇની વ્યવસ્થા ચેકડેમ દ્વારા ઉભી કરી શકાય તેવી શકયતાઓ છે: જેથી કૂવાના પાણી સંગ્રહી શકાય અને પાણીનુ તળ ઉંચુ લાવી શકાય જેનો ઉપયોગ ખેતી માટે કરી શકાય.

(૩) ખેતી માટે માત્ર કુદરતી આધાર છે તો સિંચાઇનાં સાધનો ઉભાં કરી, સુધારેલ બિયારણ, ખાતરો અને ઓજારોનો પ્રચાર અને પ્રસાર કરી તેનો લાભ લેતા કરવા જોઇએ.

(૪) બાગાયતી ખેતી તરફ વાળવા જોઇએ. કારણ કે આ જમીન ફળઝાડોને માફક આવશે તો ચીકુ, આંબા, નાળિયેરી વગેરે ફળાઉ ઝાડો તેમના દ્વારા વવડાવી તે તરફ વાળવા જોઇએ. આ ઉપરાંત મુંબઇ અને વલસાડનુ બજાર તેમના માટે હોવાથી શાકભાજી પણ જો વ્યવસ્થિત કરવામાં આવે તો ઘણી સારી આવકો પ્રાપ્ત કરી શકે.

(૫) અન્ય પુરક આવકો માટે પશુપાલન તરફ વાળવા જોઇએ. વારલીઓ પશુઓ રાખે છે. તો તે પશુઓની સ્થાનિક જાતો સાથે શંકર પદ્ધતિથી ઓલાદ સુધારી દૂધની આવકો લેતા થાય તેવુ કરવુ જોઇએ. તેમાં પણ ગામમાં દૂધ ઉત્પાદક



સહકારી મંડળી કરી ગામમાં જ દૂધ લેવાની વ્યવસ્થા થાય અને તે દૂધ બજાર સુધી મંડળી દ્વારા પહોંચાડવાની વ્યવસ્થા કરી શકાય તો પશુપાલન દ્વારા સારી આવકો પ્રાપ્ત કરી શકવાની શકયતાઓ દેખાય છે.

(૬) ખજુરીનાં ઝાડોનુ પ્રમાણ ઘણું વધારે છે. જેનો ઉપયોગ તાડી માટે ખાસ કરવામાં આવે છે, અને તેના પાનમાંથી સાદડીઓ બનાવી વેચે છે. તો આ ઝાડોમાંથી નીરા કેન્દ્ર ઉભુ કરી નીરો એકત્ર કરવામાં આવે તો તાડી પીવાનુ પ્રમાણ ઘટશે અને નીરોના પૈસા તેમને મળશે. આ ઉપરાંત ખજુરીનાં પાનમાંથી સાદડી બનાવી હાટમાં વેચે છે. અહીંનાં વ્યાપારીઓ ૨૫ થી ૫૦ પૈસાની કિંમતમાં આ સાદડીઓ લઇ લે છે: તો સહકારી મંડળી દ્વારા આ માલ ખરીદવામાં આવે તો તેના વ્યાજબી ભાવ મળે.

(૭) ઘાસ કાપવાની મજૂરીમાં મોટા ભાગનાં કુટુંબો જાય છે. જેમાં ખાનગી કોન્ટ્રાકટરો વચ્ચે દલાલી રૂપે શોષણ કરે છે તો મજૂરોની સહકારી મંડળી દ્વારા વહીવટ થાય તો યોગ્ય મજૂરી તેમને મળે કે સરકાર દ્વારા ઘાસ કાપવા માટેની વ્યવસ્થા થાય તો તેના યોગ્ય દરો તેમને મળે.

(૮) અનેક પ્રકારના ઔદ્યોગિક કારખાનાને કારણે જે મજૂરો જાય છે તેમને કાયમી લાભો આપવામાં આવતા નથી. તેમજ મજૂરી ખૂબ ઓછી ચૂકવાય છે તો તેમને કાયમીના લાભો મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

(૯) મરઘાં અને બકરાં આપવામાં આવે તો તેના દ્વારા પણ પૂરક આવકો પ્રાપ્ત કરી શકાય. તેમાં ઈંડાનું ઉત્પાદન થાય તે સહકારી મંડળી દ્વારા કે હાટમાં સરકાર તરફથી દુકાન શરૂ કરવામાં આવે તો તેઓને વ્યાજબી ભાવ મળે.

(૧૦)યુવાન છોકરાઓને દરજીકામ, સુથારીકામ, લાઇટફીટીંગ, મોટર મીકેનીક વગેરે ધંધાઓની તાલીમ આપી સાધનો પુરાં પાડવામાં આવે તો તાલીમ લીધેલ વ્યકિતઓ સ્થિર થઇ શકે.

(૧૧)દસ વર્ષના ગાળામાં શિક્ષણ વધી શકયુ નથી તો શિક્ષણ લેતા થાય તેની વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવવી આવશ્યક બની જાય છે. નિયમિત હાજરી રહે તેવા સઘન પ્રયત્નો કરવા જોઇએ, અને નિશાળ તરફ બાળકો આકર્ષાય તે માટેના સતત પ્રયત્નો જરૂરી બને છે. બાલવાડી પણ શરૂ કરવી જોઇએ.

---

XXXXXXXXXX